ॐ

શ્રી શ્રીસદ્ગુરુ

: મૂળ લેખક :

સ્વામી શ્રી વેદાનંદજી

ભારત સેવાશ્રમ સંઘ

★

★

કિંમત ૦-૧૦-૦

—: ગુજરાત હિંદુ મિલન મંદિરના પ્રકાશનો :—

૧	યુગધર્મ	૧-૮-૦
૨	હિંદુ ઘરસંસાર	૧-૦-૦
૩	હિંદુત્વને હાકલ	૦-૧૨-૦
૪	સ્ત્રી ધર્મસાર	૦-૧૨-૦
૫	સંઘગીતા (ભાગ ૧)	૦-૧૦-૦
૬	સંઘગીતા (ભાગ ૨)	૦-૧૦-૦
૭	શ્રી સદ્‌ગુરુ	૦-૧૦ ૦
૮	ગૃહસ્થ ધર્મ	૦-૮-૦
૯	વિદ્યાર્થીનો આદર્શ	૦-૮-૦
૧૦	યુગાચાર્યશ્રીની જીવનપ્રસાદી	૦-૬-૦
૧૧	મનોજય	૦-૫-૦
૧૨	આત્મજ્ઞાન	૦-૪-૦
૧૩	જન્માષ્ટમીનો સંદેશ	૦-૪-૦
૧૪	હિંદુ જાતીયતા	૦-૪-૦
૧૫	બ્રહ્મચર્ય	૦-૩-૦
૧૬	હિંદુ સંગઠન મંત્ર	૦-૩-૦
૧૭	હિંદુ ધર્મમાં શક્તિની સાધના (ચાર્ટ)	૦-૪-૦
૧૮	હિંદુ ધર્મમાં શક્તિની સાધના (પુસ્તિકા)	૦-૨-૦
૧૯	પૂજા ઉપાસના પદ્ધતિ	૦-૨-૦

શ્રી સદ્‌ગુરુ

: મૂળ લેખક :

સ્વામી શ્રી વેદાનંદજી

ભારત સેવાશ્રમ સંઘ

: અનુવાદક :

શ્રી નાજુકલાલ નંદલાલ ચોકસી

: કિંમત :

૦-૧૦-૦

—પ્રકાશક—

સ્વામી શ્રી આત્મસ્વરૂપાનંદ,

ગુજરાત હિંદુ મિલન મંદિર,

ભારત સેવાશ્રમ સંઘ,

એની બેસન્ટ રોડ,

ગોપીપુરા,

સુરત.

[આવૃત્તિ બીજી]

: મુદ્રક :

નટરલાલ મૂ. વીમાવાળા

'ગાંડીવ' મુદ્રણાલય,

હવાડિયો ચકલો,

સૂરત.



યુગાચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજ

સ્થાપક : ભારત સેવાશ્રમ સંઘ

ॐ

આશીર્વાદ

જેની અલૌકિક મહાતપ-શક્તિનો અભય આશ્રય ગ્રહણ કરીને જેની પાસેથી મહાશક્તિની સાધનાની દીક્ષા લઈ લક્ષાવધિ આર્ત્ત નરનારીઓએ શાન્તિ સાંત્વના તથા મહામુક્તિ મેળવી છે અને મેળવે છે, તે લીલામય નરદેહધારી કરૂણાવતાર જગદ્દગુરુ **યુગાચાર્ય શ્રીમત્ સ્વામી પ્રણવાનંદજીના**

અક્ષય આશીર્વાદ સ્વરૂપ

— આ ગ્રંથ —

આર્ત્ત, તૃષાતુર, ભક્ત અને પ્રેમી નરનારીઓનાં

હૃદયમાં

ગુરૂશિષ્ય વચ્ચેનો પરમ પ્રેમસંબંધ

જાગૃત કરો !

ॐ तत्सत् ॐ

ॐ

ક્ષમા–પ્રાર્થના

હે સદ્‌ગુરો ! હે જગદ્‌ગુરો ! આપનાં રૂપ તેમ જ આપની લીલાઓ અનંત હોઈ કોનાથી તેનો પાર પામી શકાય તેમ છે ? આપના એ અપાર, અમાપ અને અહૈતુક મહાપ્રેમસાગરના એક છાંટાને પણ ઝીલવાનું–ગ્રહણ કરવાનું માનવી માટે મુશ્કેલ છે. આપનાં એ 'અવાંગમનસોગોચર' લીલા તથા પ્રેમનો આભાસ માત્ર વર્ણવવાનો મારો આ પ્રયત્ન એ અપરાધ રૂપ છે પરંતુ આપ તો પરમ કૃપાળુ છોઃ મારો એ અપરાધ ક્ષમા કરજો !

પિતા જેમ બાળક–પુત્રનો અપરાધ ક્ષમા કરે, સખા જેમ સખાનો દોષ જોવા છતાં પણ ન જોયો કરી દે, પ્રેમિક જેમ પોતાની પ્રિયતમાની ઊણપો તરફ આંખ આડા કાન કરે, તેમ—બરાબર તેમ જ સસીમ, દેહમન–ઇન્દ્રિયાદિનાં બંધનોવાળો એવો જે હું તેના હસ્તે થતો આપની અસીમ અને અરૂપ સત્તાનું અલ્પસ્વલ્પ વર્ણન કરવાનો આ પ્રયાસ પણ ક્ષમાને જ પાત્ર ગણાવો જોઈએ ! વિશેષ શું કહું ? માત્ર એ જ કે—

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बन्धुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देव देव ॥
तस्मात् प्रणम्य प्रणिधाय कायम्
प्रसादये त्वामहमीशमीढयम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥

हरि ॐ

ॐ

નિવેદન

ધર્મ-પિપાસુ, શાંતિના ઉપાસક, મુક્તિની ઉત્કંઠાવાળાં નરનારીઓ એ અવાંગમગોચર, વાકચ અને મનથી અગોચર એવા રાજ્યના કોઈ એક માર્ગ-દર્શક વા ભોમિયાની ખોળ હમેશાં કરતાં રહે છે. એમને એવા કોઈ ભોમિયાની-એવા કોઈ ગુરુની ગરજ હોય છે, કે જે એમનો હાથ સાહીને એમને આ અંધકારાચ્છાદિત કંટકમય માર્ગમાંથી સહીસલામત બહાર લઈ જઈ નિત્ય પ્રકાશમાન જ્યોતિના રાજ્યમાં પહોંચાડી દઈ શકે. **અને તેથી જ તો સર્વ દેશોમાં અને સર્વ ધર્મસંપ્રદાયોમાં, સકળ યુગમાં ગુરુ કરવાની તથા દીક્ષા લેવાની પ્રથા અનાદિકાળથી ચાલી આવી છે.**

કોઈ પણ જાતની લૌકિક વિદ્યા શીખવી હોય તો પણ એકાદા શિક્ષક, અધ્યાપક, ભોમિયા કે ઉસ્તાદની ગરજ રહે છે. તો પછી અજાણ્યા અને અપરિચિત એવા અધ્યાત્મ રાજ્યના માર્ગદર્શન માટે કોઈ ગુરુની આવશ્યકતા રહે એમાં કહેવાનું શું હોય? ભારતવર્ષમાં એટલા જ માટે, કંઈ નહિ તો પોતાના કુલગુરુ પાસેથી પણ દીક્ષા લેવાનો સામાન્ય રવૈયો થઈ પડયો છે. હરકોઈ કુટુંબનાં સ્ત્રીપુરુષોને તેમ કરવું જ પડે છે. 'ગુરુહીણાં કિંવા દીક્ષાહીણાં સ્ત્રી-પુરુષના હાથનું જળ ન પીવાય'-એ તો એક સામાન્ય કહેવત રૂપ થઈ પડયું છે. સદ્‌ભાગ્યે જેમને શક્તિશાળી સિદ્ધગુરુનો ભેટો થઈ જાય, તેઓ તેવાનું શરણ સ્વીકારી દીક્ષા ગ્રહણ કરે પરંતુ જેમના નસીબમાં એવો સુયોગ ન લખાયો હોય, તેઓ આખરે કુળગોર કને પણ દીક્ષાનો મંત્ર લે-એવો શિરસ્તો ભારતીય સમાજમાં ચિરકાળથી ચાલ્યો આવે છે. દીક્ષા યાને ગુરુમંત્ર લેવો એ એક સંસ્કાર મનાય છે.

જે લોકો એક વાર કુલગુરુ હસ્તે દીક્ષા પામ્યા હોય, તેવાંને વધારે શક્તિશાળી અને વધારે ઉપકારક ગુરુનો ભેટો જ્યારે પણ થઈ જાય, ત્યારે તેની કનેથી ફરીથી દીક્ષા લેવાને વાંધો નહિ. શાસ્ત્રમાં આ ગુરુના વિષયમાં એક ઠેકાણે કુલગુરુ પ્રત્યે નિષ્ઠા રાખવાનો ઉપદેશ અપાયો છે, ત્યારે બીજે ઠેકાણે વળી એમ પણ કથાયું છે કે "ભમરો જેમ એક ફુલ પરથી બીજા ફુલ પર ઊડી જઇને અનેક ફુલોમાંથી મધ એકઠું કરે છે તેમ જ્ઞાન મેળવવાની ઉત્કંઠાવાળો શિષ્ય એક ગુરુનો મંત્ર મેળવ્યા પછી પણ બીજો કોઇ વધારે સમર્થ અને ઉપકારક ગુરુ મળી આવે તો તેની પાસેથી પણ પુન: દીક્ષા ગ્રહણ કરી શકે.* શાસ્ત્રને માનનારા તેમ અનુસરનારા શિષ્યને પણ તેમ કરવાને જરાય બાધ નથી.

લૌકિક કિંવા દુન્યવી વિદ્યા શીખતી વખતે જેમ એક જણ પાસેથી શીખીને આગળ વધારે શક્તિશાળી અને વધારે નિષ્ણાત ગુરુની પાસેથી એ જ વિષયનું ઉચ્ચતર શિક્ષણ લઈ શકાય છે, તેમ ધર્મરાજ્યની અંદર પણ ઉત્તરોત્તર વધારે શક્તિ અને જ્ઞાન સંપાદન કરવા માટે વધારે ને વધારે સમર્થ ગુરુનો આશ્રય લઈ શકાય-એ તો સનાતન કાળથી ચાલી આવેલી સામાન્ય નીતિ છે.

પરંતુ જગતના ઇતિહાસમાં એવા સમય, સુયોગ, સૌભાગ્ય અને સુમુહૂર્તો આવે છે-અનેક વાર આવ્યાં પણ છે કે, જ્યારે પ્રચલિત સામાજિક અને સાંપ્રદાયિક રીતિરિવાજ અને આચાર-નીતિના ઠરેલા ધોરણનું પાલન કર્યા વગર પણ માનવી થોડા શ્રમે બહુ બહુ પ્રગતિ કરી શકે.

પાણીનું પૂર ચડતાં તેનો પ્રચંડ પ્રવાહ ખાડાખૈયા તથા નદીનાળાં તમામને ભરી કાઢી બધું એકાકાર કરી નાખે, ત્યારે જેમ માછીને પોતાનું હોડકું ચલાવવા સારૂ ખાસ નદીના માર્ગની જરૂર નથી જણાતી પણ ગમે તે દિશામાં મરજી પડે તેમ તે ચલાવી શકે છે; તેમ-બરાબર તેમ જ

---

* "गुरोर्गुर्वन्तरो व्रजेत्"

આ જગતની અંદર અમુક એક સમય એવો આવે છે કે જ્યારે ધર્મ અને આધ્યાત્મિક મહાભાવનું પૂર ઉભરાય છે અને તેમાં સમસ્ત ધર્માધર્મ, પાપ-પુણ્ય, તેમજ વિવિધ મતવાદો ડૂબી જઈને બધું એકાકાર બની જાય છે. સામાજિકતા, સંકીર્ણતા, અને સાંપ્રદાયિકતા-એ બધાંના પાયા એ પ્રબળ પ્રવાહના વેગથી ડોલી જાય છે અને તેમની દિવાલો કકડભૂસ કરી પડી જાય છે. એ મહાશક્તિ તથા મહાભાવના પ્રબળ પ્રવાહ જ્યાં સુધી જગતમાં મોજૂદ રહે છે, ત્યાં સુધી શાસ્ત્રો જોઈ જોઈને, વિચારો કરી કરીને કે ઠરેલા ધારાધોરણને અનુસરીને ચાલવાની ખાસ જરૂર મનુષ્યને રહેતી નથી. શ્રીકૃષ્ણ, બુદ્ધ, શંકર ચૈતન્ય ઇત્યાદિ અવતારો અને સદ્‌ગુરુઓ દ્વારા ભગવાને જગતની અંદર એવાં જ મહાન આધ્યાત્મિક પૂરો આણ્યાં હતાં, અને તેને પ્રતાપે લાખો અને કરોડો નરનારીઓ એમના મહાભાવ ને મહાપ્રેમના પ્રવાહમાં ડૂબીને મહાશાન્તિ તથા મહામુક્તિનાં અધિકારી બન્યાં હતાં. એવા પ્રકારનો **મહાશક્તિશાલી અવતાર વા સદ્‌ગુરુ ધર્મસંસ્થાપના માટે જ્યારે જગતમાં પધારે, ત્યારે સર્વ કોઈ વગર સંકોચે તેમનો આશ્રય ગ્રહણ કરી શકે.** સૂર્ય ઊગે ત્યારે તેને જોવા કાજે દીવો સળગાવવાની જરૂર રહેતી નથી, તેમ સ્વયં શ્રીભગવાન જ્યારે અવતાર કિંવા સદ્‌ગુરુ રૂપે જગતમાં પ્રગટ થાય, ત્યારે તેમના પોતીકા મહિમાથી આકર્ષાઇને નરનારીઓ આપમેળે જ તેમને શરણે દોડી આવે છે.

ધર્મપિપાસુ, મુક્તિવાંચ્છુ, ભક્ત અને પ્રેમી નરનારીઓ આગળ આજે હું એક બહુ સારા સમાચાર લઈને ઉપસ્થિત થયો છું. **શ્રી ભગવાન સદ્‌ગુરુરૂપે જગતમાં અવતર્યા છે અને ધર્મસ્થાપનાની પ્રવૃત્તિ તેઓશ્રીએ હાથ ધરી છે. હજારો અને લાખો સ્ત્રી-પુરુષો-બાળક, તરુણ, વૃદ્ધ, હરકોઈ ઉમ્મરનાં, અને હિંદુ, મુસલમાન, બૌદ્ધ, ખ્રિસ્તી, જૈન, પારસી હરકોઈ જાતિ કે હરકોઈ ધર્મ સંપ્રદા-યના લોકો તેમને શરણે આવીને તેમનો આશ્રય મેળવવા પ્રાર્થના ગુજારે છે અને પરિણામે તેઓશ્રી પાસેથી દીક્ષા અને સાધના**

પામીને પોતપોતાના ધર્મ અને કર્તવ્યકર્મોમાં કાયમ રહીને પણ શક્તિ અને શાન્તિનો લાભ મેળવે છે.

આ નાની પુસ્તિકા રચવાના અને પ્રકટ કરવાના ઉદ્દેશ નીચે મુજબ છેઃ—

૧. પહેલો ઉદ્દેશ—શ્રી ભગવાન પોતે સદ્‌ગુરુરૂપે જગતમાં અવતર્યા છે, લક્ષાવધિ સ્ત્રીપુરુષો તેમના ચરણકમળનો આશ્રય ગ્રહણ કરીને શક્તિ અને સાધનાની પ્રાપ્તિ કરે છે, એ અતીવ શુભ સમાચાર જગત સમસ્તનાં નરનારીઓને આપવા એ છે.

૨. બીજો ઉદ્દેશ—શ્રી સદ્‌ગુરુનો આશ્રય જેમણે ગ્રહણ કર્યો છે અને દીક્ષામંત્ર મેળવ્યો છે; એવા શિષ્યો શ્રી સદ્‌ગુરુ સાથેનો પોતાનો સંબંધ કેવો ને કેટલો, પોતાનાં કર્તવ્ય કર્મ શાં, સાધના કેવા પ્રકારની, આચાર-નિયમ ને નિષ્ઠા કેવાં હોવાં જોઈએ, પૂજા-અર્ચાની પદ્ધતિ શી—વગેરે વગેરે બાબતો જાણતાં નથી હોતાં અને જાણતાં હોય છતાં સવિશેષ માહિતી મેળવવાની અપેક્ષા સ્વાભાવિક રીતે જે રાખતાં હોય છે, તેવાંઓને એ બધી બાબતોની આવશ્યક માહિતી પૂરી પાડી તેમણે સ્વીકારેલા સાધનાના માર્ગમાં સદ્‌ગુરુજી સાથે પરમ ગાઢ સંબંધ સ્થાપન કરવાના કાર્યમાં તેમને સહાય કરવી, એ છે.

૩. ત્રીજો ઉદ્દેશ—શ્રી સદ્‌ગુરુ પાસેથી ગુરુમંત્ર મેળવ્યા પછી સાંસારિક કર્તવ્યપાલન અંગે જેઓ તેઓશ્રીનાં દર્શનનો લાભ હરહંમેશ મેળવી શકતાં નથી, અને પરિણામે પોતાને કરવાજોગાં કર્તવ્યકર્મોનો આદેશ નિત્ય લઇ શકતાં નથી, તેવાંઓને ખાસ જરૂરનાં અને જાણવાજોગાં રોજિંદાં કાર્યો અને તેની પદ્ધતિ સમજાવવી, એ છે.

શ્રી સદ્‌ગુરુ

સદ્‌ગુરુ પાસે દીક્ષા વ સાધના મેળવવા ઇચ્છનારાં માટે

૧. **સદ્‌ગુરુ પાસેથી દીક્ષા મેળવવા સંબંધમાં સ્થળ, કાળ, જાતિ, કુળ, ગોત્ર કે વર્ણ–ધર્મનો વિચાર કરવાની બિલકુલ જરૂર નથી.** સાધકના દિલમાં આકુલતા અને આકાંક્ષા જન્મે અને સદ્‌ગુરુનો મેળાપ થઈ જાય કે તરત જ તેમના ચરણકમળનું શરણ સ્વીકારી લઈ દીક્ષામંત્ર મેળવવા માટે વિનંતિ ગુજારવી.

૨. **સદ્‌ગુરુની શક્તિ સર્વત્ર, સર્વદા અને સર્વની અંદર કાર્ય કરવા સમર્થ છે.** એથી કરી જે લોકોને હજી લગી શ્રી સદ્‌ગુરુના શ્રીચરણો સમક્ષ ઉપસ્થિત થવાનો સુયોગ સાંપડયો નથી, તેઓ પણ જો શ્રી સદ્‌ગુરુની છબીનો આધાર લઈ નિયમિત રીતે જપ. ધ્યાન, પૂજા-આરતી અને પ્રાર્થના કરતાં રહેશે. તો તેઓ પણ શ્રી સદ્‌ગુરુની કૃપા મેળવવા ભાગ્યશાળી બનશે.

૩. **શ્રી સદ્‌ગુરુની સ્મૃતિ, હરકોઇ પણ રીતે ધારણ કરીને જો ચાલી શકાશે, અને તેઓશ્રીના ચરણારવિંદમાં આત્મસમર્પણ કરી દઇને પ્રાર્થનાપૂર્વક રોજિંદા જીવનવ્યવહાર આચરી શકાશે, તો તેઓશ્રીની ગેબી શક્તિ અદૃશ્ય રીતે સાધકનું સર્વ વાતે રક્ષણ કરતી રહેશે.**

૪. **પોતપોતાના ધર્મ જેવા કે હિંદુ, ઇસાઇ, પારસી, જૈન મુસલમાન વગેરેમાં ચાલુ રહી તે ધર્મ અંગેના આચારવ્યવહારમાં શ્રાબૂત અને શ્રદ્ધાવાન રહેવા છતાં** પણ સદ્‌ગુરુએ આપેલા સાધના-માર્ગમાં મનુષ્ય આગળ વધી શકે.

૫. ભારતવર્ષને કેન્દ્રસ્થાને રાખી સમગ્ર જગતમાં ધર્મ સંસ્થાપન કરવાના હેતુપૂર્વક **શ્રીભગવાન જગદ્‌ગુરુ આચાર્ય શ્રીમત્ સ્વામી પ્રણવાનન્દજીએ 'ભારત સેવાશ્રમ સંઘ'** નામના એક મહાતપઃ શક્તિશાલી વિરાટ ત્યાગી-સંન્યાસી-સંપ્રદાયની તથા **શ્રી પ્રણવ મઠની** સ્થાપના કરી છે. જગદ્‌ગુરુ આચાર્યશ્રીને સ્વહસ્તે તાલીમ પામેલા અને સંગઠિત થયેલા મહાતપઃશક્તિશાલી સંન્યાસીઓનાં ઝૂંડ આચાર્યશ્રીના આદેશ અનુસાર **આ નૂતન** ધર્મનો સંદેશ પ્રાંતે પ્રાંતમાં અને દેશે દેશમાં પ્રચાર કરતાં ફરે છે અને અખિલ વિશ્વનાં નરનારીઓને મહાશક્તિ તથા મહામુક્તિના પંથમાં પ્રવર્તમાન કરે છે. ભારતવર્ષમાં અનેક સ્થાનોએ ધર્મ-પ્રચારનાં કેન્દ્રો સ્થપાયાં છે અને સ્થપાયે જાય છે. કૌપીન એ જ એક જેનો પરિગ્રહ છે એવા સર્વત્યાગી સંન્યાસીઓનો સમુદાય વર્ષો વર્ષ હિમાલયથી તે કન્યાકુમારી, અને બ્રહ્મપુત્રાથી તે સિંધુ નદીના પ્રદેશમાં સર્વ આ નવ ધર્મની વિજયપતાકા ઉરાડતા ઘૂમી વળે છે.

ભગવાન યુગે યુગે જેમ આવે છે, તેમ આ વેળા પણ પ્રાણી માત્રના અંતર્યામી અને જીવન સર્વસ્વ એવા જે પોતે, તે અરૂપ હોવા છતાં પણ રૂપ ગ્રહણ કરીને, ગુરુરૂપે, આપણ માનવજાત પ્રત્યેની અહૈતુકી કૃપાને વશ બનીને આપણાં હૃદયદ્વારે આવી પહોંચ્યા છે. જગતનાં સમસ્ત નરનારીઓ તેઓશ્રીને ઓળખી, પિછાની, સમજીને, તેઓશ્રીનો આશરો લઇને, તેમની સેવાસુશ્રુષા કરીને, તથા તેમના અગાધ પ્રેમસાગરમાં સ્નાન કરીને જન્મ-જન્માંતરોનાં બાકી રહેલાં તમામ પાપ-તાપ અને દોષોમાંથી મુક્ત બની જઇને મહા મુક્તિના અધિકારી બની જાય—એ જ અમારી લીલારૂપધારી શ્રીભગવાનના ચરણો વિષે શાશ્વત પ્રાર્થના છે.

हरि ॐ एवमस्तु ।

શ્રી ભગવાનનો આવિર્ભાવ

કરૂણાવતાર જગદ્‌ગુરુ ભગવાન આચાર્ય શ્રીમત્ સ્વામી પ્રણવાનન્દજીના શુભ આવિર્ભાવના શુભ ક્ષણથી જગતની અંદર એક પરમ મંગળમય શુભ યુગનું સૂચન થયેલું છે. વિશ્વ સમસ્તનાં સ્ત્રી–પુરુષોનાં અંતરની આ ચિરવાંચ્છિત અને પ્રિયતમ શુભ ખબર તથા નિમંત્રણ સાથે હું આજે જગતના ચોકમાં ઉપસ્થિત થયો છું.

અનેક સદીઓ થયાં જગતના અંતરમાં એક દુષ્ટ સ્વપ્ના સમી એક જબરજસ્ત બીક ભરાઇ બેઠી છે કે કોઈ એક માયાવી દાનવનો ઝેરી ફુંફાડો બ્રહ્માંડભરના વાતાવરણમાં સર્વત્ર વ્યાપી રહ્યો છે; કોઈક વિશ્વભક્ષી માયાવિની રાક્ષસી, ક્ષુધાની મારી લબલબ કરતી જીભ ચોગરદમ ફેરવીને, વિશ્વસકળનાં નરનારીઓનાં અંતરમાંના તમામ કોમળ સદ્‌ભાવો તથા સદ્‌વૃત્તિઓને એકે સપાટે ચાટી લઇને પાર મેલે છે.

પરમ કલ્યાણને દેનારો સુમધુર ગુરુ–શિષ્યનો સંબંધ લોપાઇ ગયા જેવો બન્યો છે; સ્વતંત્રતા અને સ્વચ્છંદતાનું હળાહળ ઝેર જગત સમસ્તનાં નરનારીઓના દિલમાં દાખલ થઇને સહેવાને અત્યંત મુશ્કેલ એવી નર્કયાતનાનો ભય પ્રગટાવે છે. પરિણામે સમાજમાં, સંસારમાં; સ્ત્રીપુરુષોનાં હ્રદયે હ્રદયમાં કપટતા, વિદ્રોહ અને વિપ્લવનો દાવાનળ ભડભડ સળગી ઊઠયો છે, અને તે માનવસમાજનાં તમામ સુખશાન્તિ, આશા આકાંક્ષા અને શિક્ષા–સાધનાને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે !

જગતના બીજા દેશોની વાત બાજુએ મેલીએ; ધર્મપ્રાણ ભારતદેશ અને ભારતદેશીય પ્રજા કપટતા, છળબાજી, વ્યભિચાર અને સ્વચ્છંદતાના પ્રબળ પ્રવાહમાં તણાઇ જઇને મહામૃત્યુના કરાળ જડબામાં ઘુસવા માંડયાં હતાં; ત્યાગ અને તપસ્યાને અમૂલ્ય દોલત ગણનારાં ભારતનાં નરનારીઓ

પોતાના એ આદર્શને વિસારે નાખીને પાશવિક ઇન્દ્રિય સુખ-સંભોગને જ માનવજીવનની પરમ કામ્યવસ્તુ ગણી સામાજિક અને કૌટુંબિક શાસ્ત્રનિર્દિષ્ટ મહાપવિત્ર સંબંધોને અને કર્તવ્યોને લાત મારી ઉન્મત્ત ભાવે નિંદ્ય અને તુચ્છ ઇન્દ્રિયપરાયણતાની આગમાં કૂદી કૂદી બળી મરતાં હતાં. **પુરુષો સાધુતા અને નૈતિક સંયમને, તથા સ્ત્રીઓ સતીત્વ અને માતૃત્વના ભાવોને** જાહેર સભાઓમાં, છાપાંઓમાં, લેખોમાં અને ભાષણોમાં, વાતચીતોમાં અને ચર્ચાઓ વગેરેમાં **વ્યક્તિત્વવિનાશક બંધનરૂપ ગણાવી** તેમની સામે બળવો ઉઠાવી જાહેર રીતે નિરંકુશ પાશવિક સંભોગ-સંબંધના અધિકારનો દાવો રજૂ કરતાં હતાં! **ધર્મની ગ્લાનિ અને અધર્મનો ઉદય સોળે કળાએ જઈ પહોંચ્યાં હતાં!** એ વિરાટ પાપભારની અસહ્ય વેદનાની મારી જનની જન્મભૂમિ પ્રલયની આશંકાથી પળે પળે કંપી ઊઠતી હતી!

ભગવાનનું સિંહાસન ડોલી ઊઠયું; તાપદગ્ધ આર્ત્ત નરનારીઓનાં કરુણ ચિત્કાર અને આંસુધારથી ભગવાનના જીવો પ્રત્યેના અહેતુક પ્રેમવ્યાકુળ હૈયામાં અહેતુક પ્રેમના તરંગો ઊછળી નીકળ્યા!

પાપની મલિનતાથી લસબસ ખરડાયલા વિશ્વ સકલના દુઃસહ દૃશ્યથી વ્યથા પામીને ઓગણીસમી સદીનો થાકેલો સૂર્ય અંધારપટ તાણીને કાળના વક્ષઃસ્થળમાં સમાઈ જવાની તૈયારી કરતો હતો, અને રાત્રિના સમાગમથી આનંદ ઉલ્લાસમાં આવી ગયેલાં રાતનાં પ્રાણીઓના પૈશાચિક ચિત્કારો વાતાવરણને કંપાવતા હતા-તેવે ટાણે એક દિવસે-**પવિત્ર માઘી પૂર્ણિમાને દિને અખિલ જગતના જીવોના પ્રેમગગનના પૂર્ણ ચંદ્રરૂપ શ્રી ભગવાને માનવદેહે, માનવશિશુરૂપે અવતરી બંગમાતાના** એક આબાદ ગામડાની એક ભાગ્યશાળી માતાની કૂખને ઉજાળી. તે દિવસે ધનધાને આબાદ એ ગામડા ગામના વાતાવરણમાં અનુપમ આનંદનું મોજું ફરી વળ્યું. ગામના એકેએક નરનારીના હૃદયમાં અકથ્ય આનંદનો પ્રવાહ ઉભરાવા લાગ્યો.

એ અમાનવ બાળકનાં નેત્રો શ્યામસુંદર સુમનોહર અને કામણગારાં હતાં. એ અકલંક પૂર્ણચંદ્રસમા મુખચંદ્રના સ્મિતહાસ્યની છટા આબાલવૃદ્ધવનિતા સકળના પ્રાણ મનને વશ કરી લેતી હતી. એ અલૌકિક બાળકનું બધું જ મોહક અને મધુર હતું: નયન મોહક ને મધુર, ચરણ મોહક-મધુર, હાથપગનાં હલનચલન મોહક ને મધુર; શયનગમન અને બેસણઊઠણ મધુર; ગાંભીર્ય મધુર, હાવભાવ અને બોલી પણ મોહક અને મધુર. માધુર્યનો નર્યો ઝરો જ છલકાતો હતો. **રસો વૈ સઃ** । આનંદરસની જ એ સાક્ષાત્ મૂર્તિ: તેનું બધું જ મધુર ન હોય એ કેમ બને? પોતાની દૈવી માયાથી નિજ ઐશ્વર્યભાવને ઢાંકી દઈને એ અલૌકિક બાળક નિજ મધુર સ્વભાવથી સર્વ કોઈના પ્રાણમનમાં જનમભરમાં કદી ન અનુભવેલો આનંદ ઉભરાવતો હતો.

જે પ્રચંડ મધ્યાહ્નનો સૂર્ય પોતાનાં તિક્ષ્ણ કિરણોની ઝાળ વર્ષાવી જગતના અંધકાર માત્રનો નાશ કરી નાખે છે, તે જ સૂર્ય રાત્રિના અવસાન કાળે યાને પ્રભાતમાં પોતાની રક્તવર્ણી ઉષાના સોનેરી અંચળ દ્વારા સુમધુર કોમળ તેજપુંજથી જગતસમસ્તનાં નયન તેમજ મનને હરી લઈ પુલકિત બનાવે છે. તેવી જ રીતે અલૌકિક તપસ્તેજોરાશિના પ્રબળ અગ્નિમાં વિશ્વનાં તમામ નરનારીઓનાં માયા-મોહ અને પાપ-તાપને ખાખ કરી દઈ, પોતાની મહાશક્તિના પ્રબળ પ્રવાહમાં દુર્બળતા, કાપુરુષતા, અને જડતા માત્રનો નાશ કરી દઇને થોડા જ વખતમાં જે જગદ્ગુરુ રૂપે આત્મપ્રકાશ ફેલાવવાનો છે, એવો આ બાળક-નરદેહધારી સાક્ષાત્ ભગવાન પોતાનું ઐશ્વર્ય તુરત માટે ગુપ્ત રાખીને સામાન્ય માનવબાળક રૂપે નિજ બાળલીલા ક્રમે ક્રમે વિસ્તારવા લાગ્યો.

એક ગામથી બીજે ગામ આ શુભ સમાચાર લોકમોઢે પ્રસરતા ચાલ્યા કે એક અદ્ભુત બાળક જન્મ્યો છે! એ બાળકનું બધું જ અસાધારણ આશ્ચર્યજનક, નયનરંજન, ચિત્તાકર્ષક અને પ્રાણને

શાંતિ સમર્પનારૂં છે! ભાગ્યશાળી નરનારીઓ ખેંચાઈ આવીને તેનાં દર્શન કરી કરી નિજ જીવન-જનમને સાર્થક કરવા લાગ્યાં. બાળક કોણ છે, શા માટે તેનાં દર્શને પોતે દોડી રહ્યાં છે તેની જાણ કે સમજ વગર જેઓ એક વાર તેને નિહાળતાં, તેમના મનની અચૂક ખાત્રી થઈ જતી કે બાળક ખરેખાત અલૌકિક, અદ્‌ભુત અને આનંદદાયક છે!

બાળકની ઉમ્મર જેમ જેમ વધતી ગઈ, તેમ તેમ તેના અલૌકિક ઐશ્વર્યનો પ્રભાવ ક્રમેક્રમે વિકસવા લાગ્યો. બાળકનાં માનવીસુલભ અસંખ્ય કાર્યો અને હાવભાવ દ્વારા તેની અમાનવી પ્રતિભા પ્રકટ થવા લાગી. તેની અલૌકિક તેજપ્રતિભાથી ઘરમાં સર્વ કોઈ, નિશાળમાં શિક્ષક વર્ગ અને સમોવડિયા બાળક અને યુવકો આશ્ચર્યચકિત, વિમુગ્ધ અને વશીભૂત થવા લાગ્યાં. બાળકનાં અસાધારણ હાવભાવ અને કૃત્યોના અર્થ અને ઉદ્દેશ ન સમજી શકવાને કારણે જોનારાંએ મનફાવે તેવી લૌકિક કે અલૌકિક અટકળો બાંધવા માંડી.

બાળકનાં અંગ પ્રત્યંગમાંથી અલૌકિક બ્રહ્મચર્યતેજના ફુવારા ઉડવા લાગ્યા. અપૂર્વ સંયમ-સાધના અને અદ્‌ભુત તપસ્યાનો પ્રભાવ અંગે અંગે ચમકવા લાગ્યો!

બાળકની ચોમેર પ્રબળ પવિત્રતાનું એક અદ્‌ભુત મોજું ફરી વળ્યું! આ દૈવી બાળકનાં અંગપ્રત્યંગ, કથાવાર્તા, કૃતિરીતિ સઘળું જ પવિત્રતામય અનુભવાતું. બાળક જ્યાં જ્યાં વિચરતો ત્યાં ત્યાં પવિત્રતાની આબોહવા પ્રસરી જતી. બાળકના સંસર્ગમાં આવનાર નરનારીઓના પ્રાણ-મનમાં પવિત્રતાનાં મોજાં ઉછળવા લાગતાં, અને સાંસારિક મોહ-માયાનાં બંધનો ઢીલાં પડી જતાં! તથાપિ તે વખતે કોને ખબર હતી કે આ બાળક જ એક દહાડો જગદ્‌ગુરુ રૂપે સંયમ, તપ તથા બ્રહ્મચર્યના જ્વલન્ત અને જીવન્ત આદર્શ રૂપે નરનારીઓના સમૂહને ઇન્દ્રિયપરાયણતાના વિકરાળ જડબામાંથી બચાવી લઈને નીતિ અને સંયમની સાધના દ્વારા મહામુક્તિના માર્ગે દોરી લઈ જવાનો છે?

બાળકના અલૌકિક બ્રહ્મચર્યની ખ્યાતિ, અસામાન્ય સંયમ–સાધનાની તથા અસાધારણ તપસ્યાની વાતો ચોગરદમ પ્રસરી ગઈ. બ્રહ્મચારી તેમ જ બ્રહ્મચર્ય સંબંધી વાત નીકળતાં પૂર્વ બંગાળનું સર્વ કોઈ આ અલૌકિક બાળકની ભણી આંગળી ચીંધીને તેનો દાખલો આપવા લાગ્યું. એના સંયમ, બ્રહ્મચર્ય અને પવિત્રતાના પ્રભાવે ખેંચાઈને સેંકડો બાળકો તેમ જ યુવકો સંયમ તથા બ્રહ્મચર્યના આદર્શો પોતાના જીવનમાં ધટાવવા મથવા લાગ્યા.

એમ કરતાં બાળક યુવાનીમાં પ્રવેશ્યો. એ અકલંક જીવનચંદ્રની નિર્મળ જ્યોતિ ફેલાઈને દેશવિદેશમાં સર્વત્ર પહોંચી ગઈ. **તેની એક એક વાતમાંથી તથા એક એક કાર્યમાંથી જાતજાતના અલૌકિક આદેશો કલ્પાવા લાગ્યા અને ભાતભાતનાં અનુમાનો નીકળવા લાગ્યાં. બાળકનાં દર્શનનો લાભ પામનારાં તેની ભિરાટભાવી લીલાઓની ઝાંખી પ્રસંગોપાત પોતાનાં સંબંધીજનોને સંભળાવવા લાગ્યાં.** સાંભળનારાં દિગ્મૂઢ બની જતાં અને એ ભાવિ આનંદ–દિનોની રસહેલીની કલ્પના માત્રથી વિમુગ્ધ બની જઈ એ અલૌકિક સાધકના મુખારવિંદ ભણી અનિમેષ નયને તાકી રહેતાં !

એ દેવવાણીનો અર્થ તેમને સમજાતો નહિ, છતાં પોતાને મનગમતી અટકળો લોકો બાંધી લેતાં; અને આ અલૌકિક સાધક નિજ અપૂર્વ તપસ્તેજ વડે જગતને વિષે કેવી ભારે હલચલ મચાવી દેશે, તેનો ખ્યાલ કરતાં કરતાં એક ભવ્ય કલ્પના ખડી કરી દેતાં ! છતાં હજી કોને ખબર હતી કે આ દેવ–માનવીની વાસ્તવલીલાઓ માનવીની કલ્પના માત્રને વટાવી જઈને વિશ્વસમસ્તને ચકિત કરી દેશે ?

સાધકના એ ત્યાગ–વૈરાગ્ય, અને સંયમ–બ્રહ્મચર્યની સાધના માસ પછી માસ અને વર્ષ પછી વર્ષો લગી એકધારી ચાલુ રહી. આખરે જે દિવસની આશા અને અપેક્ષા જગતના જીવો આતુરભાવે રાખતા હતા, તે માઘી પૂર્ણિમાનો ધન્ય દિવસ ઊગી નીકળ્યો. **એ પવિત્ર દિવસે પોતાના**

જીવનકાર્ય માટેનો કાળ હવે પરિપક્વ થયો છે એમ જોઇને સમસ્ત જગતની અંદર ધર્મસંસ્થાપન કરવાના સંકલ્પપૂર્વક એ મહાન સાધકે–એ દેવ–માનવે જગદ્‌ગુરુરૂપે સિદ્ધાસન ઉપર બિરાજીને સર્વનિયંત્રી મહાશકિતને નિજ અંતરમાં જાગૃત કરી તેનો સંદેશો વહેતો કર્યો.

એ પુણ્યદિવસે એ મહોત્સવના આનંદમાં જેમણે ભાગ લીધો હતો તેમાંનાં કોણે કલ્પ્યું હતું કે જનમેદનીથી ઉભરાતા આશ્રમના ચોકમાં જે મહાશક્તિની ઘોષણા એ પવિત્ર માઘીપૂર્ણિમાને દિને થઈ, તે મહાશકિતના પ્રબળ પ્રભાવે જગતનાં તમામ અધર્મો અને પાપ–તાપો સમૂળગાં નાબૂદ થઈ જશે, એટલું જ નહિ પણ શાંતિવાંચ્છું અને મુકિતનાં પિપાસુ લક્ષાવધિ નરનારીઓ એ મહાશકિતથી ખેંચાઇ આવીને જગદ્‌ગુરુરૂપી શ્રીભગવાનના ચરણોનો આશ્રય સ્વીકારી નિજ જીવન–જનમને સાર્થક કરી લેશે ? Mysterious are the ways of God–શ્રી ભગવાનની અવતારલીલાની ગહનગતિનો પાર કોણ પામી શકે ?

એ ઐતિહાસિક માઘીપૂર્ણિમા પછી દિવસો જેમ જેમ વહેવા લાગ્યા, તેમ તેમ આ અલૌકિક દેવમાનવ, ધાવણના ભારથી પીડાતી સંતાનવત્સલા માતાની માફક, એ મહાશક્તિની લહાણી કરવને માટે તલપાપડ બની ગયા. જગતમાં ધર્મસંસ્થાપન કરવાનાં નિજ અવતારકાર્ય માટે તેઓ પોતાની મહાશક્તિને યથાવત્ ધારણ કરી સમગ્ર જગતમાં નીતિ અને આધ્યાત્મિકતાનું પ્રચંડ પૂર ઉભરાવી દે એવી તાકાત અને લાયકાતવાળો મહાન સંઘ નિર્માણ કરવાની તકની આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યા.

સંઘ–રચનાની યોજના સાથે જગદ્‌ગુરુ શ્રી ભગવાન ઠેરઠેર ઘૂમવા લાગ્યા. વિશ્વનું કલ્યાણ સાધનારી એ યોજનાથી આકર્ષાઈને નિઃસ્વાર્થી અને સાત્ત્વિકવૃત્તિવાળા સાધકગણો એકે એકે તેઓશ્રીના ચરણોમાં આત્મસમર્પણ કરવા લાગ્યા. ધીરેધીરે વિકસતા જતા સંઘે આખરે વિરાટ રૂપ ધારણ કર્યું. સંઘની વિજયપતાકા હવે તો દેશવિદેશમાં ફરકવા લાગી.

આહા ! કેવા અસાધારણ, ત્યાગ, તપસ્યા અને સાધનાના કઠોર વ્રતને આધીન રહી આ મહાસંઘ સંગઠિત થયો છે ! સંઘનેતાના એ અલૌકિક ને અહૈતુક સ્નેહભાવ તથા પ્રેમકરૂણા ને માયામહોબત નીતરતા અમાનુષી લીલાના અભિનયે જગતના ધર્મસંસ્થાપનના ઇતિહાસમાં અત્યંત અદ્ભુત, અભિનવ અને ઉજ્જવલ પ્રકરણો ઉમેર્યાં છે.

શિષ્યોના જીવનઘડતરની સાથે સાથે સંઘના ઘડતરનું પર્વ ચાલ્યું. એક પછી એક સાધકને પોતાના શિષ્યરૂપે અંગીકારીને નરરૂપી શ્રીભગવાન તરેહતરેહની કર્મ–કુશળતા તથા યુક્તિ પ્રયુક્તિઓ અજમાવીને નાના પ્રકારના ભાવ–સાધનાદ્વારા નિજ હસ્તે પોતાના અભિપ્સિત મહાભાવનો આદર્શ નિર્માણ કરવા લાગ્યા. એ રીતે ધીરેધીરે સંઘ પરિપુષ્ટ થવા લાગ્યો. આ પ્રમાણે સર્વત્યાગી કુમાર–બ્રહ્મચારી અને સાધકગણ વડે સંઘ સુગઠિત થયો.

સંઘનેતા વિવિધ પ્રસંગોએ વિવિધ રીતે સંઘસંતાનો સમક્ષ સંઘના વિરાટ ભવિષ્યનું જ્વલન્ત ચિત્ર ઊભું કરવાની તક લેતા ત્યારે સંઘના સાધકગણમાંથી માત્ર થોડાક જ તેમાં વિશ્વાસ લાવતા. બાકીનો મોટો ભાગ શંકાશીલ ચિત્તે મસ્તક નમાવી રસ્તે પડી જતો ! આવી રીતે દિવસ પછી દિવસ, માસ પછી માસ અને વરસ પછી વરસ પસાર થવા લાગ્યાં. આખરે અસંભવિત જણાતું હતું તે સંભવિત થઇ ગયું. કલ્પનાએ પણ વાસ્તવિક્તા આગળ હાર કબૂલ કરી. ધીરે ધીરે સંઘના સાધકગણનાં મનબુદ્ધિ ઉપરથી વિસ્મૃતિનો પડદો ઉંચકાયો અને આત્મસ્મૃતિ તેમનામાં સ્ફુરી. આત્મશક્તિની પ્રાપ્તિ સાથે સાથે સંઘની ભાવિ જવાબદારી અને તેનાં કર્તવ્યકર્મોનું ભાન પણ તેમના દિલમાં પ્રગટયું. સમયને ઓળખી લઈ ને સંઘનેતાએ ધીરે ધીરે પોતાના ઐશ્વર્ય અને મહત્ત્વનો વિસ્તાર કરવા માંડયો, અને છેવટે જગદ્‌ગુરુરૂપે પોતાનું સ્વરૂપ અને શક્તિ પ્રકટ કર્યાં. લક્ષાવધિ નરનારીઓ પ્રાણની આતુરતાપૂર્વક તેમનું પૂજન–અર્ચન અને ઉપાસના કરીને કૃતકૃત્ય થવા લાગ્યાં !

સંઘના સાધકગણને પોતાનાં જીવનમાં જે મહાસત્યનો આસ્વાદ

મળ્યો તેની વાનગી બીજાઓને ચખાડવાનો સંઘનેતાનો આદેશ મળતાં, સાધકગણ ઘેર ઘેર એ અભિનવ ધર્મની મહાવાણીનો પ્રચાર કરતા રહી આબાલવૃદ્ધવનિતાને મહામુક્તિના પંથમાં વાળવાને દેશભરમાં સર્વત્ર ફેલાઇ ગયા. **આસામથી માંડીને પંજાબ પર્યંત અને હિમાલયથી તે કન્યા-કુમારી સુધી અને દેશાંતરમાં પણ આજે એ મહાસંઘની મહાવાણી સંભળાવા લાગી છે. લાખો નરનારીઓ જગદ્‌ગુરુરૂપી શ્રી ભગવાનના શ્રીચરણનો આશ્રય મેળવીને તેઓશ્રીના** અપાર, અહૈતુક સ્નેહ-પ્રેમ ને કરૂણાના મહાસાગરમાં નિમગ્ન થઇ શક્તિના અધિકારી પણ બને છે.

આવો, રે! ભારતનાં નરનારીઓ, આવો! આવો, રે! જગત સમસ્તનાં માનવીઓ, આવો! શ્રી ભગવાન પોતે આજે નાવિક રૂપે તમો સઘળાંને ભવસાગરને પેલે પાર લઈ જવાને સમુપસ્થિત થયા છે. માટે ટોળાબંધ આવો, હજારોની સંખ્યામાં આવો, કરોડોની સંખ્યામાં આવો, અને એમના શ્રીચરણનો આશ્રય સ્વીકારીને રટવા માંડો કેઃ—

"ॐ संघं शरणं गच्छामि।
धर्मं शरणं गच्छामि॥"

અને દિલઉભરાતી આકુલતાપૂર્વક તેઓશ્રીના ચરણુ વિષે આત્મ-સમર્પણ કરી ગાઓ કે—

પરબ્રહ્મરૂપ ગુરુ કરુણાનિધાન!
ચિરપૂજ્ય હે ઉજ્જવલ, મુક્ત, મહાન!
પંથ વિકટ ઘણો ઘોર અંધારે,
કાપવો માર્ગ મારે કોને ભરોસે?
રાખો મુને નિજ સાથમાં ભગવાન!
પાપ-તાપ કાપી કરોને કલ્યાણ!

કુટિલ કુઆશે ઘેરાઇ સીમાઓ,
પ્રવાસપંથે સૂઝે ના દિશાઓ;

અટવાઉં મુંઝાઉં ઘન અંધકારે
આરો નથી ઊગરવા તવ ચરણો સિવાયે !

ભવસાગર વિષે આપ છો તેજરેખા,
કો દાખવે સુપંથ (મમ) નાવને તુજ પેખા ?

દર્શાવી માર્ગ મુજને હે સદ્‌ગુરુજી !
સાચવો બિરૂદ નિજ કૃપાળુ પ્રભુજી !

તારતમ્ય

૧. વિશ્વકલ્યાણને માટે શ્રી ભગવાન કરૂણાવતાર સદ્‌ગુરુ રૂપે યુગે યુગે અવતરે છે.

૨. શ્રી ભગવાન, આ યુગમાં **આચાર્ય શ્રીમત સ્વામી પ્રણવાનંદ** રૂપે અવતર્યા છે.

૩. સદ્‌ગુરુ પોતે સર્વજ્ઞ, સર્વદ્રષ્ટા, સર્વશક્તિમાન અને સર્વનિયંતા છે.

૪. સદ્‌ગુરુની પૂજાઅર્ચા, ધ્યાનધારણા અને સેવાસુશ્રુષા કરવી, તેમના આદેશો અને ઉપદેશોનું પરિપાલન કરવું, તથા તેમને રાજી રાખવાની ને સંતોષ પમાડવાની કોશિષ કરવી, એ જ સર્વ જીવો માટે સાચી સાધના છે.

૫. સદ્‌ગુરુની કૃપા એ જ મહાશક્તિ, મહાસિદ્ધિ અને મહામુક્તિ રૂપ છે.

૬. બહુ બહુ યુગો પછી કોક જ વાર જગતમાં સદ્‌ગુરુનો અવતાર સંભવે છે; તેથી કરી સદ્‌ગુરુની કૃપાનો લાભ મેળવવાનું બહુ દુર્લભ છે. ખાસ ખાસ સત્કૃત્યો અને તપસ્યા વગર સદ્‌ગુરુની કૃપનો લાભ પામી શકાતો નથી, અને સદ્‌ગુરુનો આશ્રય મળતો નથી. જ્યાં લગી સદ્‌ગુરુનો આશરો ન મળે ત્યાં લગી જીવને ફરી ફરીને જન્મમૃત્યુના ચક્રવામાં અટવાવું પડે છે. એક માત્ર શ્રી સદ્‌ગુરુની કૃપાપ્રસાદી દ્વારા જ આત્મજ્ઞાન અને મુક્તિમોક્ષ પામી શકાય છે. *

॥ हरि ॐ ॥

---

*गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः ।
गुरुरेव परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः
ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोर्पदम् ।
मन्त्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोर्कृपा ॥

શ્રીગુરુચરણનો આશરો એ જ ધર્મજીવનનો પાયો—

સદ્‌ગુરુ એ જ આધ્યાત્મિક રાજ્યનું સિંહદ્વાર છે; સદ્‌ગુરુ જ આત્મજ્ઞાનનો ભંડારી છે; સદ્‌ગુરુ જ મહામુક્તિનો દાતા છે; સદ્‌ગુરુ જ ભવભયમાંથી બચાવવાવાળો છે; સદ્‌ગુરુ જ પરમ શાન્તિનો દાતા છે; સદ્‌ગુરુની કૃપા એ જ મહાશક્તિ, અને સદ્‌ગુરુનો આશીર્વાદ એ જ મહાન ભાથું: માટે સદ્‌ગુરુનો આશ્રય લેવો એનું જ નામ ધાર્મિક સાધનાનો તથા ધાર્મિક જીવનનો પાયો નાખવો !

કુરુક્ષેત્રમાં અર્જુન જ્યારે ગુંચવાડામાં પડી ગયો, અને હતજ્ઞાન તથા માર્ગભૂલેલો બની જઇને નિજ વિદ્યા-બુદ્ધિ-જ્ઞાનને તુચ્છકારતો સદ્‌ગુરુરૂપી ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં લોટી પડયો, ત્યારે જ તેની આગળ ધર્મરાજ્યના રહસ્યભંડારના આગળા ઊઘડી ગયા, અને પરિણામે ગીતારૂપી આત્મજ્ઞાનનાં બીજ તેના શ્રદ્ધાપૂર્ણ હૃદયમાં ઓરાયાં અને તે ઊગી પણ નીકળ્યાં. આમ ગુરુ–શિષ્યનો સંબંધ અનાદિ કાળથી જ ચાલ્યો આવે છે. સાધારણ માનવીની વાત શાને કરીએ ? માનવજાતના ઉદ્ધાર માટે યુગે યુગે અવતાર લેતા શ્રીભગવાન પોતે પણ ગુરુપદનું શરણ ગ્રહણ કરવાની પદ્ધતિનું ઉલ્લંઘન કરતા નથી.

વેદ–વેદાન્ત, દર્શન, પુરાણ સકળનો આખર લગી અભ્યાસ કરવાથી પણ મનુષ્યની આગળ જગતનો રહસ્યભંડાર ખુલ્લો થતો નથી. એક માત્ર સદ્‌ગુરુના શ્રીચરણનું શરણ ગ્રહણ કરવાથી જ તેના આધ્યાત્મિક-જીવનનો આરંભ થાય છે; અને તે પછી સાધનના માર્ગમાં આગળ વધતો વધતો સાધક ધર્મરાજ્યનું રહસ્ય અનુભવવા માંડે છે, અને તેથી જ શ્રી ભગવાને ગીતા–ઉપદેશ વખતે અર્જુનને સંભળાવ્યું છે કે—

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥

અર્થાત્ કે—જગત સમસ્તમાં જળ જળ થઈ જતાં કૂવાના જળની ગરજ જેમ રહેતી નથી, તેમ સદ્દગુરુની કૃપાએ કરી જે શિષ્યને આત્મજ્ઞાનની સાધનાની દીક્ષા મળી જાય છે, તેને માટે પછી વેદ-વેદાન્ત વગેરે કશાની જરૂર રહેતી નથી. એક માત્ર સદ્દગુરુની કૃપા જ એનું સર્વસ્વ બની રહે છે.

સદ્દગુરુ અને શિષ્યનો સંબંધ અનાદિ છે

સદ્દગુરુ સાથેનો શિષ્યનો સંબંધ કેવળ એક જનમ પૂરતો જ નથી હોતો, પણ અનંત જન્મોનો હોય છે. આની ખબર અજ્ઞાન-વિમોહિત શિષ્યને નથી હોતી, પરંતુ સર્વજ્ઞ, સર્વદર્શી સદ્દગુરુને તો હોય છે જ. એટલે કોઈ શુભ પળે સુયોગ સાંપડી જતાં તેઓ શિષ્યને પોતાના ચરણકમળ પ્રતિ ખેંચી લે છે. ભગવાન શ્રીકૃષ્ણે નિજ શિષ્ય અર્જુનને તેથી જ સ્મરણ કરાવી આપ્યું છે કે—

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥

અર્થાત્ કે-હે અર્જુન ! તારાં તેમ જ મારાં અનેક જન્મો થઈ ગયાં. અજ્ઞાન-વિમૂઢ એવો જે તું તે એ વાત નથી જાણતો, પણ હું તે અચ્છી રીતે જાણું છું.

સ્નેહમૂર્તિ સંતાનની પાછળ સંતાનવત્સલા માતા જેમ નજર રાખતી રહે છે, તેમ-આબેહુબ તેમ જ શ્રી સદ્દગુરુ પ્રત્યેક યુગે નિજ શિષ્યોની સાથે ને સાથે જ રહ્યા કરે છે. અને તેથી જ તો સાધન-સામગ્રી વગરનાં અભાગિયા જીવો માટે આટલી આશા અને આટલો ભરોસો રહે છે.

સદ્‌ગુરુ અને શિષ્યના સંબંધનું સ્વરૂપ

શ્રી ભગવાન પંડે સદ્‌ગુરુરૂપે અવતાર લઈને નિજ શિષ્યોને આત્મજ્ઞાનનું દાન કરીને મહામુક્તિને માર્ગે ચઢાવી દે છે. આ સદ્‌ગુરુ-શિષ્યોનો સંબંધ કેટલો બધો ગંભીર, કેવો મધુર, અને કેવો અચ્છેદ્ય, અપાર અને અનંત છે. તેનું વર્ણન માનવી ભાષામાં કરી બતાવું અસંભવિત છે. એ તો માત્ર સર્વાંશે આશ્રિત, ભક્ત અને અનુયાયી શિષ્યોને જ અનુભવથી સમજી શકાય એવી બાબત છે **માતાપિતાનો સ્નેહ, સખા-મિત્રની પ્રીતિ, સતી અને પતિનો પ્રેમ-પ્રણય એમાંનું કશું ય આ શ્રીસદ્‌ગુરુ અને શિષ્ય વચ્ચેના સુમધુર ને સુગંભીર પ્રેમસંબંધની તોલે આવી શકે તેમ નથી.**

દુનિયાદારીનો સ્નેહસંબંધ અને પ્રેમપ્યાર, એ તો જડ ઉપર, સ્વાર્થના પાયા પર રચાયલો હોય છે; આત્મજ્ઞાનની સાથે એને લવલેશ લેવા દેવા નથી હોતી. પરંતુ શ્રી **સદ્‌ગુરુ અને શિષ્યનો સંબંધ તો આત્મજ્ઞાનની ધરતી ઉપર નિર્માણ થયો હોય છે.** એટલે આત્મા જેવી રીતે અજર, અમર, અનાદિ, અનંત અને નિર્વિકાર હોય છે, તેવી જ રીતે સદ્‌ગુરુ-શિષ્યનો સ્નેહ-પ્રેમ-શ્રદ્ધા-ભકિતનો સંબંધ પણ અનાદિ અનંત, અક્ષય, અવ્યય, અગાધ, અહૈતુક અને સ્વાર્થના બદલા વગરનો હોય છે. એટલા માટે જ સદ્‌ગુરુરૂપી શ્રી સદાશિવે નિજમુખે કહ્યું છે કે—

पितृमातृसुहृद्बन्धुविद्यातीर्थानि देवता ।
न तुल्यं गुरुणा शिघ्रं स्पर्शयेत् परमं पदम् ॥

સદ્‌ગુરુની સાથે સંબંધ-સ્થાપન
એ જ
શિષ્યની સાધના

શ્રી ભગવાન પોતે સદ્‌ગુરુરૂપે અવતરેલા છે. એટલે **સદ્‌ગુરુની સાથે શિષ્યનો સંબંધ તેમ જીવની સાથે ભગવાનનો સંબંધ એક જ પ્રકારનો છે.** સંસારની માયામાં લપટાઈ પડીને એ અનાદિ સંબંધ શિષ્ય વિસરી ગયો છે. પરિણામે માનવ આજે સદ્‌ગુરુને ભૂલી જઇને, ભગવાનને ભૂલી જઇને છેક જ નિરાધાર, આશ્રયહીન દીનહીન, અને કંગાલ બનીને અશ્રુદદડતી આંખે આક્રંદ કરતો જન્મજન્માંતરમાં અટવાતો ફરે છે. **ભૂલાઈ ગયેલા એ સંબંધને પુનઃ તાજો કરવો એ જ શિષ્યની ખરી સાધના હોય-એ જ સાધનાનું લક્ષ્ય હોય.**

"કોઈ એક વહાણના ડોળ-સ્તંભ ઉપર એક કાગડો એકામ બેઠો હતો. તેવામાં વહાણ દરિયામાં ખૂબ જ આગળ નીકળી ગયું. કાગડાની તંદ્રા અકસ્માત ઊડી જતાં તેણે આંખો ખોલીને જોયું તો વહાણ ભરદરિયે નીકળી ગયું હતું, ચોમેર ક્યાંય ધરતી નજરે પડતી ન હોતી. ગભરાયેલો કાગડો અસ્થિર ચિત્તે આમતેમ ઊડી ઊડીને સ્થળની તપાસ કરવા લાગ્યો. પણ ક્યાંય કિનારાનું નામનિશાન નજરે ન પડતાં આખરે થાકીને તે પાછો વહાણના ડોળ ઉપર આવીને નિરાંત જીવે બેસી ગયો. પરિણામે થોડે દહાડે વહાણ કિનારે જઈ પહોંચ્યું. એટલે કાગડો પણ કિનારે પહોંચી ગયો અને ત્યાંથી પોતાનાં ઇચ્છિત સ્થાને ઊડી ગયો."

એવી જ રીતે મનુષ્યો સદ્‌ગુરુને વિસરી જઇને-રે ! ત્યજી દઇને, સદ્‌ગુરુ સાથેના પોતાના અનાદિ, અનંત અને નિત્ય પ્રેમસંબંધથી વિખૂટા પડીને જન્મ-જન્માંતરો લગી ત્રિતાપથી દગ્ધ થાય છે. ભટકી ભટકીને અને દુઃખકષ્ટો ભોગવી ભોગવીને છેવટે જ્યારે તેઓ હતાશ અને વિહ્વલ બનીને

નિઃસંગ ભાવે **"હે નાથ ! કરૂણામય ! આપની જ ઇચ્છા પરિપૂર્ણ થાઓ !"** એમ કહી શ્રીભગવાનને ચરણે વ્યગ્રચિત્તે પ્રાર્થના ગુજારવા માંડે છે, ત્યારે જ શ્રી ભગવાન સદ્‌ગુરુરૂપે પ્રગટ થઇને તેમને આશ્વાસન આપે છે કે—

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

અર્થાત્ કે આ સંસાર એ મારું માયાચક્ર છે. જેઓ મારો આશ્રય લઈને મને ભજે છે, તેઓ જ આ માયામય સંસારચક્રમાંથી છૂટી શકે છે. છતાં, બ્હીવાનું ખાસ કારણ નથી **"मामेकं शरणं व्रज"**—મારે શરણે આવી જાઓ, મારો આશ્રય સ્વીકારો એટલે હું તમને સઘળાં પાપ-તાપની જવાળાઓમાંથી ઉગારી લઇશ.

સદ્‌ગુરુ સાથે સંબંધ-સ્થાપન
એ જ
શિષ્યની સાચી દીક્ષા

સર્વાંશે શરણાગત, આશ્રિત, ભક્ત શિષ્ય સદ્‌ગુરુની કૃપાએ તેમની સાથે સંબંધ સ્થાપીને કૃતકૃત્ય બની જાય છે. **સદ્‌ગુરુ દીક્ષા વાટે શિષ્યના હૃદયમાં આ અલૌકિક સંબંધનાં બીજ વાવે છે.** એટલે પછી વિવિધ ભાવે અને વિવિધ માર્ગે સદ્‌ગુરુએ ચીંધેલા સાધન-પ્રણાલિના અવલંબનપૂર્વક—યાને સદ્‌ગુરુનાં સ્મરણ, મનન, ધ્યાન, ધારણા, પૂજાઅર્ચા, સેવાસુશ્રષા, આદેશપાલન ઇત્યાદિ દ્વારા, એ સંબંધ ક્રમે ક્રમે ગાઢ ને ગાઢ બનતો જાય છે. શિષ્યના હૃદયમાં શ્રદ્ધાભક્તિ, અને પ્રેમાનુરાગ જેટલા પ્રમાણમાં વધવા પામે છે. તેટલા જ પ્રમાણમાં સદ્‌ગુરુ ક્રમે ક્રમે નિજ અલૌકિક મહાભાવ અને પ્રેમના અનર્ગળ ઝરામાં નિમગ્ન કરી દઈ નિજ ચરણો પ્રતિ પોતાને ખેંચી લે છે એવો અનુભવ શિષ્યને થવા માંડે છે.

સદ્‌ગુરુની સાથે સંબંધ-સ્થાપન

એ જ

સાધનાની શરૂઆત

કેવળ મંત્રગ્રહણથી દીક્ષાનો ઉદ્દેશ સફળ થઈ જતો નથી. મંત્રગ્રહણ એ તો એંધાણ અને અવલંબન માત્ર છે. એ મંત્રશક્તિને આધારે સદ્‌ગુરુ સાથે શિષ્યનો સંબંધ સ્થપાય છે. સદ્‌ગુરુ મંત્રશક્તિ દ્વારા નિજ મહાભાવનું બીજ શિષ્યના હૃદયમાં રોપે તે પછી વિવિધ માર્ગે અને વિવિધ પ્રકારે એ બંધાયલો સંબંધ ગાઢ અને વધારે ગાઢ બનાવતા જવો એ જ હોય શિષ્યની સાધના.

સંસારાસક્ત માનવીને સ્ત્રીપુત્રાદિ સ્વજનો ઉપર તેમ જ માલમિલકત ઉપર જે જાતની આસક્તિ અને જેટલું આકર્ષણ સ્વભાવતઃ હોય છે, તેવી જ જાતનું સ્વાભાવિક આકર્ષણ અને તેવો જ સ્વાભાવિક અનુરાગ સદ્‌ગુરુ પ્રત્યે શિષ્યનો બંધાવા પામે ત્યારે જ શિષ્યની મંત્રદીક્ષા સફળ થઈ ગણાય, અને ત્યારે જ સાચી દીક્ષા લીધી કહેવાય. એટલા માટે જ મહાભક્ત પ્રહ્લાદજીએ ભગવાન નારાયણની કને વરદાન માગેલું કે—

या प्रीतिरविवेकीनां विषयेष्वनपायिनी ।
त्वामनुस्मरतः सा मे हृदयान्मापसर्पतु ॥

અર્થાત્—અવિવેકી વિષયાસક્ત મનુષ્યોનો વિષયભોગો પ્રતિ જેવો અચળ અનુરાગ અને આગ્રહ હોય છે, તેવા જ પ્રકારના અચળ અને અટલ અનુરાગ તથા આકુળતાના ભાવ મારા હૃદયમાં ચિરસ્થાયી બનો!

શ્રી રામકૃષ્ણ પરમહંસજીનું કથન છે કે "વિષયી જનની વિષય પ્રત્યેની આસક્તિ, ગાયની વાછરડા પ્રત્યેની આસક્તિ, અને સતી નારીની પતિ પ્રત્યેની આસક્તિ—એ ત્રણે આસક્તિઓ એકઠી થાય ત્યારે જ ભગવાનની પ્રાપ્તિ શક્ય બને."

સ્થળ અને કાળના અંતરાયથી સદ્‌ગુરુ સાથેનો શિષ્યનો સંબંધ નષ્ટ થતો નથી

સદ્‌ગુરુ એ સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વશક્તિમાન નરદેહધારી સાક્ષાત શ્રી ભગવાન છે. તેથી અનુરાગી ભક્તજન કિંવા શિષ્ય નજીક હોય, આઘે હોય, આ લોકમાં હોય કે પરલોકમાં હોય—જ્યાં, જે ઠેકાણે અને જે અવસ્થામાં કાં ન હોય—પરંતુ સદ્‌ગુરુ સર્વદા તેની સાથેના સાથે જ રહે છે. સદ્‌ગુરુની ઉપર સર્વાંશે આધાર રાખનારો શિષ્ય, સર્વદા ને સર્વત્ર તેઓશ્રીના મંગળ હસ્તનો સ્પર્શલાભ પામીને કૃતાર્થ થતો રહે છે. **સદ્‌ગુરુ ઉપરનાં શિષ્યનાં અનુરાગ અને આકર્ષણ જેટલાં ગાઢ અને અકૃત્રિમ હોય છે તેટલા જ પ્રમાણમાં સદ્‌ગુરુના સહચાર અને સાન્નિધ્યનો વિશેષ અનુભવ શિષ્યને થવા પામે છે.** પરંતુ ભાવ, ભક્તિ અને પ્રેમશૂન્ય રહીને અહર્નિશ સાથે ને સાથે જ રહેનારો કે ફરનારો શિષ્ય સદ્‌ગુરુ સાથેનો સંબંધ સ્થાપન કરવામાં સફળ નીવડતો નથી. ખરી રીતે તો સદ્‌ગુરુનાં કૃપા અને આશીર્વાદ સૂર્યપ્રકાશની માફક સર્વના ઉપર એકસરખી રીતે જ વરસતાં રહે છે; પરંતુ તેનું પરિણામ બધાં પર એકસરખું નીપજતું નથી. સૂર્યનાં કિરણ બધી ચીજ વસ્તુઓ ઉપર એકસરખાં પડે છે, છતાં વસ્તુની સ્વચ્છતા અને નિર્મળતા ઉપર જેમ ચળકાટ મારવાનો કે પ્રતિબિંબ પડવાનો આધાર રહે છે, તેમ જ સદ્‌ગુરુ પણ શિષ્યના પર નિજકૃપા વરસાવવા માટે હરહંમેશ ઉત્કંઠા

ધરાવતા રહે છે, પરંતુ તેનું **સુપરિણામ તો શિષ્ય જ્યારે સદ્ગુરુ પ્રત્યેનાં પોતાનાં પ્રેમાનુરાગ અને આત્મસમર્પણના ભાવ દઢાવી અને બઢાવી શકે** ત્યારે જ **આવે છે. સિદ્ધ થયેલા એવા ગાઢ સંબંધ દ્વારા જ સદ્ગુરુશ્રીનો મહાભાવ શિષ્યમાં સંચરીને તેના જીવનને મૂળમાંથી પલટી નાંખે છે.** અનુરાગી, શ્રદ્ધાળુ અને ભક્ત શિષ્યગણને પોતપોતાનાં જીવનમાં ડગલે ને પગલે આનો અનુભવ થતો રહે છે. એટલા માટે જ મહાભક્ત શ્રી રામપ્રસાદજીએ ગાયું છે કે—

છે એ ભાવનો વિષય, ભાવહીણા હૃદયમાં
ઝીલાય ના પ્રતિબિંબ એનું, કોથી જ કયારે ય.

દુન્યવી સ્વાર્થવાસનાની હાજરીમાં સદ્ગુરુ સાથેનો પ્રેમસંબંધ સિદ્ધ થવો અસંભવિત

સદ્ગુરુની સહાયથી અને હુંફ વડે સાંસારિક સુખસગવડો મેળવી લેવાની દાનત રાખીને સદ્ગુરુની પાસે જવાથી સદ્ગુરુ સાથે સાચો સંબંધ બંધાતો નથી. એમ થવું બિલકુલ અસંભવિત છે. **ધર્મજીવનની પ્રાપ્તિ માટે, આત્મજ્ઞાન સિદ્ધ થવા કાજે, રિપુઓ અને ઈન્દ્રિયોની દુર્વાસનાઓની ઝડપમાંથી ઊગરવા અર્થે અને પાપ તાપની જ્વાળાઓથી બચી જઇને શાંતિનો લાભ મેળવવા સારુ જ સદ્ગુરુના ચરણોનો આશ્રય વ્યાકુળભાવે ગ્રહણ કરવામાં આવે ત્યારે જ તેઓશ્રી સાથે પવિત્ર પ્રેમસંબંધ સ્થપાઇ શકે.** આ પ્રકારનો નિ:સ્વાર્થ અનુરાગી શ્રદ્ધાળુ ભક્ત કિંવા શિષ્ય દૂર કે નજીક ગમે તે ઠેકાણે અને ગમે તે હાલતમાં ભલેને હોય; પરંતુ સદ્ગુરુ સાથેનો તેનો પ્રેમસંબંધ પિતા, માતા કે સ્વામી, સખાના પ્રેમસંબંધ જેવો નિત્ય વિદ્યમાન રહી શ્રી સદ્ગુરુ તેને નિજ મહાભાવથી તરબોળ કરી દે છે.

સદ્‌ગુરુના મહાભાવમાં એકાગ્ર બની જવું એનું જ નામ સિદ્ધિ

સદ્‌ગુરુ સાથે શિષ્યનાં ભક્તિ શ્રદ્ધા અને પ્રેમ, પ્રીતિ–અનુરાગનો સંબંધ જેટલો વધારે ગાઢ બનતો જાય, તેટલા જ પ્રમાણમાં શિષ્યની સાધના વધારે પરિપકવ બનતી જાય છે એમ સમજવું. શિષ્ય ધીરે ધીરે પોતાની જાતને શ્રી સદ્‌ગુરુના ચરણોમાં જેમ જેમ વધુ સમર્પતો જાય, તેમ તેમ શ્રી સદ્‌ગુરુ તેને પોતાના અહેતુક સ્નેહભાવથી નવરાવી વધારે ને વધારે ઉન્નત કરતા રહે છે.

એ રીતે આગળ વધતો વધતો શિષ્ય આખરે એવી અવસ્થાએ એક દહાડો પહોંચી જાય છે કે ત્યારે પછી એને કોઈ વાતની કમીના રહેતી નથી. તે વારે એનાં દેહ–મન–બુદ્ધિ, ઇચ્છા–વાણી ને કાર્ય સર્વ કંઈ શ્રી ગુરુજીની અંદર સમાવિષ્ટ થઈ જાય છે. એટલે પછી તે ચિરકાળ માટે શ્રી સદ્‌ગુરુના સ્મરણ, મનન અને ધ્યાનધારણામાં જ નિમગ્ન રહીને પોતાની જાત સુદ્ધાંને વિસરી જાય છે. એમ થાય ત્યારે ને ત્યારે જ શિષ્યની સાધના ફળીભૂત ગણાય. એનું નામ જ સિદ્ધિ લાભ! એટલા માટે જ એક બંગાળી સાધકે ગાયું છે કે—

से बड कठिण ठांइ, गुरुशिष्ये देखा नाई ।

આ ઠેકાણે જ–આવી અવસ્થામાં જ શિષ્યને અદ્વૈત કિંવા બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે; અને **तत्त्वमसि** ઇત્યાદિ શ્રુતિવાકયના અર્થ યથાવત્ સમજાઈ જાય છે. તેથી જ શ્રી સદાશિવે સદ્‌ગુરુના મહાત્મ્ય–પ્રસંગમાં કહ્યું છે કે—

ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्तिम् ।
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ॥

આધ્યાત્મિક સાધનાની ચરમ અને પરમ યાને છેલ્લામાં છેલ્લી અને મોટામાં મોટી સિદ્ધિ તે આ જ. અને એટલા જ માટે શ્રીમચ્છંકરાચાર્યજીએ પ્રશ્નોત્તર રૂપે કહ્યું છે કે—

सिद्धस्तु को यो गुरुभक्त एव ।

અર્થાત્ કે-**સિદ્ધ કોને કહેવો? તો કે ગુરુભક્તિ હોય તેને.** મતલબ કે ગુરુભક્ત જ સાચો સિદ્ધ કહેવાય.

આત્મસમર્પણ—યોગ

ધર્મજીવનની પ્રાપ્તિ માટે, અને આધ્યાત્મિક રાજ્યનું રહસ્ય સમજવા માટે મનુષ્યે કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, રાજયોગ, હઠયોગ અને લયયોગ વગેરે વગેરે કેટલીયે સાધના-પ્રણાલિકા ખોળી કાઢી તેનો આધાર લીધો છે. **કિંતુ સદ્‌ગુરુના ચરણોનો આશ્રય સ્વીકારનાર શિષ્યને માટે તો કર્મ-જ્ઞાન-ભક્તિ ઇત્યાદિ સમસ્ત યોગો એક માત્ર આત્મસમર્પણ યોગમાં જ સમાઇ જાય છે.** કાયા, વાચા અને મનથી સર્વદા સર્વત્ર અને સકળ અવસ્થામાં શ્રી સદ્‌ગુરુના ચરણો વિષે નિરંતર આસક્ત રહેવાની તેમ જ તેમના ચરણારવિંદમાં પ્રેમભાવે નિમગ્ન બની જવાની—એ જાતની ઉત્કટ અભિલાષા, અને આગ્રહયુક્ત મથામણ એ જ શિષ્યની સાચી સાધના.

૧. સદ્‌ગુરુનો આશરો લેનાર શિષ્ય માટે તો વિચારપૂર્વક કર્મની ફળાકાંક્ષાનો ત્યાગ કરી દઇને કર્મો કરવાનો પ્રયાસ કરવાની જરૂર રહેતી જ નથી. શ્રી સદ્‌ગુરુના આદેશ નિર્દેશ મુજબ તેમનાં ઇચ્છિત કર્મો પાર પાડી-તેમને રાજી કરવા—એ જ હોય સદ્‌ગુરુ-આશ્રિત શિષ્યનો **કર્મયોગ.**

૨. સદ્‌ગુરુની પૂજા-અર્ચા, ધ્યાન ધારણા, સેવાસુશ્રુષા ઇત્યાદિ કાર્યોમાં ભાવપૂર્વક, પ્રેમપૂર્વક રહેવું—એ જ હોય સદ્‌ગુરુ-આશ્રિત શિષ્યનો **ભક્તિયોગ.**

૩. સદ્‌ગુરુ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠાભાવ રાખી, સમગ્ર ચિત્તવૃત્તિઓના

નિરોધપૂર્વક તેઓશ્રીના સ્મરણ-મનનમાં દૃઢ બની જવું-એ જ હોય સદ્‌ગુરુ-આશ્રિત શિષ્યની **રાજયોગ-સાધના.**

૪. સદ્‌ગુરુના ચરણમાં સંપૂર્ણપણે ભળી જવાની ઉત્કંઠા ધરાવતા રહીને-"સદ્‌ગુરુ સિવાયનું મારું અલગ અસ્તિત્વ જ નથી, મારું અસ્તિત્વ, મારી મમતા અને અહંતા-બધુ જ સદ્‌ગુરુના વિરાટ અસ્તિત્વ અને અહંતામાં ભળી જાઓ, ડૂબી જાઓ-એવો ભાવ અને એવું ધ્યાન એ જ હોય સદ્‌ગુરુ-આશ્રિત શિષ્યની **જ્ઞાનયોગની સાધના.**

૫. સર્વાંગી નિષ્ઠા, અવ્યભિચારિણી ભક્તિ અને પ્રબળ અનુરાગના પ્રભાવે **શ્રી સદ્‌ગુરુના મહાભાવમાં સદાને માટે નિમગ્ન બની જવું -એ જ ગણાય સદ્‌ગુરુ-આશ્રિત શિષ્યની સમાધિ.**

આત્મસમર્પણની સાધના

સદ્‌ગુરુના ચરણો વિષે આત્મસમર્પણ કરી દેવાની ઈચ્છા પ્રગટી એટલે તેથી જ કંઇ કાર્ય પાર પડી જતું નથી. માનવીના અંતરમાં અનંત જન્મજન્માંતરોનાં શુભાશુભ અનેક જાતનાં સ્મરણો અને સંસ્કારોનો ઢગલો ખડકાયલો હોય છે. એમાંનું કોઇ વાર એકાદું અને કોઈ વાર એકસામટા બધાં જ ભેગાં મળીને આત્મસમર્પણના માર્ગમાં અંતરાય ઉપસ્થિત કરીને ઊભાં રહે છે. એવે પ્રસંગે ધીરજપૂર્વક શ્રી સદ્‌ગુરુની કૃપા ઉપર દૃઢ ભરોસો રાખીને તેઓશ્રીના ચીંધેલા માર્ગે ચાલ્યા કરવાથી શિષ્યનું ચિત્ત જાગેલા સ્મરણ-સંસ્કારમાંથી ક્રમે ક્રમે મુક્ત બનતું જાય છે, અને તેની સાથે સાથે જ તે સદ્‌ગુરુના ચરણો પ્રત્યે સ્વાભાવિક રીતે જ આકર્ષાતો જાય છે. આ આત્મસમર્પણની સાધનાના મુખ્ય નવ ઉપાયો શાસ્ત્રમાં વર્ણવ્યા છે, તે નીચે પ્રમાણે છે:—

श्रवणं कीर्तनं तस्य स्मरणं पादसेवनम् ।
अर्चणं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

૧. સદ્‌ગુરુ વિષે **શ્રવણ** કરતાં કરતાં તેમના પ્રતિ **અનુરાગ** જન્મે છે.

૨. સદ્‌ગુરુના અપાર ગુણરાશિ અને તેઓશ્રીના અનંત **અહેતુક સ્નેહ-પ્રેમનું રટણ વા કીર્તન** કરતા રહેવાથી ચિત્તમાંના સંશય અને મેલ કપાઇ જાય છે.

૩. સદ્‌ગુરુના અલૌકિક **મહાભાવનું સ્મરણ કરતાં કરતાં ચિત્ત રસમય બની જાય છે, અને** તેને પરિણામે હૃદય તથા મન પ્રેમરસથી ઉભરાઈ જવા માંડે છે.

૪. સદ્‌ગુરુના પાદસેવન દ્વારા શિષ્યના અંતરના **દ્વિધાભાવ અને સંકોચનું** નિવારણ થઈ જઈને સંબંધની ગાઢતા અનુભવાય છે.

૫. સદ્‌ગુરુનાં **પૂજનઅર્ચન** દ્વારા તેઓશ્રીનો આશીર્વાદ પમાય છે. અને તેના યોગે જન્મ-જન્માંતરોની **દુષ્કૃતિઓનું** નિવારણ થઈ જાય છે.

૬. સદ્‌ગુરુના **ચરણોમાં વંદન** કરતા રહેવાથી શિષ્યની **અહંતા** ટળી જાય છે.

૭. સદ્‌ગુરુના આજ્ઞાધીન સેવક તરીકે તેમની હરેક પ્રકારની **આજ્ઞાનું પાલન** કરવાની સતત કોશિષ દ્વારા શિષ્યના ભાવ તથા ભક્તિ સુદૃઢ બને છે.

૮. સદ્‌ગુરુ સાથે સખ્ય ભાવથી સંકળાતા શિષ્યના અંતરના તમામ દ્વિધાભાવ, સંકોચ, સંશય, કપટતા અને કુટિલતાનો અંત આવી જાય છે.

૯. સદ્‌ગુરુના ચરણો વિષે પોતાની જાતનું **નિઃશેષપૂર્વક સમર્પણ** કરી દઇને નિરંતર તેમનામાં નિમગ્ન રહેવા કે તલ્લીન બની જવા માટેની **તાલાવેલી તથા કોશિષ** દ્વારા શિષ્ય સદ્‌ગુરુના મહાભાવમાં ભાનભૂલો બની જઈને પોતીકું સ્વતંત્ર અહંપણું અને અસ્તિત્વનું વિસર્જન કરી દેવા સમર્થ બને છે.

ઉપરોક્ત નવધા એટલે નવ પ્રકારના ઉપાયો દ્વારા શિષ્યનો આત્મ-સમર્પણ યોગ પાર પડે છે.

ઉત્તમ શિષ્યનાં લક્ષણ

કયો શિષ્ય સદ્‌ગુરુ સાથે સંબંધ સ્થાપવામાં તથા તેના મહાભાવને ધારણ કરવામાં સફળતા મેળવે છે? એ સંબંધમાં શ્રીભગવાને પોતે જ ગીતામુખે ભાખ્યું છે કે—

'श्रद्धावांल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।'

એટલે કે શ્રદ્ધાવાન, તત્પર અને ઇન્દ્રિયો પર સંયમ ધરાવનારો શિષ્ય જ સદ્‌ગુરુની કૃપાપ્રસાદી પામીને સહજે કૃતકૃત્ય બની જાય છે.

શ્રદ્ધાવાન કોને કહેવો?—તો કે સદ્‌ગુરુ એ જ સ્વયં ભગવાન છે એવો જેનો વિશ્વાસ સુદૃઢ બન્યો હોય, અને તેને પરિણામે જેના સકળ સંશય-સંદેહો દૂર થઇ ગયા હોય, તેના શિષ્યને જ **શ્રદ્ધાવાન** કહેવો.

તત્પર કોને કહેવો?—તો કે પતિપરાયણા સતી સાધ્વી જેમ પતિ સિવાય કોઈ કે કશાને જાણતી પિછાણતી નથી તેમ શ્રીસદ્‌ગુરુને જ યથાસર્વસ્વ માનીને તેમનો જ આશ્રય જે સ્વીકારે છે, તે જ શિષ્ય તત્પર કહેવાય.

સંયતેન્દ્રિય કોને કહેવો?—તો કે તનમન અને વાણીથી જે સદ્‌ગુરુની સેવાસુશ્રુષામાં જ પરોવાઈ રહેતો હોય, તેને જ **સંયતેન્દ્રિય** સમજવો.

અર્જુન પોતાના સખા શ્રીકૃષ્ણને ભગવાન સમજતો હતો, સદા સર્વદા હરકોઈ બાબતમાં તે શ્રીકૃષ્ણનો સંપૂર્ણ ભાવે અનુયાયી અને શરણાપન્ન હતો, શ્રીકૃષ્ણના આદેશાનુસાર એણે ધર્મરાજ્યની સંસ્થાપનાના કાર્યમાં પોતાનું સમગ્ર જીવન સમર્પણ કરી દીધું હતું, એટલે જ એનું હૃદય સદ્‌ગુરુ

રૂપી શ્રી ભગવાનનો મહાભાવ ઓળખાને સાર્થક બન્યું હતું.

સાચો ગુરુભક્ત શિષ્ય વિશ્વબ્રહ્માંડની કોઈ પણ ચીજની આકાંક્ષા રાખતો નથી. ગુરુજીના સાન્નિધ્યમાં રહી ગુરુસેવા કરવી એ જ માત્ર એની ચરમ અને પરમ કામ્ય વસ્તુ બની રહે છે. ગુરુજીનું ચરણામૃત અને પ્રસાદ આરોગીને તે પરમ સંતોષ અનુભવે છે, અને રાજીનો રેડ થઈ જાય છે.

ભગવાન શ્રી કૃષ્ણે સાક્ષાત્ ઉદ્ધવજીને વરદાન આપવાની મરજી દેખાડી, ત્યારે ઉદ્ધવજીએ વિનંતિ કરી કે—

"હે અચ્યુત! આપે મને આપનું જૂઠણ આરોગતો આપનો ચરણ-કિંકર કરી રાખ્યો છે, એટલાથી જ હું કૃતાર્થ બની ગયો છું. મને બીજી કશી જ કામના કે લાલુપતા નથી રહી."

સાત્ત્વિક શ્રદ્ધાથી સદ્ગુરુની કૃપાપ્રાપ્તિ

સદ્ગુરુનો આશરો સ્વીકારનાર શિષ્યે નિરંતર સાત્ત્વિક શ્રદ્ધાપૂર્વક ગુરુસેવાનાં અને ગુરુએ ચીંધેલાં કર્તવ્યકર્મો પાર પાડવાને તત્પર રહેવું જોઈએ. સ્વાર્થકામના, સંકીર્ણતા, કુટિલતા, દાંભિકતા, અભિમાન, અહંકાર, અદેખાઈ, ઘૃણા અને વેરઝેર ઇત્યાદિ અવગુણોને હૃદયમાં કાયમ રાખીને લીધેલો શ્રીસદ્ગુરુ ચરણનો આશ્રય અને કરેલી ગુરુસેવા સાવ એળે જાય છે. અને ગુરુજીની કૃપા અને મરજી સંપાદન કરવા માટેની અમે તેવી કોશિશથી પણ શિષ્યનું લેશ પણ આધ્યાત્મિક કલ્યાણ સધાતું નથી.

લૌકિક બાબતોમાં ગુરુ-શિષ્ય વચ્ચેની શ્રદ્ધાના પ્રકારભેદને કારણે કેવાં પૃથક્ પૃથક્ ફળ મળે છે, તે દૃષ્ટાન્તો દ્વારા સારી પેઠે સમજી શકાશે.

પાંડવોની સાત્ત્વિક અને કૌરવોની તામસી ગુરૂભક્તિ

આચાર્ય શ્રી દ્રોણગુરુના શિષ્યો તો પાંડવો તેમજ કૌરવો, તથા અશ્વત્થામા અને કર્ણ પણ હતા જ, પણ તેમાં પાંચ પાંડવો દ્રોણગુરુની વાસ્તવિક ભક્તિ કરતા હતા, તેમના પર પ્રેમાનુરાગ રાખતા હતા, તથા તેમનાં સુખસગવડો અને દિલરંજન માટે નિરંતર સાવધાન રહી તેમની સેવાસુશ્રુષા ઉઠાવતા હતા અને તેમની બધી આજ્ઞાઓનું પાલન કરતા હતા. પરિણામે દ્રોણગુરુનું તેમના પર ભારે મમત્વ બંધાયું, અને બહુ ઉત્સાહ-પૂર્વક ને ઉમંગથી તેમણે સકળ શસ્ત્રાસ્ત્ર વિદ્યા તેમને ભણાવી દીધી. એથી ઊલટું દુર્યોધનાદિ સો કૌરવભાઈઓના મનની ભાવના એવી હતી કે આપણે તો રાજપુત્ર છીએ. અને ગુરુ દ્રોણાચાર્ય એ તો આપણા અન્ને પોષાતો આશ્રિત બ્રાહ્મણ છે, એટલે એ આપણને ભણાવવા બંધાએલો જ છે. આવી ભાવનાને લીધે ભણતરમાં પણ એ લોકનું ઝાઝું ધ્યાન નહોતું, તેમ ગુરુસેવામાં પણ એટલા જ બેદરકાર રહેતા. આ જાતની તામસી શ્રદ્ધાનું પરિણામ તેમનાં ચારિત્ર અને ભણેલી વિદ્યા ઉપર કેવું અકલ્યાણકર નીપજ્યું તેના સ્મરણ માત્રથી હૃદય શરમનું માર્યું કમકમી ઊઠે છે.

સદ્‌ગુરુરૂપી શ્રી ભગવાને, તેથી જ તો નિજ શિષ્ય અર્જુનને ઉપદેશ્યું છે કે—

सत्त्वानुरुपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥

અર્થાત્ કે—હે ભારત! સર્વ કોઈની શ્રદ્ધા તેમના અંતઃકરણને અનુસરતી રહે છે. જે જેવી શ્રદ્ધાવાળો હોય છે તેવો જ તે થાય છે. માટે આ દરેક મનુષ્ય શ્રદ્ધામય જ છે, અને શ્રદ્ધાએ જ ઘડેલો છે.

મતલબ કે જન્મજન્માંતરોનાં શુભાશુભ કર્મો અનુસાર માણસમાં સાત્ત્વિક, રાજસી અને તામસી શ્રદ્ધા પ્રગટે છે, અને એ શ્રદ્ધા પ્રમાણે થતાં કાર્યોનાં ફળ પણ તેવાં જ મળે છે.

કર્ણ અને અશ્વત્થામાની રાજસી ગુરુભક્તિ

કર્ણ અને અશ્વત્થામાની ગુરુભક્તિ ઈર્ષ્યામૂલક હતી. એમનો મનોભાવ એવો હતો કે દ્રોણગુરુ અર્જુન પ્રત્યે ખોટો પક્ષપાત દેખાડે છે અને તેને વધારે શિખવાડે છે: અમે શું અર્જુનનાં કરતાં ઊતરતા છીએ ? આવા પ્રકારના ઈર્ષ્યાભાવથી રંગાયેલા ચિત્તે મેળવેલું દંભ, દર્પ અને અભિમાનને પોષતું ભણતર ભણેલા કર્ણ તથા અશ્વત્થામાનાં ચારિત્ર્ય તેમજ કાર્યોએ કેવા કેવા અશુભ અનર્થો પ્રગટાવ્યા–તેની તો મહાભારતના વાચક-માત્રને સારી પેઠે ખબર છે.

પાંચ પાંડવોની અંદર પણ શ્રદ્ધાભેદને કારણે તેમના ચારિત્ર્યઘડતરમાં કેવો તફાવત પડી ગયો હતો તે પણ ધ્યાનમાં લેવા જેવું છે.

યુધિષ્ઠિરની ધર્મમૂલક ભક્તિ

યુધિષ્ઠિર ગુરુસેવા કરતા તે નિજ કર્તવ્યકર્મ ગણીને. શાસ્ત્રોની એવી આજ્ઞા છે, સમાજની એ રીતિનીતિ છે, વિદ્યાની પ્રાપ્તિ માટે ગુરુ પ્રત્યે એવો આચારવ્યવહાર રાખવો જ જોઈએ–એવા નિર્દોષ ભાવથી યુધિષ્ઠિર ગુરુસેવા કરતા, અને એમ કરીને તેઓ માની લેતા કે ગુરુજી રાજી થયા છે. આનું પરિણામ એ આવ્યું કે તેમના ચારિત્ર્યમાં કર્ત્તવ્ય-ભાવના, નિતિજ્ઞાન અને ધર્માધર્મનો વિવેક ઇત્યાદિ ગુણોનો સારો વિકાસ થયો. યુધિષ્ઠિરનું સમગ્ર જીવન આનું ઉજ્જવલ દૃષ્ટાંત પૂરું પાડે છે.

અર્જુનની નિઃસ્વાર્થ પ્રેમમૂલક ગુરુભક્તિ

ઊલટપક્ષે અર્જુન જે ગુરુસેવા કરતો તે વિદ્યાસંપાદનની ખાતર નહિ, કર્ત્તવ્યપાલનની ખાતર નહિ, તેમ સામાજિક રૂઢિ કે નીતિની ખાતર પણ નહિ; પરંતુ ગુરુજીને તે જાનોજિગરથી ચાહતો હતો એટલા ખાતર તેમ કરતો હતો. ગુરુના ઉપર એના અંતર વિષે સ્વાભાવિક નિઃસ્વાર્થ ભક્તિ અને પ્રેમાનુરાગ હતાં, તેને લઈને તે ગુરુસેવા કરવાને પ્રેરાતો. ગુરુજીએ પણ અનેક વાર અનેક પ્રસંગો દ્વારા અર્જુનની એ ભક્તિ અને તેના પ્રેમભાવની ચકાસણી કરી જોઈ હતી. એ બધે જ પ્રસંગે અર્જુન ખરેખર ગુરુમય વૃત્તિવાળો ઠર્યો હતો. અર્જુનની એ ગુરુભક્તિ સાચે જ નિઃસ્વાર્થી હતી. એનું પરિણામ પણ એવું જ આવ્યું. ગુરુના અપાર સ્નેહાશીર્વાદ સાથે અર્જુન ગુરુજીની સર્વોત્તમ વિદ્યાનો અધિકારી બન્યો અને બધી બાબતોમાં અદ્વિતીય તરીકે જગતભરમાં પંકાયો.

સદ્‌ગુરુ સાથેનો નિઃસ્વાર્થ પ્રેમસંબંધ

સદ્‌ગુરુના મહાભાવ તથા શક્તિની પ્રાપ્તિપૂર્વક મહામુક્તિના અધિકારી બન્યા બાદ, શિષ્યને સદ્‌ગુરુજી સાથે નિઃસ્વાર્થ પ્રેમસંબંધ સ્થાપન કરવો પડે છે. કોઈ પણ તરેહની ઐહિક સ્વાર્થભાવના સાથે ગુરુચરણે ઉપસ્થિત થવું એ કેવળ નિરર્થક છે. એથી ફળલાભ તો કશો જ થતો નથી, ઊલટાનું અંતરને વિષે અતૃપ્તિ, અશાંતિ અને બળતરાના ભાવો વૃદ્ધિગત થવા પામે છે. સદ્‌ગુરુના નિઃસ્વાર્થ સ્નેહકરુણા સંબંધમાં કોઈ પણ જાતના સંશય, સંદેહ કે પક્ષપાતની આશંકા જો દિલમાં રહી જાય, તો પ્રેમજીવનના મૂળમાં કુહાડાનો ઘા તો પડશે જ પડશે, પરંતુ

એથી યે વિશેષ ગેરલાભ તો એ થશે કે અશાન્તિની આગમાં બળી મરવાની વેળા આવશે.

માતાપિતા પોતાના બાળક પર સ્નેહ વર્ષાવી એ પ્યારમાં જ સુખ માને છે, બદલામાં કશાયની આશા રાખતાં નથી. તેવી જ રીતે સદ્દગુરુને નિઃસ્વાર્થભાવે, કોઇપણ બદલો મેળવવાની આશા રાખ્યા વગર જો ચાહતાં આવડી જાય, તો તો સાચાં શાંતિ અને આનંદ નક્કી પ્રાપ્ત થઇ જાય. સદ્દગુરુના સ્નેહાનુરાગ પણ શિષ્યને નિજ મહાભાવમાં નિમગ્ન રાખશે. **કેવળ ગુરુકૃપા મેળવવા ખાતર, અને તેમની તુષ્ટિ, તૃપ્તિ અને સુખશાન્તિ ખાતર જ, તેમને આનંદ ઉપજાવવા ખાતર જ તેમના પર પ્યાર રાખવો જોઈએ અને તેમની સેવાચાકરી કરી તેમના આદેશાનું યથાયોગ્ય પાલન કરવું જોઇએ.**

અધિકારી બનો અનંતના તમે, જો
પ્રેમસિંધુ અંતરે ઉભરાય;
નહિ નહિ ભરો ડગ પાછાં તમે તો,
ભવતરણની એ જ સાચી નૈયા,
ભિક્ષુકને કહો સુખ કયારે જ થાય ?
કૃપાપાત્ર થયા વીણ ફળ ના પમાય.

ચાલો ત્યારે, આ જ આ મહાયુગના મહાપ્રભાતે આપણે સૌ એ નરદેહધારી સદ્દગુરુરૂપી શ્રી ભગવાનના ચરણોમાં આળોટતાં આળોટતાં અને આતુરતાપૂર્વક દિલ ભરી ભરીને પ્રાર્થના કરીએ:—

સમૂહ-પ્રાર્થના

(૧)

ગુરુ નારાયણ કરો આશિષવર્ષણ દીન દુર્બળ સંતાન પરે,
તિમિર હરો અમ હૃદય તણું પ્રભો! ગુરુ વીણ બેલી કો સંસારે ?

(૨)

જાગે ના કુમંત્રણા પાપની અંતર વિષે,
માગીએ એ જ ભિક્ષા પ્રભુ આપ ચરણમાં
રાખજો મન-બુદ્ધિ અમ નિર્મળાં સદા યે,
સંપદમાં વિપદમાં જીવનમાં મરણમાં.

—ગુરુ નારાયણ•

(૩)

છો પ્રભો! નિત્ય નિર્ગુણ અક્ષય છતાં યે,
અશબ્દ અસ્પર્શ અરૂપ અવ્યય છતાં યે;
ધરો દેહ-રૂપ અને જીવો નિજ ઉગારો,
કરી જ્ઞાનલ્હાણી જનમ મરણ નિવારો.

—ગુરુ નારાયણ•

(૪)

ભવતારક સમા તમ ચરણારવિંદો
નવ ઓળખી શકયા આજ પર્યંત અમે તો,
મોહાંધ એવા અમો આવિયા આપ શરણે,
રહો દિલ અમારાં સતત આપ ચરણે.

—ગુરુ નારાયણ•

(૫)

આદેશ સકળ તમ નિજ શિરે ચઢાવી,
વિચરીશું નાથ ! માર્ગ-સાધનને બઢાવી;
કરી કૃપા પ્રભુજી ભવસાગર તરાવો,
જીવનમાં નથી અમ હવે મોહ-ભરાવો.

—ગુરુ નારાયણ.

(૬)

રોતાં રહી વિતાડયાં જન્માંતરો અસંખ્ય,
ચરણપ્રાપ્તિથી આજ બન્યા કૃતકૃત્ય;
ધારી છબી આપની અમ અંતઃકરણમાં,
ભાવે અરપિયે પુષ્પાંજલિ શ્રીચરણમાં.

—ગુરુ નારાયણ.

સદ્‌ગુરુ સ્વયં શ્રી ભગવાન

સત્ એટલે નિત્યવિદ્યમાન. જે વસ્તુ અજર, અમર, અક્ષય અને અવ્યય હોય તે વસ્તુ સત્ કહેવાય. શ્રી ભગવાન એ જ એક માત્ર 'સત્' વસ્તુ છે. શ્રી ભગવાન વગર બીજું બધું જ અસત્, વિનાશશીલ અને ક્ષયશીલ છે. 'સદ્‌ગુરુ' એ શબ્દ દ્વારા એ શ્રી સત્ ભગવાનનો જ નિર્દેશ કરવામાં આવે છે. **માનવજાતના ઉદ્ધાર માટે ભગવાન જ્યારે નરદેહ ધારણ કરીને જગદ્‌ગુરુ રૂપે અવતરે છે, ત્યારે એ નરદેહધારી શ્રી ભગવાન જ સદ્‌ગુરુ નામે ઓળખાય છે.** બાકી, સાધારણ રીતે તો જે કોઈ વ્યક્તિ પોતાના સાધનબળથી ભગવત્‌કૃપા તથા શક્તિનો અધિકારી બનીને શિષ્યસમુદાયમાં એ શકિતનો સંચાર કરે છે, તે બધી વ્યકિતઓ 'ગુરુ' નામે ઓળખાય છે. પરંતુ **એક માત્ર નરરૂપ ધારી સ્વયં શ્રી ભગવાન જ 'સદ્‌ગુરુ' નામે ઓળખાય છે.**

શિક્ષાદાતા માત્ર ગુરૂ—એક માત્ર શ્રી ભગવાન જ સદ્‌ગુરૂ

જેની કનેથી કોઈ પણ વિષયનું કંઈ પણ જ્ઞાન મળી શકે, તે લૌકિક દૃષ્ટિએ 'ગુરુ' કહેવાય. પરંતુ 'ગુરુ' શબ્દના પ્રકૃત અથવા સાચા અર્થમાં તો એક માત્ર શ્રી ભગવાન જ ગુરુ થઈ શકે. તંત્રમાં શ્રી સદાશિવજી કહે છે કે:—

'गुकारश्चान्धकारः स्यात् रुकारस्तेज उच्यते ।
अज्ञान-ध्वंसकं ब्रह्म गुरुरेव न संशयः ॥

ગુ=અંધકાર, રુ=તેજ, એટલે તેજ દ્વારા જે અજ્ઞાનાંધકારનો નાશ કરી દે તે જ ગુરુ.

गुकारः प्रथमो वर्णो मायादिगुणभासकः ।
रुकारो द्वितीयो ब्रह्म मायाभ्रान्तिविमोचकः ॥

'ગુરુ' એ અક્ષર દ્વારા માયાદિ ગુણો અને 'રુ' એ અક્ષર દ્વારા માયા તથા ભ્રાન્તિના સંહારક તેજસ્વરૂપ પરબ્રહ્મને સમજવા.

એક માત્ર શ્રી ભગવાન જ જીવોને માયાની જાળમાંથી ઉગારી શકે છે.

दैवीह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

મારી દૈવી ત્રિગુણમયી જે માયા છે, તે દુરતિક્રમણીય છે યાને સહેજે તરી જઈ શકાય એવી નથી. મારો આશ્રય જેઓ લે છે, તેઓ જ માત્ર મારી કૃપા થકી આ માયાચક્રમાંથી નિસ્તાર પામે છે. કેટલાક ઝેરી સાપો એવી જાતના હોય છે કે તેમનું ઝેર ગારૂડી આવીને મંત્રબળથી ઉતારી લે તો તે પછી સર્પદંશવાળો દરદી બચી જાય છે, તે સિવાય તેનું જીવન બચવું અસંભવિત હોય છે. શ્રી ભગવાન પણ એવી જ રીતે આ માયાનું લીલાચક્ર નિર્માણ કરીને જીવોને અજ્ઞાનવશ કરી **'यंत्रारूढानि मायया'**–માયારૂપી યંત્ર પર ચઢાવીને ઘુમાવે છે. ઘૂમતાં ઘૂમતાં જીવ જ્યારે છેક જ થાકી જાય અને હતાશ થઇને એ માયાચક્રમાંથી છૂટવાને માટે તરફડવા માંડે–છેક જ વ્યાકુળ બની જાય, ત્યારે **શ્રી ભગવાન સ્વયં સદ્‌ગુરુ રૂપે જગતમાં અવતાર લઇને જીવના હૃદય વિષે ચૈતન્યનાં બીજ રોપે છે અને તેના માયાપાશ કાપી નાખે છે.** એટલે પછી જીવ મહામુક્તિ મેળવીને કૃતકૃત્ય બની જાય છે.

~~~~~~
~~~~~~

સદ્‌ગુરૂ—શકિત એ જ શ્રી ભગવચ્છકિત

માનવી ફાવે તેટલો ઉન્નત અને શક્તિશાલી ભલે ને હોય, પરંતુ ભગવાન પોતે જ્યાં સુધી તેનો ઉદ્ધાર ન કરે ત્યાં સુધી કોઈ પણ તેનું આ માયાચક્ર ભેદવાને કેવળ અસમર્થ છે. શ્રુતિ પણ એ જ આખરી વાત કહે છેઃ—

नाऽयमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यो
तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥

જપ-તપ, આરાધના—વિદ્યા બુદ્ધિ, મેધા-પ્રતિભાઃ એમાંનું કશું જ આ આત્માને મેળવી આપવાને માટે પૂરતું નથી. એ તો પરમાત્મા સ્વયં જેને પસંદ કરે, યાને કૃપા કરીને જેની આગળ પોતાનું સ્વરૂપ પ્રકટ કરે, તે જ માત્ર તેને એટલે કે પરમાત્માને ઓળખીને અને પ્રાપ્ત થઇને આ સંસારચક્રમાંથી છુટી જઈ શકે.

સદ્‌ગુરુ જ સ્વયં શ્રી ભગવાન હોઇ સદ્‌ગુરુની શક્તિ એ જ શ્રી ભગવાનની શકિત છે. સદ્‌ગુરુની શકિત જ શિષ્યમાં સંચરીને તેના અંતરની માયાની ગાંઠો ઢીલી કરી દે છે. સદ્‌ગુરુનો આશ્રય જેમને મળ્યો છે, એવી ભાગ્યવાન વ્યક્તિઓ પોતપોતાના જીવનમાં આ ગુરુશક્તિની અદ્‌ભુત ક્રિયાનો પરચો મેળવીને ચકિત અને કૃતાર્થ બની ગઈ છે.

એકલો મંત્ર ગ્રહણ કરવો એ દીક્ષા ન કહેવાય

સાધારણ રીતે ગુરુ મંત્રને આધારે શિષ્યમાં શક્તિનો સંચાર કરે છે. મંત્ર એ જ ગુરુશિષ્ય વચ્ચેના સંબંધના બીજ રૂપ છે. ગુરુ નિજ શક્તિનું બીજ મંત્ર વાટે શિષ્યના હૃદયમાં રોપે છે, એટલે મંત્રગ્રહણની ક્રિયાને દીક્ષા, અલબત્ત કહી શકાય.

પરંતુ સદ્‌ગુરુની વાત નિરાળી છે. સદ્‌ગુરુ પણ મંત્રને આધારે શિષ્યોને સાધન કિંવા દીક્ષા આપે છે, એ સાચું. પરંતુ **મંત્રના આધાર વગર પણ બીજા અસંખ્ય ઉપાયો વડે સદ્‌ગુરુની શક્તિ જીવોના હૃદયમાં સંચારિત થાય છે.** આ પહેલાં કહેવાઇ જ ચૂક્યું છે કે સદ્‌ગુરુ સર્વજ્ઞ, સર્વદ્રષ્ટા, તેમ સર્વશક્તિમાન છે. એટલે તેઓશ્રીની મહાશક્તિની ગતિ પણ સર્વત્ર અબાધિત હોય છે. અનુયાયી ભક્તિજન અને શરણાગત શિષ્યવર્ગ હરકોઇ સ્થાને અને હરકોઇ અવસ્થામાં ભલે ને હોય, પણ તેમને સદ્‌ગુરુની મહાશક્તિની સહાય મળી જ રહે છે માટે **જેઓ પ્રત્યક્ષ શ્રી સદ્‌ગુરુ કને મંત્ર ગ્રહણ કરવાને ભાગ્યશાળી નથી બન્યાં, તેવાં માણસો પણ જો તેઓશ્રીના ઉપર જ કેવળ ભરોસો અને શ્રદ્ધા રાખનારાં થઈ જાય છે, તો તેમને પણ તેઓશ્રીની શક્તિનો અનુભવ મળવા માંડે છે.**

શાસ્ત્રોકત દીક્ષાના પ્રકારો

શાસ્ત્રમાં દીક્ષાના ત્રણ પ્રકાર કહેવાયા છે: (૧) શાંભવી (૨) શાકતી અને (૩) આણવી.

(૧) સાધારણ ગૃહસ્થાશ્રમી ગુરુ શિષ્યોને કેટલીક નિયમ પ્રણાલી અને અને સદાચારની પ્રથા સહિત જે મંત્રદીક્ષા આપે તેને **આણવી વા માન્ત્રી દીક્ષા કહેવામાં આવે છે.** આ દીક્ષાની નિયમાવલિ મુજબના તે દીક્ષા અંગેનાં આચાર-અનુષ્ઠાનો જો બરાબર આચરી શકાય તો શિષ્યનાં સ્વભાવ, ચરિત્ર તથા રીતિ તેમ પ્રકૃતિમાં ઉન્નતિસૂચક પરિવર્તન થવા પામે છે; અને પછી ક્રમેક્રમે જન્માંતરમાં સદ્‌ગુરુનો ભેટો તેને થઈ જાય છે.

(૨) બ્રહ્મજ્ઞ સિદ્ધ મહાપુરુષો શિષ્યને મંત્ર સહિત જે શક્તિપ્રદાન કરે છે, તેને **શાક્તી દીક્ષા કહેવામાં આવે છે.** એ દીક્ષા દ્વારા સાધકની કુલકુણ્ડલિની શક્તિ જાગૃત થાય છે, અને શિષ્યના અંતર વિષે પ્રસુપ્ત રહેલી શક્તિ જાગૃત બનતાં આત્મજ્ઞાનની આકાંક્ષા અને તાલાવેલી પ્રકટે છે. પરિણામે જન્માંતરમાં સદ્‌ગુરુનો આશ્રય પામીને તે મહામુક્તિનો અધિકારી બને છે.

(૩) વિશ્વજીવોના પરમ સૌભાગ્યે કરીને યુગે યુગે કરુણાવતાર શ્રી **ભગવાન સદ્‌ગુરુરૂપે જીવોના ઉદ્ધાર માટે જગતમાં અવતરે છે, ત્યારે તેમનાં દર્શનથી, સ્પર્શથી, શિક્ષા-દીક્ષાથી, પૂજન-અર્ચનથી, ધ્યાન-ધારણાથી, સેવાસુશ્રુષાથી કે આદેશપાલનથી, કિંવા તેમનાં સ્મરણ-મનનથી, શ્રવણ-ભાવથી, ચિંતવનથી, વાણીથી, ઈચ્છા-આશ્વાસન કે આશીર્વાદથી, તેમજ બીજા અસંખ્ય અણધાર્યા ઉપાયોથી જીવના હૃદયમાં જે મહાભાવ, મહાશક્તિ તથા**

મહામુક્તિની આકાંક્ષા સંચારિત વા પ્રકટ થાય છે, તે સાંભવી દીક્ષા કહેવાય છે. મતલબ કે સાંભવી દીક્ષા સુદુર્લભ છે. સાંભવી દીક્ષામાં એક માત્ર મંત્રગ્રહણ કરવાથી જ શક્તિનો સંચાર થઇ જાય છે, એવું નથી સમજવાનું. સદ્‌ગુરુરૂપી કેન્દ્રની ચોપાસ એક વિરાટ આધ્યાત્મિક મહાભાવનું પ્રબળ મોજું વિસ્તરેલું છે. એ મહાભાવના મોજામાં જેઓ હરકોઈ ઉપાયે કે હર કોઈ રીતે ઝડપાઈને શ્રી સદ્‌ગુરુચરણનો આશ્રય મેળવવા ભાગ્યશાળી બને છે. તેઓ જ મહાશક્તિ તથા મહાભાવના અધિકારી બની શકે છે, એટલે આ સાંભવી દીક્ષામાં અધિકારી–અનધિકારીનો વિચાર કરવાપણું હોતું જ નથી. જાતિધર્મ કે વર્ણના ભેદ વગર બધાં જ આ મહાભાવ અને મહાશક્તિનો લાભ પામી શકે છે. જીવો પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને જ શ્રી ભગવાન, રામ, કૃષ્ણ, બુદ્ધ, શંકર, ચૈતન્ય, ઈશુ, મહમદ વગેરે વગેરે સદ્‌ગુરુરૂપે યુગેયુગે અવતરીને આ શાશ્વતિ દીક્ષાનું પૂર ઉભરાવે છે અને તેમાં લાખો ને કરોડો સ્ત્રી પુરુષોને ઘસડી લઇને મહામુક્તિના પંથે ચઢાવી દે છે.

આ યુગમાં પણ પ્રભુ ફરીથી ભારત સેવાશ્રમ સંઘના પ્રતિષ્ઠાતા જગદ્‌ગુરુ આચાર્ય શ્રીમત્‌ સ્વામી પ્રણવાનંદજીએ સદ્‌ગુરુરૂપે એ જ મહાભાવ અને મહાશક્તિની લીલા પ્રવર્તાવી છે, અને તેના પ્રભાવથી લાખો માનવીઓ વિવિધ પ્રકારે, વિવિધ માર્ગે અને વિવિધ સંબંધો દ્વારા તેઓશ્રીની કૃપાના અધિકારી બન્યાં છે અને બની રહ્યાં છે.

સદ્‌ગુરુની શક્તિનો શિષ્યમાં વિવિધ પ્રકારે સંચાર થાય છે

અગાઉ કહેવાઈ જ ગયું છે કે સદ્‌ગુરુના મહાભાવ તથા મહાશક્તિ શિષ્યોની અંદર વિવિધ પ્રકારે સંચારિત થાય છે. થોડાક લૌકિક દાખલા દ્વારા આ બાબત બહુ સહેલાઇથી સમજી શકાશે.

(૧) માછલીઓ જળાશયની અંદર પોતાનાં ઈંડાં મૂકીને રાતદિવસ તેમના પર પોતાની સાવધાનીભરી દૃષ્ટિ રાખીને તેમનું સેવન કરતી રહે છે. માછલીઓની એ તીવ્ર સાવધાનીભરી દૃષ્ટિ દ્વારા માછલીની ઇચ્છાશક્તિ એ ઈંડાંઓમાં ક્રિયા કરે છે, અને તેને પરિણામે ઈંડાંઓ બરાબર સેવાઇને યોગ્ય વખતે ફૂટે છે. ઈંડા ફૂટી ગયા પછી પણ જ્યાં લગી બચ્ચાંઓ પોતાની જાતની સંભાળ લેવાને શક્તિમાન નથી થતાં, ત્યાં લગી તેમને પોતાની સાથમાં ને સાથમાં જ રાખીને માછલી તેમને સંભાળતી રહે છે. એ જ પ્રમાણે **એક પ્રકારના શિષ્યોનાં અંતરમાં સદ્‌ગુરુની મહાશક્તિ તેઓશ્રીની દૃષ્ટિ મારફત જ સંચારિત થાય છે.**

(૨) કાચબીઓ જમીન પર આવીને ખાડામાં પોતાનાં ઈંડાં મૂકીને પોતે પાછી જળાશયમાં જતી રહે છે, અને જળાશયમાં રહ્યાં રહ્યાં જ એકાગ્રચિત્તે પોતીકાં એ ઈંડાંનું સ્મરણમનન કરતી રહે છે. એના એ એકધારા તીવ્ર ચિંતવન દ્વારા આઘે રહેલી કાચબીની ઇચ્છાશક્તિ ઈંડાંની અંદર પોતાનુ કાર્ય કરે છે, ને તેને પરિણામે ઈંડાં સેવાઈને યથાસમયે ફૂટે છે. એવી જ રીતે **એક પ્રકારના એવા બીજા શિષ્યો હોય છે કે જેમની અંદર શ્રી સદ્‌ગુરુ માત્ર સ્મરણ–મનન દ્વારા જ પોતાની શક્તિનો સંચાર કરે છે.**

(૩) પક્ષીઓ પોતપોતાના માળામાં ઈંડાં મૂકીને નિરંતર કાળજીપૂર્વક

પોતાની પાંખો તેમના પર ઢાંકી રાખીને તેમનું સેવન કરે છે. પક્ષીઓની ઇચ્છાશક્તિ સ્પર્શ વાટે ઈંડાંઓમાં કાર્ય કરે છે અને તેને પરિણામે ઈંડાં સેવાઈને વખત આવતાં ફૂટે છે. એ જ પ્રમાણે કોઈક કોઈક શિષ્યના **હૃદયમાં સદ્‌ગુરુ પોતીકા સ્પર્શ દ્વારા શકિતનો સંચાર કરે છે.**

સાધારણ ૨–૩ દૃષ્ટાંતો જ માત્ર જ આપ્યાં છે. એવા એવા તો બીજા સેંકડો અને હજારો માર્ગે શ્રી સદ્‌ગુરુનાં મહાભાવ અને મહાશક્તિ લાખો નરનારીઓનાં અંતરમાં ને પ્રાણમાં સંચાર પામે છે. એ બધાનો તાગ મેળવવું માનવી બુદ્ધિ માટે અત્યંત કઠણ છે.

સદ્‌ગુરુની શકિતની ક્રિયા

સદ્‌ગુરુની શકિત અમોઘ અને અબાધ હોય છે. અગ્નિનો નાનકડો તણખો જેમ ધીરે ધીરે જોર પકડીને ઢગલાબંધ બળતણને બાળી રાખ કરી દે છે, તેમ સદ્‌ગુરુની શક્તિ બીજ રૂપે એક વાર શિષ્યના હૃદયમાં પ્રવેશ થવા પામતાં ધીરે ધીરે અને અગોચર રીતે તે એ શિષ્યના અનંત જન્મોનાં અનંત પાપ–તાપ અને મલિનતા માત્રને નામશેષ કરી દે છે. સદ્‌ગુરુની શકિતની ક્રિયાનો પ્રત્યક્ષ અનુભવ ભલે ને ન થવા પામે, છતાં પણ તે સર્વદા અમોઘ અને અબાધ હોય છે. **એ શકિતની ક્રિયા નિરંતર અબાધિત ભાવે ચાલ્યા જ કરે છે, અને શિષ્યના પ્રારબ્ધના ક્ષયની સાથે સાથે જ એ શકિત ક્રમશઃ પ્રબળ અને પ્રબળરૂપ ધારણ કરતી જાય છે–તે એટલે લગી કે** આખરે શિષ્યના કામક્રોધાદિક તમામને બાળીને ખાખ કરી દઈ તેને નૂતન જન્મ અને નવજીવન બક્ષી નૂતન મનુષ્યમાં ફેરવી નાંખે છે: અને ત્યારે જ સદ્‌ગુરુ

શ્રીની શક્તિની અદ્દભુત ક્રિયાનો સાક્ષાત્કાર પામી જનસાધારણ વિસ્મિત બની જાય છે

સદ્દગુરુશ્રીની કૃપાથી જન્મજન્માંતરોની સાધનાને પ્રભાવે જેમનાં પ્રારબ્ધનો લગભગ ક્ષય થઈ ગયો હોય છે, માત્ર નહિ જેવું જ બાકી રહ્યું હોય છે, તેઓના જ આ ચાલુ જન્મમાં સદ્દગુરુજીની શકિતનું અદ્દભુત ફળ પ્રકટ થવા પામે છે. રત્નાકર નામનો પારધી દેવર્ષિ નારદના ગુરુમંત્રથી મુહૂર્ત માત્રમાં એક નૂતન મનુષ્યમાં ફેરવાઇ ગયો, અને મહાપ્રભુ શ્રી ચૈતન્ય દેવની મહાશકિતના સ્પર્શ માત્રથી જગાઇ માધાઈ નામના દુષ્ટ સ્વભાવના દારૂડિયા લંપટ અને અધર્મી ભાઇઓ મહાભકતો બની ગયા; તેવી જ રીતે દવીરખાસ તથા સાકર મલ્લિક નામના મુસલમાન ભકતો શ્રી ચૈતન્ય મહાપ્રભુજીની કૃપાપ્રસાદીથી નિમેષ માત્રમાં સર્વત્યાગી ફકીર બની જઈને રૂપ–સનાતનમાં ફેરવાઈ ગયા ! આવી હોય છે શ્રી સદ્દગુરુજીની શક્તિની અલૌકિક લીલા! પરંતુ એ બધી વ્યકિતઓએ જન્મજન્માંતરોમાં સદ્દગુરુનો આશ્રય ગ્રહણ કરીને સાધના સાધેલી અને તેને લઇને તેમનાં પ્રારબ્ધ પણ ક્ષીણ થવા આવ્યાં હતાં, એ ભૂલાવું ન જોઇએ.

કર્મચક્ર એ જ સંસારચક્ર

જીવ માત્ર વાસનાનો દાસ છે. વાસના એ જ કર્મનું બીજ છે; વાસનાને લઈને જીવ કર્મ કરવા પ્રેરાય છે અને કર્મ કરતો કરતો તે નવી નવી વાસનાઓની સૃષ્ટિ રચતો રહે છે. ચંડીપાઠમાં કથાયલું રકતબીજ તે આ વાસના જ છે. આ અનંત કર્મચક્ર એ જ સંસારચક્ર છે. માનવપ્રાણી અમુક જન્મજન્માંતરો ધરીને આ સંસારચક્રમાં ભ્રમણ કરે છે. વાસનાનું ભારણ જેમ જેમ બઢતું જાય છે, તેમ તેમ કર્મચક્રનો વેગ પણ વધતો રહે છે. એ ચક્રને નથી હોતો વિરામ કે નથી હોતો વિશ્રામ. એ ત્રિતાપ

દગ્ધ હૃદયને ઠરવા માટે નથી મળતું કોઈ સ્થાન અને નથી મળતો કોઈ ઉપાય.

ચાહું ઠરવા ચાહું મળવા, કહો કયાં જઈ ઠરૂં હું ?
કયાંથી આવ્યો, ઠરવાનો કયાં જઇ નથી જાણતો તે હું.
ફરી ફરી વાર આવું છું, રડું છું ને વળી હસું છું,
ફરી પાછો જવાનો કયાં, વિચારી લે ભાઈ, હવે તું !

આ કર્મબંધનમાંથી છૂટકારો મેળવવાની ઇચ્છાથી માણસ જેમ જેમ ઉપાય કરતો જાય છે, તેમ તેમ એ ઉપાયનાં કર્મો જ ઊલટાનાં નવાં બંધન ઊભાં કરે છે ને તેને ઓર બાંધી લે છે. એ રીતે એક કર્મના બંધનમાંથી છૂટવા જતાં બીજા પ્રકારનાં કર્મોના ફાંદામાં સપડાઈને જીવ અકળાઇ જાય છે, મુઝાઇ જાય છે ને આરડવા માંડે છે. બંધન તે બંધન પછી ભલે ને તે બંધન લોઢાની સાંકળનું હોય, સોનાની સાંકળનું હોય કે પછી કોઇ બીજી કોઈ તરેહનું હોય !

લોહતણી જંજિરે જકડાયો છે સંસાર
દાસત્વખત લખી દીધું છે જીવે જ હાય !
વીતી ગયાં દાસત્વ ખેડતાં કંઈ જન્માંતર
તદપિયે દાસત્વખતનો આવ્યો નહિ જ પાર !
અમ માટે નથી આરામ અસુખ કે રડવાપણું
ભલે ને ખાંધનાં ધારાં હોય ના રૂઝાણું !
ઉભરાતાં નીર નયનોમાં લૂછતાં એક હાથે
ઉપાડવો રહે બોજો ઝખ મારીને જ માથે !
બહુ જ શ્રમિત બની જતાં ધક્કો મારી દૂર કરે
પણ સ્વાતંત્ર્ય નામે ન દિયે, સોંપે શત્રુકર વિષે.
ઘાણીમાં ઘાલી તે પણ તેલ કાઢે અમારૂં
કડવાં વીતકો આવાં રડવાં કોની આગે વારૂં ?

ત્રિવિધ કર્મો

જન્મજન્માંતરોમાં માનવીએ શુભાશુભ જેટલાં કર્મો કર્યાં હોય છે, તેમનાં ફળ તેને ચાલુ જનમમાં ભોગવવાં જ રહે છે. કહ્યું છે કે—**अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्।** એ પૂર્વ જન્મોનાં કર્મો ત્રણ ભાગમાં વહેંચી શકાયઃ (૧) **સંચિત**, (૨) **પ્રારબ્ધ**, **અને** (૩) **ક્રિયમાણ.** જન્માંતરમાં જીવે જે કર્મો કર્યાં હોય, તેમાંનાં કેટલાંકનાં ફળ ભોગવવા માટે જ તે આ જનમમાં આ દેહમાં અવતર્યો હોય છે. એ જાતનાં કર્મો તે **પ્રારબ્ધ કર્મો** કહેવાય છે; એ જ રીતે કેટલાંક કર્મોનાં ફળ તેને ભાવિ જન્મમાં ભોગવવા માટે શિલક રહે છે. તેવાં કર્મો **સંચિત કર્મો** કહેવાય છે; અને વાસનાથી પ્રેરાઇને આસક્તિપૂર્વક જે જે કર્મો તે આ જનમમાં આચરતો રહે છે, તે બધાં **ક્રિયમાણ કર્મ** કહેવાય છે.

જેમકે કોઈ એક યોદ્ધો પોતાની કમાન પર એક તીર ગોઠવે છે; કેટલાંક તીર તેના ભાથામાં હજી રહ્યાં છે; અને એક તીર તેણે આ પહેલાં છોડી દીધું છે. આમાં ભાથામાં સિલક રહેલાં તીરોની સરખામણી સંચિત કર્મો સાથે, કમાનની દોરી પર ગોઠવેલાની સરખામણી પ્રારબ્ધ કર્મની સાથે, તથા જે તીર છૂટી ગયું છે તેની સરખામણી ક્રિયમાણ કર્મની સાથે થઇ શકે.

સદ્‌ગુરુની–શક્તિ–પ્રભાવે કર્મનો ક્ષય

આ કર્મચક્રમાંથી છૂટકારો મેળવવાનો એકનો એક ઉપાય જો કંઇ હોય તો તે સદ્‌ગુરુરૂપી શ્રીભગવાનની કૃપા જ, એ તો આગળ કહેવાઈ જ ગયું છે. **સદ્‌ગુરુની પાસેથી દીક્ષાનો લાભ મેળવ્યાની ઘડીથી જ**

શિષ્યની નૂતનકર્મસૃષ્ટિ ઉદ્ભવતી બંધ પડે છે. તે પછીથી તો શિષ્યને કેવળ તેનાં પ્રારબ્ધ અને સંચિત કર્મો જ ભોગવવાં રહે છે. સદ્ગુરુ હસ્તે દીક્ષા પામેલા શિષ્યનાં પ્રારબ્ધ અને સંચિત કર્મો, સાધારણ રીતે ત્રણ જન્મમાં જ ખલાસ થઇ જાય છે.

પરંતુ તીવ્ર વ્યાકુળતાવાળા તથા સાધન–અધ્યવસાયવાળા શિષ્યનાં એ અધૂરા કર્મભોગો એથી પણ વહેલાં–બે જન્મોમાં અગર એક જન્મમાં જ ખલાસ થઇ શકે છે. તીવ્ર વ્યાકુળતા ધરાવતા તથા અદમ્ય અધ્યવસાયવાળા શિષ્યના હૃદયમાં સદ્ગુરુની શક્તિ વધારે વેગથી આત્મપ્રકાશ ફેલાવે છે, એટલે તેનાં સંચિત કર્મો અંત અલ્પ સમયમાં યાને આ ચાલુ જન્મમાં જ ભોગવાઈને પૂરાં થઈ જાય છે.

શ્રી ભગવાન સદ્ગુરુરૂપે જગતમાં અવતરે છે, ત્યારે તેઓ માનવીના કર્મક્ષયને માટે કર્મની એક પ્રબળ ઘૂમરી ઉત્પન્ન કરે છે. એને કર્મચક્ર અથવા તો ધર્મચક્ર કહેવામાં આવે છે. જેઓ સદ્ગુરુના ખાસ આશ્રિત હોય છે અને સદ્ગુરુના ઉપર જ જેમનો બધી રીતનો આધાર હોય છે, તેવા ભક્ત શિષ્યોને તેઓ પોતાના આ કર્મચક્રમાં ખેંચી લે છે, અને તેમને હસ્તે અવિરામ અને એકધારાં કર્મો કરાવતા રહી બહુ જલદી જલદી તેમના બાકીના કર્મભોગ ખલાસ કરાવી દે છે.

તાત્પર્ય કે સદ્ગુરુનો આશ્રય સ્વીકારનાર સાધકવર્ગના કર્મભોગ ત્રણ જન્મમાં તો ખલાસ થઇ જાય છે જ. ત્રણ જન્મની આખરે તેમની મુક્તિ નક્કી ઠરી ચૂકે છે. કેટલાકને બે જન્મોમાં અને કેટલાકને એક જન્મમાં પણ મુક્તિનો લાભ મળી શકે છે.

સદ્ગુરુએ પ્રેરેલા આ વિરાટ કર્મચક્રમાં ઝડપાઈ જઇને જેમને સદ્ગુરુશ્રીના સેવાનો અધિકાર મેળવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે, તેમનાં જીવન તો ખરેખર ધન્ય ગણાય. મુક્તિ તો તેમની મુઠ્ઠીમાં આવી જાય છે. જેઓ જોવા, સાંભળવા અને જાણવા છતાં

પણ આ કર્મચક્રની ધૂમેરીમાં તણાઈને સદ્‌ગુરુશ્રીની સેવાનો સુયોગ નથી મેળવી શકતા, તેવા જીવોને ખરેખરના હતભાગી સમજવા.

> एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
> अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥

ભગવાન શ્રી કૃષ્ણ નિજ શિષ્ય અર્જુનને ઉપરોક્ત શ્લોકથી સમજાવે છે કે "હે પાર્થ ! આ લોકમાં આવી રીતે પ્રવર્તેલા આ ધર્મચક્ર કિંવા કર્મચક્રની ઉપેક્ષા કરીને જેઓ દૂરના દૂર ભાગતા ફરે છે, તેઓ અઘા પાપપરાયણ અને ઇન્દ્રિયલંપટ જીવો હોઈ તેમનાં જીવન-જનમ નિષ્ફળ ઠરે છે."

એવાઓને આવું સદ્‌ભાગ્ય હવે ફરી કેટલા જન્મારામાં પ્રાપ્ત થશે, તેની તો શ્રી ભગવાન એકલાને જ ખબર !

બૌદ્ધ સાધકોના વર્ગ

સ્રોતાપન્ન, સકૃદાગામી, અનાગામી, અર્હત.

સદ્‌ગુરુ રૂપી શ્રી ભગવાન તથાગત બુદ્ધના આશ્રયનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું હતું, તેવા શ્રેષ્ઠ સાધકોને તેમની સાધનાના ઓછાવત્તાપણાને હિસાબે ચાર શ્રેણી કિંવા વર્ગમાં મૂકી શકાય જેઓ તથાગત શ્રી બુદ્ધ ભગવાનનું શરણ લઇને તેમને હસ્તે દીક્ષાનો લાભ પામ્યા હતા, તેમને **સ્રોતાપન્ન**ના વર્ગમાં મૂકી શકાય. તેમને મુક્તિનો લાભ ત્રણ જન્મોમાં મળે એમની અંદર પણ જેઓ પ્રમાણમાં અધિક સાધના-શક્તિવાળા હોય તેઓ બીજા ભવમાં નિર્વાણપ્રાપ્તિના અધિકારી બને આ જાતના સાધકો **સકૃદાગામી** સાધકો કહેવાય. ત્રીજી શ્રેણીના શિષ્યો બુદ્ધ ભગવાન ઉપર અગાધ ભક્તિ, અટલ વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાવાળા હતા, તેઓ આ એક જ જન્મમાં નિર્વાણના અધિકારી બની ગયા છે. તેમને **અનાગામી** કહેવામાં આવે છે. ચોથો પણ એક વર્ગ હતો. ચોથા

વર્ગના એ સાધકો જીવન્મુકત હોઇ શ્રી બુદ્ધના અંતરંગ પાર્ષદો હતા. શ્રી બુદ્ધ ભગવાનને પ્રવર્તાવેલા લીલાચક્રના તેઓ પરિપોષક હોઇ **અર્હત** નામે ઓળખાયા.

વર્તમાન યુગનું ધર્મચક્ર અને કર્મચક્ર

વર્તમાન યુગમાં જગતમાં થયેલી ધર્મની ગ્લાનિના નિરોધ તથા અધર્મનું ઉચ્છેદન કરીને મુમુક્ષુ નરનારીઓને મહામુકિતના માર્ગે વાળવા કાજે **શ્રી ભગવાન જગદ્‌ગુરુ આચાર્ય શ્રીમત્ સ્વામી પ્રણવાનંદજી રૂપે અવતર્યા છે.**

તેમણે પણ માનવજાતના કલ્યાણ અર્થે એક વિરાટ ધર્મચક્ર તથા કર્મચક્ર પ્રવર્તાવ્યું છે. **ભારત સેવાશ્રમ સંઘ એ જ આધુનિક યુગનું એ વિરાટ ધર્મચક્ર અને કર્મચક્ર** છે. એ મહાસંઘની મહાશકિતએ ધીરે ધીરે સમગ્ર ભરતખંડમાં વિસ્તરીને વિરાટ ધર્મ-કર્મનું પૂર પેદા કર્યું છે, અને તે હજી ય ચઢતું જાય છે. એ મહાપૂર ભારતભૂમિને તરબોળ કરી દઇને પછી સમગ્ર જગતમાં એક અલૌકિક પરિવર્તન પેદા કરશે. એને પ્રતાપે લાખો અને કરોડો દીનદુઃખિયાં અને મુમુક્ષુ ભકતનરનારીઓ આ મહાસંઘની મહાશકિતનો આશ્રય સ્વીકારીને મહાશકિત તથા મહામુકિતના અધિકારી બને છે અને બનતા રહેશે.

શાસ્ત્રોમાં શ્રી ભગવાનની લીલાઓનું વાંચન કરતાં એ કલ્પિત વાતો -ગપાષ્ટકો હોવાની લાગણી થતી. ઈતિહાસ વગેરેમાં વાંચવામાં આવતાં તેમાંથી અમુક અમુક ભાગ ટાળી કાઢીને એ લીલાઓને માનવી ભાવે ઘટાવી માનવીના વિચાર-વૃત્તિને બંધબેસતી કરવાની તજવીજ કરાતી. પરંતુ આજે અનેક જન્મજન્માંતરોના પુણ્યોદયે સદ્‌ગુરુ રૂપી શ્રી ભગવાનની જે લીલા પ્રત્યક્ષ અનુભવવા મળે છે, તેથી તો ડગલેપગલે જોઈ શકાય

છે, સમજી શકાય છે ને ખાત્રી થાય છે કે શ્રુતિ-સ્મૃતિઓ અને પુરાણોમાં વર્ણવેલી નરદેહધારી શ્રી ભગવાનની અલૌકિક માનવલીલાની પ્રત્યેક વાત શબ્દેશબ્દ અને અક્ષરેઅક્ષર સત્ય છે. આ માનવ-દેહધારી શ્રી ભગવદ્‌અવતારોની લીલા જ્યારે લિપિબદ્ધ થાય છે, ત્યારે તે શાસ્ત્ર નામે ઓળખાય છે અને તેથી જ તો શાસ્ત્રવાક્ય સર્વ બાબતમાં પ્રમાણભૂત મનાય છે. શાસ્ત્રવાક્ય એ જ આપ્તવાક્ય શ્રી ભગવદ્‌વાક્ય હોઈ અભ્રાન્ત છે.

ભગવાન શ્રીકૃષ્ણે નિજ શિષ્ય અર્જુન આગળ પોતાના લીલાચક્રનું ગૂઢ રહસ્ય ખુલ્લું કરતાં સમજાવ્યું છે કે—

> यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
> न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥
> तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
> ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

અર્થાત્ કે—શાસ્ત્રે કહેલો વિધિમાર્ગ છોડી દઈને પોતાની કામના પ્રમાણે વર્તે છે, તે નથી પામતો સિદ્ધિ કે નથી પામતો પરમ ગતિ કિંવા સુખ તે માટે તારે તો આ કાર્ય કહેતાં કરવા યોગ્ય અને અકાર્ય કહેતાં ન કરવા યોગ્યનો નિર્ણય કરતી વખતે શાસ્ત્રવચનને જ પ્રમાણ ગણીને શાસ્ત્રવિહિત સ્વધર્મો આચરવા, એ જ ઉચિત છે.

સદ્‌ગુરુ : અનંત કલ્યાણની મૂર્તિ

કહેવાઈ જ ગયું છે કે સદ્‌ગુરુ એ નરરૂપધારી સાક્ષાત ભગવાન છે, એટલે સદ્‌ગુરુને માત્ર સાધારણ માનવી તરીકે જ ઓળખનારા જીવોને તો દુર્ભાગી જ કહેવા પડે. સદ્‌ગુરુશ્રીનો દેહ દેખાવમાં મનુષ્યના જેવો જ હોય છે, તેઓશ્રીની રહેણીકરણી અને કાર્યો

પણ માનવીના જેવાં જ દેખાય છે. છતાં પણ તેઓ સાધારણ મનુષ્ય નથી, પણ માયાતીત છે, માયાધીશ છે! શ્રી ભગવાને તેથી જ નિજ ભકતશિષ્ય અર્જુનને સમજાવેલું કે:—

जन्मकर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥

અર્થાત્ કે—મારી આ લોકાતીત જન્મલીલા અને કર્મને જેઓ વાસ્તવિક રૂપમાં સમજી જાય છે, તેમને મરણ બાદ ફરીથી જન્મગ્રહણ કરવાપણું રહેતું નથી. તેઓ મહામુકિતના અધિકારી બની જાય છે.

આમ બાબત છે: છતાં પણ અજ્ઞાન અને મોહના આવરણોથી ઢંકાયલો માનવી સદ્‌ગુરુના પ્રતાપને સમજવા છતાં ન સમજ્યો કરી દે છે, ઓળખ્યા છતાં ઉપેક્ષાવૃત્તિ સેવે છે, અને દર્શન પામ્યા છતાં અવજ્ઞા બુદ્ધિ રાખે છે:—હાય રે! અભાગી માનવ!

अबजानन्ति मां मूढाः मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥

આ લોકોત્તર સદ્‌ગુરુનાં દેહ–મનોબુદ્ધિ બાહ્ય દેખાવમાં સાધારણ માનવીના જેવાં લાગતાં છતાં તે સાધારણ મનુષ્યના જેવાં જડ પ્રકૃતિનાં નથી હોતાં. સદ્‌ગુરુનો દેહ–અનંત જ્ઞાન, અનંત પ્રેમ અને અનંત કલ્યાણના તત્ત્વોની સાક્ષાત મૂર્તિસમો હોય છે. એ અનંત ભાવોની મૂર્તિમાંથી અવિરત અને અનંત કલ્યાણની અસ્ખલિત ધારા વહેતી રહીને સમસ્ત જીવ–જગતનું કલ્યાણ સાધે છે. મતલબ કે સદ્‌ગુરુશ્રીની પ્રત્યેક ચિંતા ને ભાવના, કલ્પના અને ઇચ્છા, તેઓશ્રીનું એકેએક વાકય અને કાર્ય–જેવું કે શયન, ગમન, ભોજન, ઊઠણ, બેસણ વગેરે એકેએક નાનુંમોટું કાર્ય–રે! તુચ્છમાં તુચ્છ હાલચાલ પણ માનવસમાજનું અપરંપાર કલ્યાણ સાધનારૂં બને છે. તેથી જ તો તંત્રમાં શ્રી સદાશિવજીએ અત્યંત ભાવપૂર્વક સદ્‌ગુરુની આ શકિત અને મહત્તાનાં

ગુણગાન ગાતાં કહ્યું છે કે—

नरबुद्धिं वर्णवुद्धिं गुरौ च गुरुमन्त्रके ।
कदाचिन्नैव कुर्वीत कृते तु नरकं व्रजेत् ॥
काशीक्षेत्रो निवासोऽस्य जाह्नवी चरणोदकम् ।
गुरुर्विश्वेश्वरः साक्षात् तारकं ब्रह्मनिश्चितम् ॥

અર્થાત્ કે—સદ્દગુરુ વિષે મનુષ્યબુદ્ધિ અને સદ્દગુરુએ દીધેલા મંત્રમાં મામૂલી અક્ષરબુદ્ધિ રાખવી એ ઉચિત નથી. એમ કરવાથી મનુષ્ય નરકગામી બને છે. ગુરુની ઉપાસનાથી પળે પળે કાશીવાસનું અને ગંગાજળના પાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે. સદ્દગુરુ એ જ સાક્ષાત શિવજી છે, મહામુકિતના દાતા છે. **તેઓશ્રીનું ચરણોદક એ જ ગંગાજી, અને તેઓશ્રીના ચરણોમાં નિવાસ એ જ કાશીવાસ!**

सर्वपापविशुद्धात्मा श्रीगुरोः पादसेवनात् ।
सर्वतीर्थावगाहानां फलं प्राप्नोति निश्चितम् ॥

સદ્દગુરુના પાદાંબુજની સેવા કરવાથી પાતકમાત્રમાંથી ઉદ્ધાર થઈ જાય છે અને સકળ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ મળે છે.

गुरुपादोदकं सम्यक् संसारार्णवतारणम् ।
अज्ञानमूलहरणं जन्मकर्मनिवारणम् ।
ज्ञानवैराग्यसिद्धयर्थं गुरुपादोदकं पिवेत् ॥

સદ્દગુરુના પાદોદકનું પાન કીધાથી સંસારરૂપી સાગર સહેજે તરી જવાય છે, અજ્ઞાન રૂપી ઝાડનાં મૂળિયાં સાવ કપાઈ જાય છે, અને પરિણામે જન્મ તેમજ કર્મનાં બંધન સપૂચાં ટળી જાય છે. માટે **આત્મજ્ઞાન પામવાને** તથા ઇન્દ્રિયભોગ્ય **વસ્તુઓ વિષે વૈરાગ્ય બુદ્ધિની પ્રાપ્તિ અર્થે,** પરમ ભક્તિ **સહિત સદ્દગુરુશ્રીના પાદોદકનુ સેવન કરવું.**

गुरुपादोदकं पेयं गुरोरुच्छिष्टभोजनम् ।
सदा गुरुमूर्तिध्यानं गुरुस्तोत्रं सदा जपेत् ॥

સદ્‌ગુરુની શકિતના અધિકારી બનવું હોય તો શિષ્યે સર્વદા સદ્‌ગુરુના ચરણોદકનું પાન, સદ્‌ગુરુના ઉચ્છિષ્ટનું ભોજન, તેઓશ્રીની મૂર્તિનું નિરંતર ધ્યાન તથા ગુરુસ્તોત્રનું રટણ કરતા રહેવું.

સાધન પ્રણાલી

સદ્‌ગુરુએ દેખાડેલા માર્ગે ચાલવું એનું જ નામ સાધના

સદ્‌ગુરુજીના આદેશોના પાલનાર્થે **સદ્‌ગુરુશ્રીએ દેખાડેલા માર્ગે ચાલવાનો જે પુરુષાર્થ, તેને જ શાસ્ત્રમાં સાધના કહેવામાં આવી** છે. સદ્‌ગુરુના અભિપ્રાય મુજબ જીવનવ્યવહાર ચલાવતા રહેવાથી માનવીના પ્રત્યેક વિચાર, વાણી અને કાર્ય સાધનારૂપ બને છે. તેના પ્રભાવથી એનાં માયા, મોહ અને વિષયાશકિતનાં બંધનો ઢીલાં થઈ જઇને એને પ્રકૃત જ્ઞાન તથા શાન્તિનો લાભ મળવા લાગે છે.

એનાથી ઊલટું જે લોકો સદ્‌ગુરુનો આશરો લીધા વગર તથા શાસ્ત્રોકત સદાચારના ઉલ્લંઘનપૂર્વક શુભાશુભ, સાચાંજૂઠાં જે કંઈ કૃત્યો કરે છે, તે બધાં જ ગાંડા મનુષ્યની માથાકૂટ સમ નિષ્ફળ ઠરે છે, રાખોડામાં ઘીની આહુતિ અર્પવા સમાન નિરર્થક, તથા હવામાં બાચકા ભરવા માફક વ્યર્થ નીવડે છે. એથી તો દુઃખ વૃદ્ધિગત થાય છે, આસકિતનાં બંધનો વધારે મજબૂત બને છે, પાપના પંથમાં અને પરિણામે નર્કની ખાઈમાં ઝડપભેર હડસેલાઈ જવા વારો આવે છે,–રે! મનુષ્યના આલોક અને પરલોક બન્ને બગડવા પામે છે.

ભારતની જાતીય સાધનાનું ભૂત–ભવિષ્ય

ભારતના ભાગ્યનગરમાં શુભ લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. મૃતવત્ નિશ્ચળ ભારતના જાતીય શરીરમાં ફરી વાર પાછો સળવળાટ થવા માંડયો છે. ભારતીય જાતિ ફરી પાછી ઊઠવાને તત્પર બની છે.

પરંતુ છેલ્લી અડધી શતાબ્દિ દરમ્યાન ભારતીય જાતિ એ થોડા કે ઝાઝા પ્રમાણમાં જે જે કંઇ જાતીય આંદોલનો જગવ્યાં છે, અને હજી પણ જગાવે છે, તે વારંવાર નિષ્ફળ કેમ નીવડે છે, તે કહી શકશો ? એ વિષે સાચી વાત જાણવા ચાહતા હો, તો સાંભળોઃ—

વ્યકિત અને જાતિ અથવા વ્યષ્ટિ અને સમષ્ટિઃ જેવી સાધના હોય વ્યકિતની તેવી જ હોવી જોઇએ જાતિની. ધર્મ તથા નીતિનું ઉલ્લંઘન કરીને, શાસ્ત્ર તથા સદાચારને ઠોકરે ચઢાવીને, તેમ જ ગુરુ તથા ભગવાનની અવગણના કરીને જે વ્યકિત સ્વેચ્છાચારપૂર્વક ષડરિપુઓ તથા ઇન્દ્રિયોની ઘૃણાપાત્ર વૃત્તિઓને વશ રહી વર્તતી હોય, તે વ્યકિતને શું તમે માણસ કહેવાનું પસંદ કરશો કે ? શિયાળવાં અને કૂતરાં કરતાં ચઢિયાતું આસન તેને આપવાનું તમને રૂચશે કે ? ઇતર પશુઓના જેવાં આહાર, નિદ્રા, ભય, મૈથુનાદિ કાર્યમાં મશગુલ રહી તેમાં જ રાચ્યા કરનાર વ્યકિતને હાથે જનસમાજનું કિંચિત પણ ભલું થવાની આશા રખાય ખરી કે? આવો માનવ-પશુ નિજ જીવનમાં સુખશાંતિ તેમ જ મનુષ્યત્વનો અધિકારી શી રીતે ગણાય ?

એનાથી ઊલટું, જે વ્યકિત ભગવાનને પોતાનું લક્ષ્ય બનાવી, ગુરુના આદેશ ને ઉપદેશ મુજબ પોતાનાં કર્તવ્ય કર્મો આચરતો થકો, અને શાસ્ત્ર તથા સદાચારને પંથે અનુસરતો થકો ધર્મ તથા નીતિના નિયમોને આધારે નિજ ઇન્દ્રિયોને તેમ જ ષડરિપુઓને વશ વર્તાવી શકે છે, તે વ્યકિત નક્કી મનુષ્યત્વના ઊંચામાં ઊંચા શિખર પર ચઢી જવાને શકિતમાન બને છે. એવી વ્યકિત પંડે પરમ સુખી હોય છે, અને બીજાંઓને પણ સુખ આપી

શકે છે. તેના દ્વારા જનસમાજનું પણ પારાવાર કલ્યાણ થાય છે. માયા, મોહ, પાપ-પ્રલોભન, કે શોક-દુઃખાદિમાંનું કશું જ તેને હેરાન કરી શકતું નથી કે મારી શકતું નથી.

જાતિની બાબતમાં પણ ઠીક એવો જ પ્રકાર છે. જે જાતિ ધર્મ તથા નીતિના બખ્તરથી સુરક્ષિત બની રહે છે, શાસ્ત્ર તેમ જ સદાચાર એ જ જેનું અવલંબન હોય છે, ભગવાનની શકિત પર જેને પૂરેપૂરો ભરોસો હોય છે, અને ગુરુએ નિર્દેશેલા આદેશ-ઉપદેશોનું આસ્થાપૂર્વક પ્રતિપાલન કરવાને જે નિરંતર મથતી રહે છે. તે-તે જ જાતિ શૌર્યવાન વીર્યવાન, ઐશ્વર્યવાન, અને સંપત્તિવાન બને છે.

ભારતવર્ષીય જાતીય આંદોલન કેમ વિફળ થયાં છે અને થયા કરે છે? કારણ કે-એ આંદોલનમાં ધર્મ તથા નીતિનો અસ્વીકાર થાય છે યાને ધર્મ તથા નીતિને યથાયોગ્ય સ્થાન અપાતું નથી તેમ જ ગુરુ તથા ભગવાનનાં આસનોને દૂર હડસેલી દેવામાં આવે છે, અને શાસ્ત્ર તથા સદાચારને ઠોકરો મરાય છે. તેથી જ જાતીય આંદોલનો નિષ્ફળ નીવડે છે.

ભગવાનને લક્ષ્ય બનાવીને, ગુરુશ્રીના આદેશ શિરોધાય ગણીને તથા ધર્મનીતિને મૂળમંત્ર બનાવીને 'જે કંઈ વિચાર, વાણી કે કાર્યનું આચરણ ન થતું હોય, તે વિચાર એ કુવિચાર કહેવાય, તે વાણી એ કુવાણી કહેવાય અને તે કાર્ય એ કુકાર્ય કિંવા અકાર્ય કહેવાય. અને એ કુવિચાર, કુવાણી તથા કુકાર્યનું પ્રતિફળ પ્રાયશ્ચિત સિવાય બીજું શું હોય? અજ્ઞાનમાં ડૂબેલી અને અવળે માર્ગે ચઢી ગયેલી ભારતની જાતિ આજે એ જ ફળ ભોગવી રહી છે, અને જ્યાં લગી જાતિની એ દુર્બુદ્ધિનો લોપ નહિ થઈ જાય, ત્યાં લગી એ ભોગવતી જ રહેશે. એ જ કારણથી આજે ભારતવર્ષની ચારે દિશામાં જ્યાં જોઈએ ત્યાં, દુઃખકષ્ટ, વેદના-વ્યાધિ, દગાફટકા ને છેતરપિંડી, અનાચાર ને અત્યાચાર, હાહાકાર અને આર્તનાદ ઉભરાઈ રહ્યાં છે! રે! રે! ભારતીય જાતિ! હજી પણ સાવધાન બની જા! નિજ જાતિનું ઉજ્જવલ ભાવિ ઘડવા

ચાહતા હો, તો જે માર્ગ હું દેખાડું છું, તે જ માર્ગે, આગળપાછળનો કશો જ વિચાર કર્યા વગર. શ્રદ્ધાપુર્વક ચાલ્યા જ જાઓ! નીકર તો તમે મોતને પંથે જ, સર્વનાશને માર્ગે જ ધસી રહ્યા છો, એ નિસંદેહ. દુઃખો અને યંત્રણાઓની ભયંકર જ્વાળાઓથી શેકાઇને અને બળીને આખરે આ આદેશ–ઉપદેશને અપનાવી લેવાને તત્પર નહિ બનો ત્યાં લગી તો એમ ખરૂં જ!

ભારતમાં જાતીય સાધનાનો પ્રારંભ

એ તો કહેવાઈ જ ચૂકયું છે કે વ્યક્તિઓની સમષ્ટિનું નામ જ જાતિ. એટલે જાતિગઠન કરવું હોય તો કરવું જોઇએ વ્યક્તિસંગઠન–આત્મસંગઠન. જાતીય સાધનાના મૂળમાં જોઇએ વ્યક્તિની સાધના. જ્યાં આગળ વ્યક્તિ દુર્બળ, વીર્યહીન, કાયર, નિરુદ્યમી, નિરુત્સાહી, આળસુ, ઇન્દ્રિયપરવશ તથા જડતાથી ઘેરાયલી અને મંદ અક્કલ હોય, ત્યાં આગળ એ જાતિ પાસે શૌર્યવાન, વીર્યવાન બનવાની કે ઉન્નતિ–અભ્યુદય માટેના પ્રયત્નમાં પ્રાણ સમર્પણ કરી દેવાની ધગશની આશા કેવી રીતે રાખી શકાય ભલા?

ભારતીય જાતિની સાધના તથા તેનાં આંદોલન કેમ વ્યર્થ નીવડયાં છે અને નીવડે છે, એ તો સમજાઇ ગયું ને? ભારતમાં વ્યક્તિ–ગઠન થતું નથી, એ માટેની કશી પેરવી પણ નથી થતી, અને એવી પેરવી યા યોજના કરવાને લાયક વિરાટ વ્યક્તિનો પ્રાદુર્ભાવ પણ થતો નથી. એટલે ભારતમાં જાતિસંગઠનની ચેષ્ટા એ આકાશના ફળ જેવી મિથ્યા ગણાઈ છે અને ગણાશે–જ્યાં લગી ભારતમાં વ્યક્તિ–ઘડતર અને વ્યક્તિના સંગઠનનું કાર્ય હાથ નહિ ધરાય ત્યાં લગી તો તેમ અવશ્ય જ.

ભારતમાં જાતિ–ગઠનનો પ્રારંભ તો થઇ જ ચૂકયો છે. જે દિવસે ભારતના ભગવાન પરિત્રાતા રૂપે નરદેહ ધારણ કરીને જગદ્ગુરુ આચાર્ય

શ્રીમત્ સ્વામી પ્રણવાનંદ સ્વરૂપે અવતરીને એકે એકે કરીને વ્યક્તિજીવનના ગઠનનું કાર્ય કરવા માંડયું તે જ દિવસથી ભારતીય જાતિગઠનનો પ્રારંભ થઈ ગયો છે, જોતા નથી કે દાવાનળની ઝડપે તેઓશ્રીની અલૌકિક તપ:શક્તિ તથા શિક્ષા–સાધના ભારતભરમાં ઠેરઠેર વિસ્તરીને મનુષ્યત્વની અભિલાષાવાળાં બળવીર્યને વાંચ્છનારાં તથા મુક્તિને ઝંખનારાં. ધર્મ-પિપાસુ લાખો નરનારીઓને તેઓશ્રીના ચરણારવિંદોમાં ખેંચી લે છે તે ?! આ વખત વિશ્વાસ રાખજો–ખાત્રીથી માનજો કે ભારતનો દિનમાન પલટાયો છે, ભારતની જાતીય સાધનાનો પાયો નંખાઇ ગયો છે. આવો રે! આવો! ભારતનાં નરનારીઓ ટોળાબંધ દોડી આવો, અને નરદેહધારી જગદ્‌ગુરુના ચરણારવિંદોનો આશ્રય સ્વીકારી પોતપોતાના જીવન–ગઠનપૂર્વક જાતીય સાધનાના માર્ગમાં ઝડપભેર આગળ વધવા માંડો!

સંસારની અનિત્યતા

માયા અનિર્વચનીયા–યાને માયા અનિર્વચનીય છે, એવી ભ્રાન્તિ કોણ જાણે કયાંથી પેસી જવા પામી છે? પરંતુ એમ છતાં એ બધાં જ એ માયા—ભ્રાન્તિથી મૂઢ બનીને સંસારના મોહમાં મુગ્ધ બની જાય છે. રોજ–બ–રોજ હજારો ને લાખો માણસો મોતના મુખમાં ઝડપાય છે, કેટલાય ધનાઢયો દરિદ્રાવસ્થામાં આવી પડે છે, કેટલાંય સુખિયાં દુ:ખમાં ફસાઇ પડી રીબાઈ મરે છે, અને કેટલાંક દુ:ખી માણસો સુખસમૃદ્ધિના ખોળે ચઢી હસવા માંડે છે! એમ છતાં ય મનુષ્યને કંઇ જ સાન આવતી નથી, સાન સહેજ ઊઘડે છે તો જાણીજોઇને પણ પાછો મોહવશ બની જાય છે. સંસારને સત્ય માનીને તે જીવને જોખમે પણ તેને વળગી રહેવાની ઇચ્છા રાખે છે. પરિણામે તેને આઘાત પર આઘાતો, દુ:ખ પર દુ:ખ અને શોક પર શોક અનુભવવા પડે છે, અને એમ કરતાં કરતાં આખરે તે મૃત્યુ કિંવા અપમૃત્યુનો ભોગ બને છે. હાય રે! અબુધ

માનવી, આ તે કેવું તારું દુર્ભાગ્ય! આ જ તે શું તારા સઘળા પુરુષાર્થ—પરાક્રમ અને ગર્વનું આખરી પરિણામ ને?!!

તારો દેહ ફાવે તેવો સુંદર અને ફાવે તેવો સુગઠિત કાં ન હોય, પણ એનો નાશ તો નક્કી જ થવાનો છે! કોઈ પણ પળે એને રોગના ભોગ બનીને મૃત્યુના ખોળામાં સૂવું જ પડશે! અને વસ્તુતઃ દેહ કેવો સુંદર છે, એનો ખ્યાલ સહેજ કરી તો જુઓ! સુંદર દીસતો દેહ આવો છેઃ—

अमेध्यपूर्णे क्रिमिजालसंकुले
स्वभावदुर्गन्धिविनिन्दितान्तरे ।
कलेवरे मूत्रपुरिषभाविते
रमन्ति मूढाः बिरमन्ति पण्डिताः ॥

મતલબકે—રસરક્ત, અસ્થિમજ્જા, નાડીપિંડી, મળમૂત્રથી ભરેલો આ તમારો દેહ છે એનું પૃથક્કરણ કરીને વિચારી જુઓ કે એમાંની કંઇ વસ્તુ તમને પસંદ પડે એમ છે—કંઇ ચીજ તમને ગમે એવી છે?

તે પછી એ પણ વિચારી જુઓ કે આખા જીવનમાં તમે શું કર્યું છે અને શું કરો છો? ધનવૈભવ મેળવ્યાં, તેથી શું તમને શાંતિ પ્રાપ્ત થઈ છે? અગર તો મરણસમયે તેને તમે પોતાની સાથે લઈ જઇ શકશો? જે સ્ત્રી-સંતાનોની સેવાસંભાળમાં તમે તમારાં જીવન-જન્મ ખર્ચી નાખો છો, તમારાં આરોગ્ય અને આવરદાનો ભોગ આપો છો, તેઓ શું તમારી માનસિક બળતરાની પીડાને કિંચિત પણ કમી કરી શકે એમ છે? રોગ-શોક અને મૃત્યુના સપાટામાંથી તમને ઉગારી લેવાની ગુંજાશ કોની છે? તો પછી રાત ને દિવસ મિથ્યા કલ્પનામાં અટવાતા રહીને ખાલી અમસ્થા શાને તમે કુટાઈ મરો છો?!

શાંતિનો માર્ગ

આ અનિત્ય જગતમાં નિત્ય સત્ય વસ્તુ છે ખરી, પરંતુ તેને શોધે છે કોણ? આ શાંતિમય સંસારમાં શાંતિસુખ પણ છે ખરાં, પરંતુ તેને પ્રાપ્ત કરવા માટે સાચો પુરુષાર્થ કરે છે કોણ? આ જંજાળજ્વાળાથી જીર્ણ બનેલા જીવનમાં આનંદનું અસ્તિત્વ છે, પરંતુ તેનો સ્વાદ ચાખવાનો પ્રયાસ આદરે છે કોણ? આ મૃત્યુલોકમાં અમર ધામનું અમૃત છૂપાઈ રહ્યું છે, પરંતુ ઈચ્છા વગર–માગ્યા વગર તે મળી શકે કેવી રીતે?

સદ્‌ગુરુનો આશ્રયસ્વીકાર

મુક્તિ મળે જે પંથમાં—
પોકાર્યે આર્તનાદે ગુરુજી
સુખશાંતિમાર્ગે દિયે છે ચઢાવી.
વ્યાપ્ત ચરાચર અખંડ મંડળ,
સદ્‌ગુરુ દે સ્વપદ સુશીતલ;
સંપદમાં વિપદમાં શ્રી ગુરુજી ચરણે
ધો ભકિતભાવે પુષ્પાંજલિ ચઢાવી.
સંકટમય ઘોર અંધારે, જીવોનો
ગુરુવીણ ભવમાં બેલી બીજો કો?
વિષમ અજ્ઞાનના ઘોર તિમિરમાં
દાખવે જ્ઞાનદીપક દયાળુ ગુરુજી.

સદ્‌ગુરુશ્રીના અભય ચરણોમાં આશ્રય મળી જાય, તો પછી જીવો માટે કોઈએ કશાનો ભય ધરવાપણું રહેતું નથી, સંસારનાં માયામોહ પછી તેને પજવી કે લલચાવી શકતાં નથી. સંસારની દુઃખઝાળો પણ પછી તેના

અંતરમાં ઉદ્વેગ પેદા કરી શકતી નથી. સંસાર–વ્યવહારનાં બધાં જ કર્તવ્ય કર્મો સાંગોપાંગ પાર પાડતો છતાં તેમાંના કોઇનો જ પાસ તેને બેસતો નથી નિર્લેપનો જ એ રહે છે આવા માનવીના જીવનમાં સુખ, શાંતિ અને આનંદનો અભાવ કદિ પણ સંભવે ખરો કે?

સદ્‌ગુરુનું શરણ એટલે સમૂળું પરિવર્તન

સંસારના સ્વરૂપનો જો વિચાર કરીએ–ખ્યાલ કરીએ તો તો ગાંડા જ બની જઇએ. જુઓ, ચોમેર શું જણાય છે? જ્યાં પણ નજર ફેરવશો ત્યાં કેવળ અસુખ ને અશાંતિ, યાતના ને વેદના, હાહાકાર ને આર્તનાદ, યાને મિથ્યા લબાડબાજી સિવાય બીજું કંઈ જ દૃષ્ટિએ પડશે નહિ. એવી વિષમ પરિસ્થિતિમાં સુખ–શાંતિ અને આનંદનાં તો પછી સમણાં જ સમજવાં ને?

કિન્તુ એક વાર તમે સદ્‌ગુરુનો આશ્રય ગ્રહણ કરો અને પછી જુઓ તો જણાશે કે એ પરિસ્થિતિમાં ધરમૂળથી પરિવર્તન થઈ ગયું છે પછી જણાશે કે તમે પોતે કર્તાહર્તા માલિક નથી, પણ સદ્‌ગુરુના આશ્રિત સેવક છો; જણાશે કે તમે જે કંઇ કરો છો તે પોતીકા સ્વાર્થને ખાતર નથી કરતા, પણ સદ્‌ગુરુના આદેશ–ઉપદેશાનુસાર માત્ર વર્તી રહ્યા છો. શ્રી–સદ્‌ગુરુજીની તૃપ્તિ અને તુષ્ટિ એ જ એક તમારી કામ્ય વસ્તુ બની રહી છે. સંસાર અસાર હોઇ તેનું બધું જ અસાર અને અનિત્ય છે. પરંતુ તેમાં તમને શ્રી સદ્‌ગુરુ અને તેઓશ્રીની કૃપાશક્તિ એ બે વાનાં નિત્ય અને સત્ય વસ્તુરૂપે હાથ લાગી ગયાં છે. તેઓ તમને જીવનમાં તેમ મરણમાં, આ લોકમાં તેમ પરલોકમાં, સુખમાં તેમ દુ:ખમાં, રોગમાં તેમ શોકમાં–સર્વત્ર અને સર્વદા સહાય તેમજ સહાનુભૂતિપૂર્વક આશ્વાસનદાતા થઈ પડે છે. સદ્‌ગુરુની કૃપાથી તમારી સંસારાસક્તિ શિથિલ બને છે, પાપ અને

પ્રલોભનોમાંથી ઊગરી જવાય છે; પ્રાણમાં તેમજ મનબુદ્ધિમાં પવિત્રતાનો પ્રકાશ અનુભવી શકાય છે; કોઈ પણ જાતના રોગ-શોક કિંવા સાંસારિક હાનિ-લાભ ઉદ્વેગ પમાડી શકતાં નથી; ષડ્‌રિપુઓ તથા ઇન્દ્રિયલોલુપતાના ભોગ બનીને નરકગામી થતાં બચી જવાય છે. એ વખતે પછી પ્રાણે પ્રાણે અને પ્રત્યેક શ્વાસે આ સત્યનો અનુભવ થવા માંડે છે કે—

पितृमातृसुहृद्‌बंधुविद्यातीर्थानि देवता ।
न तुल्यं गुरुणा शीघ्रं स्पर्शयेत् परमं पदम् ॥

અર્થાત્ કે—પિતા, માતા, ભાઈબંધ દોસ્તદાર, વિદ્યા, તીર્થો તેમજ દેવદેવતાઓ—એમાંનું કશું જ ગુરુની પેઠે જલદીથી પરમાત્માના પરમપદને પ્રાપ્ત કરાવતું નથી.

શ્રી સદ્‌ગુરુના ચરણોનો આશ્રય સ્વીકાર્યાની ઘડીથી જ સંસારના તમામ દૃશ્ય પલટાઈ જાય છે. દુઃખ સુખમાં ફેરવાઈ જાય છે, અશાંતિ શાંતિમાં પલટાઈ જાય છે, અને મિથ્યા જગતની ખખોલમાં પણ સત્યનો આભાસ પામી શકાય છે. એટલા માટે હે માનવી ! સૌથી પ્રથમ શ્રી સદ્‌ગુરુ-જીના ચરણોમાં આત્મસમર્પણ કરી દે, અને તે પછી તેઓશ્રીના આદેશ ઉપદેશપૂર્વક તારું જીવન જોગવતો રહે !

સાધન-પ્રણાલી

સદ્‌ગુરુ સાથે સંબંધ-સ્થાપન

જગતના જીવોને યુગયુગાન્તે, સદ્‌ભાગ્યે કદાચિત સદ્‌ગુરુનાં દર્શનનો લાભ મળે છે. તેથી જે લોકોને અત્યારે શ્રી સદ્‌ગુરુશરણનો લાભ મળ્યો

છે, તેઓ ખાસ સદ્‌ભાગ્યશાળી અને પુણ્યશાળી જીવો છે, એમ સમજવું. અગાઉ કહેવાઈ જ ગયું છે કે શ્રી ભગવાન સ્વયં સદ્‌ગુરુ રૂપે કરોડો માનવીઓને મહામુક્તિનો લાભ અપાવવાને જગતમાં અવતાર લે છે. તેઓનો અવતાર, જગતમાં, જ્યારે થાય છે, ત્યારે તેમને કેન્દ્રીભૂત રાખીને એક વિરાટ આધ્યાત્મિક મહાભાવનું પ્રબળ મોજું ઊઠીને ચારે દિશામાં ફેલાઇ જાય છે. અસંખ્ય નરનારીઓ, અસંખ્ય ઉપાયે, એ મોજાંની ઘૂમરીમાં ઝડપાઈ જઇને શ્રી સદ્‌ગુરુના ચરણે તણાઈ આવે છે. મતલબ કે જાતજાતના ચિત્રવિચિત્ર ઉપાયો વડે મુમુક્ષુ, આર્ત અને તાપદગ્ધ માનવીઓ શ્રી સદ્‌ગુરુ ચરણોમાં આવી ચડે છે, અને વિવિધ ઉપાયથી પોતાનો સંબંધ શ્રી સદ્‌ગુરુ સાથે સ્થાપન કરે છે. મુખ્ય ઉપાયો નીચે પ્રમાણે છે:—

૧. સાક્ષાત્‌ દર્શનલાભ અને દીક્ષા દ્વારા
૨. પુસ્તક વગેરેમાં તેમના સંબંધી વાંચન દ્વારા
૩. ભક્તોને મુખે થતા તેમનાં ગુણગાનના શ્રવણ દ્વારા
૪. તેઓશ્રીની છબીનાં દર્શન દ્વારા
૫. તેઓશ્રીએ પ્રવર્તાવેલા વિશ્વ-કલ્યાણકર કર્મચક્ર પ્રત્યેના આકર્ષણ દ્વારા.

તથાપિ પ્રત્યક્ષ કે પરોક્ષ, કોઈ પણ ઉપાયે સંબંધ કાં ન સ્થાપ્યો હોય, પણ સંબંધવાળો ભક્ત અગર શિષ્ય પરિપૂર્ણ વિશ્વાસ અને આધારના ભાવપૂર્વક, અત્યંત શ્રદ્ધા-ભક્તિ અને પ્રેમભાવથી જો સદ્‌ગુરુનું સ્મરણ, મનન કરતો રહે છે, તથા તેઓશ્રીના આદેશ-ઉપદેશ પ્રમાણે પોતીકું જીવન ગુજારવાનો પ્રયત્ન કરતો રહે છે, તો ટૂંક જ સમયમાં સદ્‌ગુરુની કૃપાનો લાભ તેને મળી શકે છે. સદ્‌ગુરુ પ્રત્યેનાં ભક્ત વા શિષ્યનાં આકર્ષણ અને નિષ્ઠા જેટલાં દૃઢ હોય છે અને જેટલા પ્રમાણમાં ખીલતાં જાય છે, તેટલા જ પ્રમાણમાં તેને પળે પળે અને ડગલે ડગલે શ્રી સદ્‌ગુરુજીની કૃપા તથા તેઓશ્રીનો સ્નેહાશિષનો અનુભવ મળતો રહે છે.

સદ્‌ગુરુ એ જ માનવીનું સૌથી શ્રેષ્ઠ સ્વજન છે

સદ્‌ગુરુનું શરણુ લેવાનો સંકલ્પ જેનો હોય તેણે પહેલી અને છેલ્લી એક જ વાત પોતાના જીવનમાં, મરણુમાં, શયનમાં, સ્વપ્નમાં નિત્ય અને નિરંતર પોતાના અંતરમાં જાગ્રત રાખવી ઘટે છે કે—

પ્રભો! એકલા, આપ મુજના
સ્વજન સાચા, અન્ય કોઇ ના.

સદ્‌ગુરુ એ મનુષ્યને માટે સ્વજનોનો પણુ સ્વજન છે. પિતા, માતા, સુહૃદ, બંધુ, વિદ્યા. તીર્થ અને દેવતા–એમાંના કોઇનો પણુ સંબંધ સદ્‌ગુરુના સંબંધની તોલે આવી શકે તેમ નથી. **સદ્‌ગુરુ જેવો કલ્યાણેચ્છુ, શુભ-ચિંતક, શોક-દુઃખ-દરદ-જીવન-મરણુનો, અનંતકાળનો અને અનંત યુગનો સંગાથો બીજો કોઇ નથી–કોઈ નથી.** આપણે તેમને ચાહતા ન હોઇએ, તો પણ તે આપણુને ચાહતા જ રહે છે; એટલું જ નહિ પણુ વિવિધ રીતે અને વિવિધ ઉપાયે પૂરા સ્નેહભાવ અને કુશળતાપૂર્વક આપણુને ઝડપી લઈને, તાણી લઈને પોતાતા ખોળામાં સ્થાન આપવાને તે ઉત્સુક રહે છે.

શ્રેષ્ઠ સ્વજન મારા પ્રભો! આપ પંડે છો,
જીવનધન સર્વસ્વ મારું પ્રભુજી આપ પોતે છો.
સ્મરું ના કે જાણું ના છતાં આપ મુજને ચાહો.
વિવિધ ભાવે સ્નેહામૃત નિજ પ્રભો હું પે વર્ષાવો.
ચાહો બાંધવા મુને નિજ સ્નેહબંધને
છતાં સેંકડો વેળા ઉવેખ્યા મેં મૂઢ મને;

માનું આપ ગયા ચાલી, પણ જોઉં પાછું વાળીને
તો દેખું ઊભા ઠેરના ઠેર સ્નેહઝરંત નેને.
વિસરી જઉં વારંવાર, અપરાધી બનું શત વાર,
તથાપિ નિજ કૃપાઝરણું. સૂકાતું જ ના તલભાર,
છકીને છેક અભિમાને, રહું આઘો પ્રભુથી હું ય,
તદપિ સ્નેહસાગર તવ અનર્ગળ મુજપે ઉભરાય.

આ પ્રમાણે સદ્‌ગુરુશ્રીને આપણા સ્વજનના પણ સ્વજન સમજીને, અંતરના અંતરતમ અને પ્રાણના પ્રિયતમ સમજીને તેઓશ્રીના ચરણકમળમાં ડગલે ને પગલે આત્મનિવેદન અને આત્મસમર્પણ કરતા રહીને ચાલવાની ટેવ પાડવી જોઈએ. સદ્‌ગુરુના શિષ્યજન માટે સાધનાનો મૂળમંત્ર જોઈએ તો આ જ.

આ જાતનો ભાવ ધીરે ધીરે અંતરમાં ને પ્રાણમાં દૃઢાવીને નિર્દિષ્ટ સાધનપ્રણાલીને આધારે શિષ્ય આગળ વધી શકે છે. સદ્‌ગુરુ પોતાની અપાર કૃપા તથા અક્ષય આશીર્વાદનો ભંડાર લઇને આપણે માટે તૈયાર જ બેઠેલા છે–જેમ સંતાનવત્સલા જનેતા નિજ સંતાન માટે તૈયાર બેસે તેમ. માટે આપણે જો જરા વ્યાકુળ બનીએ, તેમને યાદ કરીએ, તેમના ભણી ભાળીએ અને સહેજ આગળ ડગ ભરીએ, તો તેઓ લાગલા પોતાની બેઉ ભુજાઓ પસારીને આપણી તરફ ધસી આવે છે અને આપણને નિજ બાથમાં જકડી લે છે એમ કરવાને તો તે બારે પહોર અને બત્રીસે ઘડી તૈયાર જ છે. પણ મૂળ મુદ્દે વાત એ છે કે આપણો અનુરાગ એમના પર છે ક્યાં? આપણો અનુરાગ તો કેવળ, એક કવિ જને સખેદ ગાયું છે તેમ 'ધન-જન-આયુ-આરોગ્ય-ઐશ્વર્ય-વિજય' ઉપર.

શિષ્યના કેટલાક સંકલ્પો

સદ્ગુરુ સાથે નિઃસ્વાર્થ પ્રેમસંબંધ સ્થપાયા બાદ ભક્ત વા શિષ્યે કેટલાક સંકલ્પો કરીને કિંવા સિદ્ધાંતો બાંધીને નિજ જીવનવ્યવહાર ચલાવવો જોઇએ. જેમકેઃ—

૧. સદ્ગુરુની કૃપા, આશીર્વાદ તથા પ્રસાદ વગર બીજા કશાયની કોઇ પણ જાતના પાર્થિવ સુખ-સ્વાર્થની આશા હું રાખીશ નહિ કે એવી માગણી એમની પાસે કદાપિ કરીશ નહિ.

૨. તેઓશ્રીના અપાર અહૈતુક સ્નેહપ્રેમ સંબંધમાં કોઈ પણ જાતનો સંશય કે સંદેહ રાખીશ નહિ.

૩. તેઓશ્રીની આગળ જીવનની સારીનરસી કોઇ પણ બાબત ગુપ્ત રાખીશ નહિ. તેઓશ્રી હરેક વખતે હરેક પળે હાજરાહજુર છે અને મારા પ્રત્યેક વિચાર-વેણ અને કાર્યના જ્ઞાતા શ્રોતા અને દ્રષ્ટા છે—એ વાતમાં કોઇ પણ જાતનો અંદેશો આણીશ નહિ.

૪. તન-મન અને વચનથી કદાપિ હું તેઓશ્રીના આદેશ, નિર્દેશ કે ઇચ્છાની વિરુદ્ધનું વર્તન કરીશ નહિ.

૫. તેઓશ્રીના આદેશ, ઉપદેશ અને નિર્દેશને અનુકૂળ આવે એવું જ આચરણ હું હરહંમેશ આનંદપૂર્વક કરતો રહીશ.

૬. વિપત્તિ કે આપદા વેળા સદાય હું શ્રી સદ્ગુરુના ઉપર જ ભરોસો રાખીને સંતુષ્ટ ચિત્તે—નિરાંતે જીવે મારી ફરજો બજાવતો રહીશ.

~~~~~~
~~~~~~

અનુષ્ઠાન દ્વારા સદ્‌ગુરુ અને શિષ્યના સંબંધનો વિકાસ

મનુષ્યનું ચિત્ત ચંચળ હોય છે. જાતજાતના સાંસારિક વિષયો અને વ્યવહારો પ્રતિ ખેંચાઈ માનવીનું ચિત્ત વિવિધ દિશામાં ક્ષણે ક્ષણે ભટકતું રહે છે. એટલે સદ્‌ગુરુનો આશ્રય લીધો અને સાધનમંત્ર સ્વીકાર્યો એટલાથી સદ્‌ગુરુ સાથેનો સંબંધ અતૂટ બની ગયો—એમ સમજવાનું નથી. વિવિધ વિષયો પ્રત્યેના ખેંચાણ યોગે ગુરુ પ્રત્યેના ભાવ અને અનુરાગમાં કમીપણું આવી જતાં સદ્‌ગુરુ સાથેના સંબંધની ઘનિષ્ટતા નષ્ટ થઈ જાય, એ તો સ્વાભાવિક વાત છે.

એટલા માટે શ્રી સદ્‌ગુરુનો આશરો લીધા પછી અને તેઓશ્રી સાથે સંબંધ સ્થાપી દીક્ષા પછીથી શિષ્યે નિયમિત રીતે ગુરુનિર્દિષ્ટ સાધનાને માર્ગે તેમના આદેશ, નિર્દેષ અને ઉપદેશાનુસાર વર્તતા રહીને આગળ વધતા રહેવું જોઈએ યાને પ્રગતિ સાધવી જોઈએ. તો જ ક્રમશઃ ભાવ ભક્તિ અને અનુભવનો વિકાસ થઈને આ સંબંધ દૃઢ બને. સદ્‌ગુરુ સાથેનો પ્રેમસંબંધ જ્યાં લગી અતૂટ અને અખંડ ન બનવા પામે, ત્યાં લગી તો શિષ્યે નિર્દિષ્ટ વિધિ-નિષેધનું અને સાધનપ્રણાલિનું યથાયોગ્ય પાલન કરતા રહીને જ પોતાનો જીવનવ્યવહાર ચલાવવો ઘટે.

સાધન–પ્રાપ્ત શિષ્યોનાં કર્તવ્યકર્મો

૧. સદ્‌ગુરુ સાથેના સંબંધમાં કોઈ પણ પ્રકારનો અંદેશો કે સંદેહ ન રાખવો. કદાચને કોઈ સંશય કે સંદેહ આવે તો તત્કાળ તેનું નિરાકરણ મેળવી લેવું.

૨. સદ્‌ગુરુએ બતાવેલ કર્મ-કર્માંતરનું અનુષ્ઠાન કરતાં રહેવું. આપેલા સિદ્ધ મંત્રનો જાપ નિયમિત કરવો તથા નિર્દિષ્ટ ધ્યાનધારણા તથા પૂજન-અર્ચન પણ ભાવપૂર્વક કર્યે જવાં.

૩. શારીરિક તથા માનસિક સંયમને માટે અનુકૂલ નિયમપ્રણાલીને વશ વર્તવું.

૪. દૈનિક જીવનના એકેએક વિચાર-વેણ અને કર્મનું શ્રીસદ્‌ગુરુ સમક્ષ માનસિક રીતે નિવેદન કરતા રહેવાની ટેવ પાડવી.

૫. સંસારને શ્રીસદ્‌ગુરુના લીલા-પ્રપંચ રૂપ માનીને પોતે તો સદ્‌ગુરુનો માત્ર એક સેવક છે એ ભાવે તેઓશ્રીના આદેશાનુસાર સાંસારિક કર્તવ્યકર્મો કર્યે જવાં. સુખ-સંપદ કે દુઃખ-વિપદ જે ભાવમાં અને જે અવસ્થામાં સદ્‌ગુરુશ્રી રાખે તે જ ભાવમાં અને તે જ અવસ્થામાં કાયમ રહીને ફળાફળની દરકાર રાખ્યા વગર પોતીકાં કર્તવ્યકર્મો એક સાચા વીરની માફક બજાવ્યે જવાં.

૬. સદ્‌ગુરુ પ્રત્યે નિષ્ઠાવાન તથા તેમના ઉપર જ સર્વથા ભરોસો રાખીને શિશુના જેવા સરળ ચિત્તે તેમના અનુયાયી બની રહેવું.

૭. સમીપસ્થ હો તો રોજ, અને દૂર વસતા હો તો અનુકૂલ અવસરે સદ્‌ગુરુનાં દર્શન, પૂજાઅર્ચા, વંદના, સેવાચાકરી વગેરે દ્વારા તેમના પ્રત્યેની ભક્તિશ્રદ્ધા પ્રદર્શિત કરવી.

૮. પાપના ફંદામાં અગર તો રિપુ—ઇન્દ્રિયોના મોહમાં ફસાઇ પડતાં દીન ભાવે, વ્યગ્રતાપૂર્વક શ્રી સદ્‌ગુરુના ચરણોમાં આંસુનિગળતી આંખે આત્મનિવેદન કરી દઈ પ્રાર્થના ગુજારવી, અને તેઓશ્રી દર્શાવે વા સૂચવે તેવી સાધનાનું ધીરજપૂર્વક અનુષ્ઠાન કરવું.

૯. સદ્‌ગુરુના આદેશ—નિર્દેશનું ઉલ્લંઘન કરવાનો દોષ થઈ જાય તો પશ્ચાત્તાપપૂર્વક તેઓશ્રીના ચરણોમાં પડી ક્ષમા યાચવી, અને પ્રાયશ્ચિત્ત તરીકે કોઇ કઠોર વ્રત આચરવું.

૧૦. ઘરમાં સદ્‌ગુરુનું આસન માંડી તેના ઉપર તેઓશ્રીની પાદુકાને કિંવા છબીને પધરાવી, બની શકે તો રોજ પૂજાઅર્ચા કરવીઃ અને તેમ ન બની શકે તેમ હોય તો વારતહેવારે તથા પર્વણી પર તો ખાસ ભાવપૂર્વક તેમ કરવું.

આશ્રયાર્થી

ભક્ત–સાધારણનું કર્તવ્ય

અદ્યાપિ જેમને સદ્‌ગુરુનાં દર્શન તથા સાધનામંત્રનો લાભ મળ્યો નથી, કિંબહુના એવી તક જેમને સાંપડી નથી, છતાં પણ સદ્‌ગુરુ સંબંધમાં જાણીને, સાંભળીને કે વાંચીને તેમના પર જેમનો વિશ્વાસ બંધાયો હોય અને ભક્તિભાવ ઉત્પન્ન થયો હોય, તેઓ પણ આ ગ્રંથમાં દર્શાવેલ નિયમ-પ્રણાલીનું પાલન કરતાં રહેશે તો અલ્પ સમયમાં જ તેઓ સદ્‌ગુરુની કૃપાનો લાભ મેળવવા શક્તિમાન થશે.

મંત્ર–જપ અને કીર્તન

સદ્‌ગુરુએ આપેલા **મંત્રનો તેઓશ્રીના આદેશ અને ઉપદેશ મુજબ નિયત સમયે અને નિયત સંખ્યામાં, દરરોજ નિયમિત રીત જપ કરવો જોઈએ.** વિવિધ તરેહના માનસિક ચાંચલ્ય તથા દુર્બળતાઓને લીધે શરૂ શરૂમાં નિયમિત મંત્રજપ ન થઈ શકે તો પણ કડવા ઓસડની માફક યંત્રવત્ મંત્રજપ ચાલુ રાખવો જોઈએ. એનો મહાવરો પડી જાય તો પછી એમાં ઓર લહેજત પડવા માંડશે.

નામજપ ઉચ્છૃંખલ અસ્થિર મનને એક તરફથી જેમ ધીરે ધીરે સંયમમાં લાવશે, તેમ બીજી તરફથી પ્રાણ અને મનને સ-રસ અને ભક્તિ-સંપન્ન બનાવશે. વિશેષમાં જન્માંતરોના કુસંસ્કારના પોટલાંનો નાશ પણ મંત્ર-જપને પ્રતાપે થઇ જશે. મંત્રજપના પ્રભાવથી વળી ઇન્દ્રિયો કાબુમાં આવી જશે અને કામક્રોધાદિ રિપુઓનું દમન થઇ જશે. એટલા માટે **મંત્રજપ એ જ સાધકોને માટે પ્રથમ જરૂરની વસ્તુ છે. સાધનમાર્ગમાં આગળ વધવાનું કામ એ જ સૌથી પ્રથમનું પગથિયું છે.**

જપ કરતી વેળા શરીરને સ્થિર તથા છાતી, ડોક અને મસ્તકને સીધી લીટીમાં રાખવાં, તેમ જ મેરૂદંડ કિંવા કરોડને ટટાર રાખવી, કે જેથી મન કોઈ કારણે ચંચળ બનવા ન પામે, જપ આ રીતે કરવા જોઇએ. જપ કરવા તે છેક મનમાં જ ન કરવા, તેમ છેક મોટે ઘાંટે પણ ન કરવા. પોતાથી સમજી શકાય છતાં બીજા કોઈ સાંભળી ન શકે, તેવી રીતે શબ્દો-ચ્ચાર ન થવા દેતાં કેવળ જીભના ટેરવા અને હોઠના હલનપૂર્વક કરવા.

શ્વાસનો ઘૂંટડો ભરીને એકસામટો ૧૦-૨૦ કે ૩૦ એમ બની શકે તેટલી વધારે સંખ્યામાં જપ કરવાની ટેવ પાડવી. શ્વાસ ખલાસ થવા આવે કે ફરીને પાછો નવો ઘૂંટડો ભરીને એ જ પ્રમાણે એટલી જ સંખ્યામાં જપ કરવા. હાથના વેઢાથી કિંવા માળાના મણકાથી જપની ગણત્રી ચોક્કસ રાખવી. **સંખ્યા નક્કી કરીને જ જપ કરવાનું રાખવું, નીકર ખાસ ફાયદો જણાશે નહિ.** દરરોજ નક્કી કરેલા અમુક સો કે હજાર જપ કરવા જોઈએ; એટલું જ નહિ પણ દરરોજ તેમાં થોડો થોડો વધારો પણ કરતા રહેવાની જરૂર છે. **જપ કરતી વેળા માનસચક્ષુથી શ્રી સદ્‌ગુરુની મૂર્તિનું અનુરાગપૂર્ણ હૃદયદર્શન કરતા રહેવું.** માનસચક્ષુ દ્વારા શ્રી સદ્‌ગુરુની મૂર્તિનું ધ્યાન કરવાનું ન ફાવે, તો તેઓશ્રીની છબી નજર સામે રાખીને જપ કરતી વેળા તેના પર દૃષ્ટિ ચોટાડી રાખવી.

માનસિક ચંચળતાથી ગભરાઇ જઈને જપ કરવાનું છોડી દેવું નહિ. તમારું કર્તવ્ય તમે બજાવ્યે જશો, તો મન આપોઆપ ઠેકાણે આવી જશે.

જે લોકોને સદ્‌ગુરુ પાસેથી સાધના વા દીક્ષામંત્ર મેળવવાનો સુયોગ સાંપડયો નથી, તેવા લોકોએ ઉપરોક્ત પદ્ધતિએ શ્રી સદ્‌ગુરુની છબીમાંની મૂર્તિનું ધ્યાન ધરતાં ધરતાં—**ॐ नमः श्रीभगवते प्रणवाय**—એ મંત્રનો જાપ જપતા રહેવો. પછી સદ્‌ગુરુ પાસેથી દીક્ષામંત્ર મેળવવાનો લાભ મળ્યેથી એ મળેલો મંત્ર જપવા માંડવો.

દરરોજ ઠરાવેલે વખતે ઠરાવેલી સંખ્યામાં જપ કરવા ઉપરાંત, ઊઠતાં, બેસતાં, હરતાં ફરતાં—સર્વ અવસ્થામાં, સર્વત્ર સર્વદા મનમાં ને મનમાં જપ કરવાની ટેવ પાડવી. એવી ટેવ બરાબર પડી જાય તે પછી સંખ્યાની મર્યાદા રાખવાની જરૂર અલબત્ત ટળી જાય છે.

એકલા એકલા અથવા તો સંગીઓની સાથે દરરોજ નિયમિત સમયે અગર તો જ્યારે પણ અનુકૂળતા અને ફુરસદ મળી જાય ત્યારે **ॐ गुरु-कृपा हि केवलम्** એ અગર **ॐ हर हर शंकर शिव शंभो**-વર્તમાન-યુગના મુક્તિદાયક આ બે સિદ્ધ મંત્રોનું રટણ યા કીર્તન કરવું.

ध्यानमूलं गुरोर्मूर्तिः

સદ્‌ગુરુની મૂર્તિનું જ ધ્યાન ધરવું. સદ્‌ગુરુ એ જ ઇષ્ટદેવ છે, સદ્‌ગુરુ એ જ સકળ દેવદેવીઓનું સમષ્ટિ સ્વરૂપ છે- પરબ્રહ્મ છે. **શરૂ શરૂમાં સદ્‌ગુરુની છબી સામે રાખીને તેના પર દૃષ્ટિ એકાગ્ર ભાવે સ્થિર કરીને ધ્યાન ધરવાનો મહાવરો પાડવો.** એમ કરવાથી ક્રમે ક્રમે માનસચક્ષુથી હૃદયમાં જ એ મૂર્તિનું ધ્યાન ધરતાં ફાવી જશે,

જેમને પદ્માસનનો મહાવરો હોય, તેમણે પદ્માસને બેસીને જ જપ-ધ્યાન કરવાં. જેમને એનો મહાવરો ન હોય, તેમણે જે આસન ફાવતું હોય તે આસન જમાવીને એ અનુષ્ઠાન કરવું. ડાબા ઉપર જમણો પગ

અને જમણા ઉપર ડાબો પગ એમ આસન જમાવીને છાતી, ડોક અને માથાને ટટાર રાખી બેસવું, એનું નામ પદ્માસન.

સાધારણ રીતે હૃદયમાં સદ્ગુરુશ્રીની મૂર્તિનું ધ્યાન ધરવું. જેમને શ્રી સદ્ગુરુ પાસેથી ભિન્ન પ્રકારના ધ્યાનવિધિનો ઉપદેશ મળ્યો હોય, તેમણે એ ભિન્ન પ્રકારનું ધ્યાન ધરવું; પણ ધ્યાન ધરવાનું તો બધાએ જ.

ધ્યાન વેળા પહેલવહેલાં તો ધ્યેયમૂર્તિ આખી સળંગ મનમાં ઊઠી આવતી નથી, અથવા ઊઠે છે તો મનની ચંચળતાને લઇને થોડી વારમાં તે અલોપ થઇ જાય છે અને તેને સ્થાને જાતજાતનાં દૃશ્યોનો ખીચડો ખદબદવા લાગે છે. પરંતુ એથી સાધકે હતાશ બનવાની જરૂર નથી. ચિત્તના રજસ અને તમોગુણનું જોર નરમ પડી જતાં લગી આમ થોડા બહુ પ્રમાણમાં થતું રહેશે; પણ એ બન્ને ગુણો પર કાબુ આવી જતાં તેવું નહિ બને.

ધ્યાન વખતે ધ્યેયમૂર્તિનું જે અંગ માનસચક્ષુ આગળ પ્રકટ થાય, તે અંગનું જ ધ્યાન ધરવું. અને એટલા માટે જ શરૂઆતમાં મૂર્તિની છબી નજર સામે રાખીને ધ્યાન ધરવાનું સલાહભર્યું ગણાય છે.

આત્મનિવેદન અને પ્રાર્થના

પ્રાર્થના એ તો જીવનનું અમૃત-રસાયણ છે. પ્રાર્થના નિરાશ અંતઃકરણમાં આશાનો દીપ પ્રગટાવે છે; ખિન્ન હૃદયમાં તાજગી અને ભરોસો ઉત્પન્ન કરે છે; અને અશાંતિભર્યા જીવનમાં શાંતિનું અમૃત સીંચે છે. સંસારની દુઃખોથી પ્રાણ જ્યારે આકુળવ્યાકુળ બની જાય, અંતરસ્થ રિપુગણોની હેરાનગતિથી જીવન જ્યારે નરકતુલ્ય ભયંકર અને દુઃખદાયી જણાવા લાગે; ચોમેરના બંધુબાંધવો જ્યારે સ્વાર્થનો કોલાહલ મચાવીને કાન બહેરા કરી નાખે, લોભ-લાલચોની માયાજાળ જ્યારે પાપના પંથમાં ઘસડી જતી લાગે,

અને જ્યારે મૃત્યુ એ જ પરમ મિત્ર જણાવા લાગે અને તેને પામવાના એકના એક ઉપાય તરીકે આત્મહત્યાના જ વિચાર રહી રહીને મનમાં ઘોળાવા લાગે.—ત્યારે રે! ત્યારે અહૈતુક કરુણાના સાગર, દીનદુ:ખીયાંના બેલી, નોધારાંના આધાર શ્રી સદ્‌ગુરુરૂપી શ્રી ભગવાનના શ્રી ચરણારવિંદોમાં નિજ અંતરનું કબાટ ખુલ્લું મૂકી દઇને લાગલું આત્મનિવેદન કરી દેવું. મોકળે મને રડી લેવું, અને વ્યાકુળભાવે પ્રાર્થના કરતાં કરતાં અશ્રુથી છાતીને ભીંજવી દેવી. એટલે થોડી જ વારમાં અનુભવ થવા માંડશે કે શ્રી સદ્‌ગુરુ પોતાના અગોચર સ્નિગ્ધ કરકમળના સ્પર્શ વડે દુગ્ધા માત્રનો—આંતર્વેદના નામનો નાશ કરી દઇને શાંતિનું અમૃતસિંચન કરે છે. આવે પ્રકારે દરરોજ તેઓશ્રીના અભય ચરણોનું શરણ લઇને પ્રાર્થના કરવાનો મહાવરો રખાશે, તો યોગ્ય સમયમાં જીવન શાંતિને હીંડોળે હીંચતું અનુભવાશે. દુર્દમનીય ઇન્દ્રિયો ક્રમે ક્રમે કાબુમાં આવતી જણાશે, તથા કામક્રોધાદિ દુર્દાન્ત રિપુઓ વશ બનીને શાંત પડી ગયેલ લાગશે. પછી તો શ્રી સદ્‌ગુરુની પવિત્ર સ્મૃતિ અને મૂર્તિ તમારા હૃદયપટ પર ઝળહળ તેજે પ્રકાશવા માંડશે.

સંતાનવત્સલા જનેતાની માફક શ્રી સદ્‌ગુરુ પણ પળે પળે આપણી રાહ જોતા જ બેઠેલા છે. એટલે આપણે જો આપણું મોઢું સંસારની દિશામાંથી ફેરવીને તેમના તરફ વાળીશું તો તત્કાળ તેઓશ્રી ઉમંગભેર આપણને પોતાના ખોળામાં ઊંચકી લેશે.

પરંતુ લોકોને તે ગમે છે ક્યાં? હાય રે, દુર્દૈવ!

ઉપવાસ—શારીરિક તપશ્ચર્યા

કળિકાળમાં ઉપવાસ એ જ શારીરિક તપ છે. એ શારીરિક તપ દ્વારા ઇન્દ્રિયગણને કાબુમાં રાખી શકાય છે. ષડ્‌રિપુઓને વશ વર્તાવી શકાય છે, તથા શરીરને નીરોગી અને સાત્ત્વિક રાખી શકાય છે. ઉપવાસ

દ્વારા મનબુદ્ધિના ભટકેલવેડા બંધ પડીને ચિત્ત સ્વાભાવિક નિયમાનુસાર અંતરમુખી અને સ્થિર બને છે.

એટલા માટે ધર્મ જેમને પ્રાણથી પણ વધારે પ્યારો હોય એવાં નરનારીઓ માટે શાસ્ત્રાદિ ધર્મગ્રંથોમાં નિયમિત ઉપવાસની વ્યવસ્થા રાખવામાં આવી છે. ઉપવાસ વગરનાં પૂજન—અર્ચનથી કંઇ જ ફળ મળતું નથી.

સદ્‌ગુરુનાં શ્રીચરણોનો આશરો જેમને મળી ગયો છે, એવાં ભક્ત—શિષ્ય નરનારીઓએ તો નિયમિત રીતે પૂનમ, અમાસ તથા એકાદશીના ઉપવાસો રાખીને તે પવિત્ર દિવસોએ શ્રી સદ્‌ગુરુજીની પૂજા-અર્ચા, નૈવેદ્ય આરતી વગેરે કરવાનું રાખવું. ખાસ જરૂર જણાય તો પૂજાવિધિ થઈ રહ્યા પછી પ્રસાદ તરીકે દૂધ ફળ વગેરેનો અલ્પાહાર લઈ શકાય. ઉપરોક્ત દિવસો ઉપરાંત શ્રી જન્માષ્ટમી. શ્રી દુર્ગાષ્ટમી તથા શ્રી શિવરાત્રિ વગેરે પર્વોના દિનોએ પણ ઉપરોક્ત વિધિથી ઉપવાસ કરવા.

ગૃહસ્થાશ્રમીઓએ આ પવિત્ર દિનોએ પોતપોતાની શક્તિ મુજબ કંઈ ને કંઈ દાનધર્મ પણ કરવો જોઇએ. એને માટે જેઓ સાધનસંપન્ન છે તેમણે **ભારત સેવાશ્રમ સંઘના** વિશ્વ-કલ્યાણકર સેવાકાર્ય માટે સંકલ્પ પૂર્વક નાનીમોટી બની શકે તેટલી રોકડ રકમ કિંવા અનાજનું દાન કાઢી રાખવું.

~~~~~~

સંયમ અને સદાચાર

સંયમ અને સદાચાર એ જ ધર્માકાંક્ષી તથા શાંતિ-પિપાસુ નરનારી-ઓનો સર્વશ્રેષ્ઠ ધર્મ છે. **સંયમ અને** સદાચાર જ **પાપ-પ્રલોભનોની** મોહભરી માયાજાળમાંથી બચાવી લે **છે.**
~~~~~~

સદ્‌ગુરુએ પ્રવર્તાવેલ સંયમ અને સદાચારના પાયા રૂપ રીતિ-નીતિનું જ્ઞાન મેળવવું હોય તો ગૃહસ્થીઓએ **ભારત સેવાશ્રમ સંઘ તરફથી પ્રકટ થએલું 'ગૃહસ્થ-ધર્મ'** નામનું પુસ્તક અવશ્ય વાંચવું.

બ્રહ્મચર્ય

न तपस्तप इत्याहुर्ब्रह्मचर्यं तपोत्तमम् ।
ऊर्ध्वरेता भवेत् यस्तु स देवो न तु मानुषः ॥

અર્થાત્ કે-બ્રહ્મચર્ય એ જ સર્વોત્તમ તપશ્ચર્યા છે. બ્રહ્મચર્યવ્રતનું યથાયોગ્ય પાલન કરનારો મનુષ્ય નહિ પણ દેવ છે.

એટલા માટે ધર્મજીવન પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનારે, શક્તિ તેમ જ શાન્તિની વાંચ્છા રાખનારે બ્રહ્મચર્યવ્રતનું યથાસાંગ પાલન કર્યે જ છૂટકો. બ્રહ્મચર્યહીન જીવનમાં સાધન-ભજન વગેરેથી કશો ય ફાયદો થતો નથી.

બાળકો તેમ જ યુવકોએ **ભારત સેવાશ્રમ સંઘ** તરફથી પ્રકટ થયેલ **બ્રહ્મચર્ય** નામના પુસ્તકમાં સંઘરાયલી, શ્રીસદ્‌ગુરુજીએ ઉપદેશેલી બ્રહ્મચર્યની સાધનપ્રણાલીનું પરિપાલન કરવાની તજવીજ રાખવી જોઈએ.

સ્વાધ્યાય

દરરોજ નિયમિત રીતે અગર તો ફુરસદ મળે ત્યારે સદ્‌ગ્રંથાદિનું વાંચન રાખવું જોઈએ. મનને નિરંતર સદ્વિચાર, સદ્‌ભાવના અને સત્યકાર્યમાં જ પરોવી રાખવું જોઈએ. આળસ, જડતા, પ્રમાદ, વિલંબ વગેરે અવગુણો વાટે જ પાપ મનુષ્યના હૃદયમાં દાખલ થઈ શકે છે. અને ખાસ કરીને તો જેમને શ્રી સદ્‌ગુરુજીનાં દર્શન, ઉપદેશ શ્રવણ અને આશીર્વાદ-

મેળવવાની તક રોજ મળતી નથી, તેમને માટે તો પોતીકા ધર્મભાવને નિરંતર જાગતો રાખવા ખાતર, સદ્ગ્રંથોનું વાંચન બિલકુલ આવશ્યક છે. આમ છતાં પુસ્તક-વાંચનની બાબતમાં પણ કાળજી રાખવાની રહે છે. સદ્ગુરુએ ઉપદેશેલા અમુક અમુક ગ્રંથોનું વાંચન જ હિતકારી ઠરે છે. ગીતાજી તથા ચંડીપાઠ થોડો થોડો મોઢે કરી જવાની આદત ખૂબ ઉપકારક થઈ પડશે. ભારત સેવાશ્રમ-સંઘ તરફથી પ્રકટ થયેલા—શ્રી સદ્ગુરુજીના ઉપદેશ વિષયક—બધાં જ પુસ્તકોનું વાંચન બેલાશક કરી શકાય.

સાધનાનો પંથ વિઘ્નથી ભરેલો છે

કહેવત છે કે 'श्रेयांसि बहुविघ्नानि । યાને શુભ કારજમાં વિઘ્નો અનેક. માનવીની મુક્તિસાધનાના માર્ગમાં પણ એવા અગણિત અંતરાયો ને વિઘ્નો આવી પડે છે. ઉપનિષદ્કાર ઋષિ તેથી જ સાધકને એક તરફથી સાવધ કરી દે છે કે—

क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत् ।

મહામુક્તિના પંથે વિચરવું એ અસ્ત્રાની તીણી ધાર પર ચાલવા જેવું દુર્ગમ કિવા કપરૂં છે.

અને બીજી તરફથી પાછું ગંભીર સૂરે ગાજી ગાજીને સાધકને પડકારે છે કે—

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।

—ઊઠો, જાગો અને પુરુષાર્થપૂર્વક ઇષ્ટ વસ્તુને પ્રાપ્ત કરીને જ જંપો !

સદ્ગુરુશ્રી આચાર્યદેવને શરણે જઈને મુક્તિસાધનાનો ઉપાય નક્કી કરી લ્યો !

સાધનાના પંથમાં અંતરાયો અને વિઘ્નો તો પુષ્કળ આવે છે.

અનેકાનેક સત્કૃત્યોને પરિણામે જ સદ્દગુરુનો આશ્રય માનવીને લાધી જાય છે. તે પછી કર્મોનું બંધન નવેસર નિર્માણ થતું નથી. પરંતુ પૂર્વ જન્મોનાં દુષ્કૃત્યોનો પ્રભાવ શરીર તથા મન ઉપર પડતો રહે છે. તેને લીધે સાધક નિજ શરીર–મનને સદ્દગુરુએ દાખવેલા સાધનમાર્ગે ચલાવવાની ચેષ્ટા કરે છે, ત્યારે વિવિધ પ્રકારનાં શારીરિક તેમ જ માનસિક વિઘ્નો, સંદેહો ને સંશયો. રોગો અને શોકો આવીને તેને ઘેરી વળે છે. આળસ, નિંદ્રા, તંદ્રા, પોચકાવેડા, જડતા, અનિચ્છા, નિરુત્સાહ, આધિ–વ્યાધિ ઈત્યાદિ ઈત્યાદિ આવી પહોંચીને ડગલે ને પગલે તેના સાધનાનુષ્ઠાનના માર્ગમાં દુર્ગમ અડચણો ઊભી કરે છે ધીરજપૂર્વક શ્રીસદ્દગુરુની કૃપા ઉપર ભરોસો રાખીને દૃઢ પગલે સાધનાપંથમાં આગળ વધતા રહેવાશે, તો ધીરે ધીરે બધાં જ વિઘ્નો સફાચટ થઈ જશે.

ધારો કે તમે સદ્દગુરુશ્રીએ નિર્દેષેલા જપધ્યાનમાં બેઠા છો, તે વખતે તમારામાં આળસ ભરાઈ આવે, કે ઊંઘનું ઘેન ચઢી આવે. કે કંટાળો આવતો લાગે, કે મન ચંચળ બનીને ઇધરઉધર ભટકવા લાગે, અગર તો એમ થઇ આવે કે આવી માથાફોડથી તે શો શુક્કરવાર વળવાનો છે ? તો એવે પ્રસંગે તમે જોજો સાધનાને છોડી દેવાની ભૂલ કરી બેસતા ! માંદગી વખતે જેમ પરાણે પરાણે પણ કડવાં ઓસડીયાં ખાવાં જ પડે છે, તેમ આવે વખતે પણ નિર્દિષ્ટ કર્મકાંડ અને જપધ્યાનાદિ કરતા જ રહેજો ! ધીરે ધીરે તમોને એમાં રસ પડવા માંડશે અને આનંદ પણ મળવા લાગશે અને પછી શરીર તથા મનના રજોગુણ અને તમોગુણમાં જેમ જેમ ઘટાડો થતો જશે તેમ તેમ મનની સ્થિરતા લાધતી જશે અને આખરે હૃદય ભક્તિ અને શ્રદ્ધાભાવથી ઉભરાવા માંડશે

વ્યાધિ એ એક જાતની ખાસ તપસ્યા છે

શારીરિક, વ્યાધિ, ઘણી વાર, સાધકના માર્ગમાં ભારે વિઘ્નકર્તા થઈ પડે છે. સદ્દગુરુશ્રીનો આશ્રય પામેલા દરેક જણે યાદ રાખવું ઘટે કે

શ્રી સદ્‌ગુરુનો આશ્રય જેને મળેલો છે, તેના વ્યાધિ ખરું જોતાં સાધારણ રોગ જેવો રોગ નથી હોતો, પણ એ તો સાધકની એક પ્રકારની તપસ્યા છે. એવા રોગ-કલેશ દ્વારા શરીરની તથા મનની અનેક પ્રકારની મલિનતા ધોવાઈ જાય છે. તેમ જન્મજન્માંતરોનાં અનેક પાપોનો ક્ષય થઈ જાય છે. માટે સાધકમાત્રે શારીરિક વ્યાધિને તથા માનસિક આધિ કહેતાં મનોવેદનાને તપસ્યારૂપ માનીને ધીરજપૂર્વક તે સહન કરી લેવી. શરીર તેમ જ મનના રજસ-તમસના ક્ષય સાથે એ આધિ-વ્યાધિનો પણ અંત આવી જાય છે.

જન્માંતરની દુષ્કૃતિઓ ગુરુશકિતના પ્રભાવથી ક્ષય પામે છે

શિષ્યના મનમાં અનેકવાર જાતજાતના સંશયો ઉદ્‌ભવવાનો સંભવ છેઃ સંભવ શું, ઉદ્‌ભવે પણ છે. જન્મજન્માંતરોના અનંત પાપોના ઢગલા આ જન્મની સાધારણ સાધનામાત્રથી એમ શેના ક્ષીણ થઈ જાય ? છતાં યાદ રાખવું ઘટે કે એક સાધારણ અમસ્થો તણખો બળતણના ગંજ ઉપર પડે તો તે ગુપ્ત રીતે ધીરે ધીરે વધારે ને વધારે ચેતતો જઈને આખરે આખા ય ઢગલાને ભસ્મસાત્ કરી નાખે છે, તેવી જ રીતે **શ્રી સદ્‌ગુરુએ દીધેલ શકિતયુક્ત મંત્રનું જપ અને નિર્દેશેલી સાધનાનું ભાવપૂર્વક અનુષ્ઠાન કરતાં રહેવાથી તેના યોગે અનંત જન્મોનાં સંચિત કર્મોનો નાશ થઈ જાય છે.** હજારો વર્ષોથી ભરાઈ બેઠેલું ઘોર અંધારું જેમ એક નાનકડા દીવાના તેજે જોતજોતામાં અલોપ થઈ જાય છે, તેમ જ સદ્‌ગુરુની કૃપાથી તેઓશ્રીએ દીધેલ શક્તિ યુક્ત સાધના મંત્રના યથાયોગ્ય જપ કરવા માંડતાંની સાથે જ ચિત્ત શુદ્ધ બની જઈને તેમાં જ્ઞાનનો પ્રકાશ

પડવા માંડે છે. એટલું જ નહિ, પણ તેની સાથે સાથે અંતરના તમામ મેલો અને અશુભ સંસ્કારો નાબૂદ થઈ જાય છે. માટે સદ્દગુરુ ઉપર ભરોસો રાખીને તેઓશ્રીએ દીધેલા મંત્ર અને દાખવેલી સાધન-પ્રણાલીનું યથાવિધ અનુષ્ઠાન કરવાની કોશિષ સાધક માત્રે, ધીરજ-પૂર્વક અવશ્ય કરતા રહેવી. જાત જાતની અડચણો અને અગવડોને કારણે યથાવિધિ અનુષ્ઠાન કરવાનું કોક કોક વાર અઘરું થઇ પડે છે; પણ તેવે પ્રસંગે ય તેને સમૂળું છોડી દેવું તો નહિ જ—માનસિક રીતે પણ અનુષ્ઠાન તો કરવું જ કરવું. વ્યાકુલ ચિત્તે અને પશ્ચાત્તાપપૂર્વક શ્રી સદ્દ-ગુરુના ચરણે થઇ ગયેલા અપરાધનું નિવેદન કરી દઇને શક્તિ તેમ જ અનુગ્રહ માટે પ્રાર્થના ગુજારવાથી ક્રમે ક્રમે સાધનાની શક્તિ વધતી જશે. ટૂંકામાં, શ્રીસદ્દગુરુએ દર્શાવેલ સાધનાનું અનુષ્ઠાન જેટલું થતું રહેશે, તેનું ફળ જીવનમાં તેટલું જ પ્રત્યક્ષ અનુભવી શકાશે.

શ્રી જગદ્દગુરુની પૂજા-પદ્ધતિ

જે લોકોને પ્રત્યક્ષરીતે કે પરોક્ષરીતે જગદ્દગુરુ શ્રીમદ્દ આચાર્ય દેવનો આશ્રય મેળવવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું છે, અગર તો આશ્રય લેવાનો જેમણે સંકલ્પ કર્યો છે, તેવા દરેક જણે ઉપાસના માટે એક અલાયદો ઓરડો નક્કી કરી રાખવો એ બહુ જરૂરનું છે. તેમ કરવાની જેમને ગુંજાશ હોય તેમણે તો અવશ્ય એમ કરવું જ. જેમનાથી એવી સ્વતંત્ર જોગવાઈ કરી શકાય તેમ ન જ હોય, તેમણે કંઇ નહિ તો પોતાના રહેઠાણનો અમુક એક ખૂણો ઉપાસના માટે નક્કી કરીને તેને ઘરના બીજા ભાગથી એક પડદાની ઓથ કરીને પણ અલાયદો પાડી દેવો, કે જેથી ઉપાસનાદિ કર્માનુષ્ઠાનો કોઈ પણ પ્રકારની ડખલગીરી વગર શાંતિપૂર્વક

પાર પાડી શકાય. ઇચ્છા હોય તો એ અલાયદા પાડેલા ભાગને દેવદેવીઓની સારી સારી છબીઓ વગેરેથી શણગારી રાખવો. કે જેથી કરીને એ ભાગમાં પ્રવેશતાં બરાબર મનમાં અને દિલમાં પવિત્ર ધર્મભાવો ઉભરાઈ ઊઠે.

એ ઉપાસના ખંડમાં એક સ્થળે એક ઊંચા બાજઠ કે ઊંચી ગાદી ઉપર જગદ્ગુરુ શ્રી આચાર્ય દેવની મૂર્તિ યા છબી પધરાવવી. એ મૂર્તિ યા છબી સમક્ષ તેઓશ્રીની પાદુકા પણ પધરાવવી. ધૂપદીપ દ્વારા એ ખંડને સુવાસિત રાખવો. દરરોજ ઠરાવેલે વખતે એ ઉપાસના ખંડમાં શાંત ચિત્તે બેસીને આદેશ મુજબની સાધના કરવી. એ ખંડમાં બેઠા હો ત્યાં લગી કોઈ પણ જાતના સાંસારિક વિચારો કે વાર્તાલાપ કરવા નહિ. ઉપાસના માટે ઠરાવેલા સમય સિવાયના સમયે એ ખંડ બંધ જ રાખવો.

જેમનાથી બની શકે તેમણે રોજ અગાઉ કહેલા આસને—પદ્માસને બેસીને આચાર્ય દેવની પૂજા-અર્ચા-આરતી વગેરે કરવું. જેમનાથી એ પ્રમાણે કરવાનું બની શકે તેમ ન હોય, તેમણે નિદાન પ્રત્યેક પૂનમ, અમાસ તથા અગિયારસ ઉપરાંત જન્માષ્ટમી, શિવરાત્રી અને દુર્ગાઆઠમ વગેરે ખાસ પર્વણીના દિવસોએ તો ઉપવાસી રહીને વિધિ મુજબ પૂજન અર્ચન વગેરે કરવાં જ કરવાં. પૂજાની વિધિ સંઘપ્રકાશિત **"પૂજા ઉપાસના પદ્ધતિ"** નામની પુસ્તિકામાં આપવામાં આવી છે.

श्री गुरुगीता

गुकारश्चान्धकारः स्याद् रुकारस्तन्निरोधकः ।
अंधकारनिरोधित्वाद् गुरुरित्यभिधीयते ॥१॥

यदंघ्रिकमलद्वन्द्वं दुःखतापनिवारकम् ।
तारकं विपदां वन्दे श्रीगुरुं प्रणमाम्यहम् ॥२॥

दुर्लभं त्रिषु लोकेषु तच्छृणुष्व वदाम्यहम् ।
किञ्चित् गुरुं विना नान्यत् सत्यं सत्यं वरानने ॥३॥

तल्लाभार्थं प्रयत्नं हि कर्तव्यञ्च मनीषिभिः ।
गूढा विद्या जगन्माया देहमज्ञानसम्भवम् ॥४॥

---

૧. ગુ=અજ્ઞાનરૂપી અંધકાર : રુ=અંધકારનાશક. એટલે ગુરુ=અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાવાળો.

૨. જેના ચરણ કમળો દુઃખ-તાપનું નિવારણ કરવાવાળા તથા વિપદમાંથી ઉગારી લેનાર છે એવા શ્રી ગુરુદેવને પ્રણામ કરૂં છું.

૩. ગુરુગીતા ત્રિલોકમાં દુર્લભ છે. બ્રહ્માંડભરમાં ગુરુ સિવાય બીજું કશું જ સત્ય નથી, એમ ખાત્રીથી માનજો.

૪. સંસાર માયામય છે; આત્મજ્ઞાન કષ્ટસાધ્ય છે; દેહની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી થઇ છેઃ આ વાત યથાર્થ પિછાની લઇને બુદ્ધિમાન લોકો ગુરુ મેળવવાની—ગુરુ કરી દેવાની સવેળા તજવીજ કરે એ જ ઉચિત.

यज्ञव्रततपोदानं जपतीर्थानुसेवनम् ।
गुरुतत्त्वमविज्ञाय निष्फलं नात्र संशयः ॥५॥

सर्वपापविशुद्धात्मा श्रीगुरोः पादसेवनात् ।
सर्वतीर्थावगाहानां फलं प्राप्नोति निश्चितम् ॥६॥

गुरुपादोदकं सम्यक् संसारार्णवतारणम् ।
अज्ञानमूलहरणं जन्मकर्मनिवारणम् ॥७॥

ज्ञानवैराग्यसिद्ध्यर्थं गुरुपादोदकं पिवेत् ।
गुरुबुद्ध्यात्मनो नान्यत् सत्यं सत्यं वदाम्यहम् ॥८॥

---

૫. યજ્ઞ, વ્રત, તપસ્યા, દાન, જપ તીર્થ ઈત્યાદિ દ્વારા જો ગુરુ ઉપર પ્રેમભક્તિ ન પ્રગટે, તો તો એ બધું જ વ્યર્થ સમજવું.

૬. સદ્‌ગુરુની પાદસેવા દ્વારા પાપશૂન્ય બની જનારો સાધક સકળ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ પામે છે.

૭. શ્રી ગુરુજીનું ચરણામૃત સંસાર રૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરનારું બને છે; કારણ કે તે અજ્ઞાનની જડનો નાશ કરે છે અને જન્મ કર્મનું નિવારણ કરે છે.

૮. આત્મજ્ઞાન તથા વૈરાગ્યની પ્રાપ્તિ માટે શિષ્યે શ્રી ગુરુનું ચરણામૃત પીવું. સાચું જ કહું છું કે ગુરુ વિના અન્ય ગતિ જ નથી.

गुरुपादोदकं पेयं गुरोरुच्छिष्टभोजनम् ।
गुरुमूर्तेः सदा ध्यानं गुरुस्तोत्रं सदा जपेत् ॥९॥

काशीक्षेत्रो निवासोऽस्य जाह्नवी चरणोदकम् ।
गुरुर्विश्वेश्वरः साक्षात् तारकं ब्रह्म निश्चितम् ॥१०॥

गुरुपादाम्बुजं स्मृत्वा जलं शिरसि दापयेत् ।
शिरः पादांकितं कृत्वा गयासु चाक्षयो वटः ॥११॥

तीर्थराजः प्रयागोऽसौ गुरुमूर्तै नमो नमः ।
गुरुमूर्तिं स्मरेन्नित्यं गुरुनाम सदा जपेत् ॥१२॥

---

૯. ગુરુદેવનું ચરણામૃત લેતા રહેવું, શ્રી ગુરુદેવની ઉચ્છિષ્ટ પ્રસાદી લેવી, શ્રી ગુરુમૂર્તિનું નિરંતર ધ્યાન ધરવું તથા શ્રી ગુરુસ્તોત્રનો પાઠ કરતા રહેવું.

૧૦. જે સ્થળે શ્રી સદ્ગુરુ રહેતા હોય, તે સ્થળ કાશી તુલ્ય છે, શ્રીગુરુનુ ચરણામૃત ગંગાજળ સમાન છે, શ્રીગુરુજી સાક્ષાત વિશ્વેશ્વર છે—રે ! તારક બ્રહ્મ છે.

૧૧. શ્રીગુરુના ચરણારવિંદોના સ્મરણપૂર્વક માથા પર જળ—રેડવાથી તથા શ્રી ગુરુચરણની મસ્તક પર છાપ લેવાથી ગયાજીના અક્ષય વડ જેવા પવિત્ર બની જવાય છે.

૧૨. શ્રી ગુરુજીને સ્વયં શ્રી તીર્થરાજ પ્રયાગ સમજવા. શ્રી ગુરુ—ચરણોમાં વારંવાર નમસ્કાર કરીને સર્વદા ગુરુમૂર્તિનું સ્મરણ કરવું તથા ગુરુનામનો જાપ હરહંમેશ કરવો.

गुरोराज्ञां प्रकुर्वीत गुरोरन्य न भावयेत् ।
गुरुवक्त्रे स्थितं ब्रह्म प्राप्यते तत्प्रसादतः ॥१३॥

गुरुर्मूर्तेः सदा ध्यानं यथा स्वामिनि योषितः ।
स्वाश्रमोक्तां स्वजातिञ्च स्वकीर्ति पुष्टिवर्धिनीम् ॥१४॥

अन्यत् सर्वं परित्यज्यं गुरोरन्यं न भावयेत् ।
गुरुवक्त्रे स्थिता विद्या गुरुभक्त्यानुलभ्यते ॥१५॥

तस्मात् सर्वप्रयत्नेन गुरोराराधनं कुरु ।
गुरुवक्त्रे स्थितं ब्रह्म गुरुभक्त्या च लभ्यते ॥१६॥

---

૧૩. શ્રી ગુરુ આજ્ઞાનું સદા સર્વદા પ્રતિપાલન કરવું; ગુરુ વિના કોઈનું ચિંતન કરવું નહી; ગુરુમુખમાં સાક્ષાત્ બ્રહ્માનો વાસ હોય ગુરુપ્રસાદ લીધાથી બ્રહ્મપ્રાપ્તિનો લાભ મળે છે.

૧૪. સ્ત્રી જેમ હરહમેશ સ્વામીના જ વિચારમાં મશગુલ રહ્યા કરે છે, તેમ એવા જ અનુરાગ અને એવી જ એકાગ્રતાપૂર્વક શ્રીગુરુમૂર્તિનું ચિંતવન કરવું તથા ધ્યાન ધરવું. સાંસારિક ઇતર સઘળી ઐહિક કામનાઓ અને તેની પૂર્તિ માટેના સઘળા કર્મકાંડોનો પરિત્યાગ કરી દેવો જોઈએ.

૧૫. ગુરુ સિવાયનું બધું જ ત્યાજ્ય સમજવું. ગુરુ સિવાય બીજા કશાયનો વિચાર સુદ્ધાં કરવો નહિ. ગુરુમુખમાં જ બ્રહ્મવિદ્યાનો વાસ છે, અને તે ગુરુભક્તિના પ્રભાવે જ મેળવી શકાય છે.

૧૬. શ્રી ગુરુમુખમાં બ્રહ્મનો વાસ હોય તે ગુરુભક્તિ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. એટલા માટે બની શકે તેટલા બધા જ પ્રયત્નોથી શ્રી ગુરુદેવને આરાધવા.

गुकारश्चांधकारः स्यादुरुकारस्तेज उच्यते ।
अज्ञाननाशकं ब्रह्म गुरुरेव न संशयः ॥१७॥

गुकारः प्रथमो वर्णो मायादिगुणभासकः ।
रुकारो द्वितीयो ब्रह्म मायाभ्रान्तिविमोचकः ॥१८॥

संसारवृक्षमोरूढाः पतन्ति नरकार्णवे ।
येनोध्धृतमिदं विश्वं तस्मै श्रीगुरवे नमः ॥१९॥

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मिलितं येन तस्मै श्रीगुरवे नमः ॥२०॥

---

૧૭. "ગુ"=અંધકાર, અને રુ=તેજ: એટલે ગુરુ એ અજ્ઞાનનાશક તેજ સ્વરૂપ પરબ્રહ્મ છે, એમાં જરાય સંદેહ નહિ.

૧૮. "ગુ"=માયાદિ ગુણોનો પ્રકટ કર્તા બ્રહ્મ, અને "રુ"=માયાભ્રાન્તિનું વિમોચન કરનાર બ્રહ્મ; એટલે ગુરુ એ સગુણ તેમ નિર્ગુણ ઉભય પ્રકારનો બ્રહ્મ છે.

૧૯. સંસાર રૂપી વૃક્ષ પર ચઢેલાંઓ નરકગામી બને છે. એવા આ વિશ્વ સમસ્તનો ઉદ્ધાર કરવાવાળા શ્રી ગુરુને નમસ્કાર હજો!

૨૦. અજ્ઞાન રૂપી તિમિરથી અંધ બનેલાંઓને જ્ઞાનરૂપી સુરમાની સળી આંજીને દેખતાં કરનાર શ્રી ગુરુજીને નમસ્કાર!

अखण्डमण्डलाकारं व्याप्तं येन चराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥२१॥

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुरेव परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥२२॥

सर्वश्रुतिशिरोरत्नविराजितपदाम्बुजम् ।
वेदान्ताम्बुजसूर्याय तस्मै श्रीगुरवे नमः ॥२३॥

स्थावरं जंगमं व्याप्तं यत्किञ्चित् सचराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥२४॥

---

૨૧. સચરાચર અખંડ ભૂમંડળને વ્યાપી રહેલા એ પરમ બ્રહ્મના પદને બતાવનારા શ્રી ગુરુદેવને નમસ્કાર !

૨૨. ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ ભગવાન મહેશ્વર છે, અને ગુરુ એ જ પરંબ્રહ્મ છે–એવા શ્રી ગુરુ મહારાજને નમસ્કાર !

૨૩. સર્વ શ્રુતિઓના મુકુટમણિ જેમના ચરણકમળનો ધારણ કરે છે, વેદાન્ત-રૂપી કમળના જે ઉપાસ્ય સૂર્યસ્વરૂપ છે એવા શ્રી ગુરુદેવને નમસ્કાર.

૨૪. સ્થાવર, જંગમ—સચરાચર તમામ જેનાથી વ્યાપ્ત એવા શ્રી પરબ્રહ્મના પદને બતાવનારા શ્રી ગુરુજીને નમસ્કાર !

चिन्मयं व्यापितं सर्वं त्रैलोक्यं सचराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥२५॥

चैतन्यं शाश्वतं शान्तं व्योमातीतं निरंजनम् ।
बिन्दुनादकलातीतं तस्मै श्रीगुरवे नमः ॥२६॥

यस्य स्मरणमात्रेण ज्ञानमुत्पद्यते स्वयम् ।
स एव सर्वसम्पन्नः तस्मै श्रीगुरवे नमः ॥२७॥

स्थावरं निर्मलं शान्तं जंगमं स्थिरमेव च ।
व्याप्तं येन जगत् सर्वं तस्मै श्रीगुरवे नमः ॥२८॥

---

૨૫. ત્રિલોકના સચરાચર સર્વમાં વ્યાપી રહેલા જ્ઞાન સ્વરૂપ પરબ્રહ્મના પદનું દર્શન કરાવનાર શ્રી ગુરુદેવને નમસ્કાર !

૨૬. ચૈતન્ય સ્વરૂપ, શાશ્વત, શાંત, વ્યોમથી પણ પર, નિરંજન અને બિંદુનાદ કલાથી–ૐ કારથી પણ પર એવા શ્રી પરબ્રહ્મ સ્વરૂપ શ્રી ગુરુને નમસ્કાર !

૨૭. જેના સ્મરણમાત્રથી જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે, અને જે પોતે સર્વસંપન્ન છે એવા શ્રી ગુરુદેવને નમસ્કાર !

૨૮. સ્થાવર, જંગમ, નિર્મળ, શાંત, સ્થિર એવા જગત સમસ્તમાં વ્યાપી રહેલા શ્રી પરાત્પર પરમાત્મા સ્વરૂપ શ્રી ગુરુમહારાજને નમસ્કાર !

ज्ञानशक्तिसमारूढं तत्त्वमालविभूषितम् ।
भुक्तिमुक्तिप्रदातारं तस्मै श्रीगुरवे नमः ॥२९॥

अनेकजन्मसंप्राप्तकर्मबन्धविदाहिने ।
आत्मज्ञानप्रदानेन तस्मै श्रीगुरवे नमः ॥३०॥

शोषणं भवसिन्धोश्च प्रापनं सारसंपदाम् ।
गुरोः पादोदकं सम्यक् तस्मै श्रीगुरवे नमः ॥३१॥

न गुरोरधिकं तत्त्वं न गुरोरधिकं तपः ।
तत्त्वज्ञानात् परं नास्ति तस्मै श्रीगुरवे नमः ॥३२॥

---

૨૯. જ્ઞાનશક્તિ પર આરૂઢ થયેલા તત્ત્વમાળાથી વિભૂષિત થયેલા તથા સાંસારિક સુખ અને પારમાર્થિક મુક્તિ એ બંનેને દેવાવાળા શ્રી ગુરુજીને નમસ્કાર !

૩૦. અનેક જન્મજન્માંતરોનાં સંચિત કર્મબંધનોને આત્મજ્ઞાનની બક્ષિસથી બાળી દેનાર શ્રી ગુરુદેવને નમસ્કાર !

૩૧. શ્રી ગુરુ જ ભવસિંધુનું શોષણ કરી જનાર છે અને એમનું પાદોદક સુખસંપત્તિને પ્રાપ્ત કરાવનાર છે; એવા શ્રી ગુરુદેવને નમસ્કાર !

૩૨. તત્ત્વજ્ઞાનથી ચઢિયાતું કશું જ નથી; પણ ગુરુથી ચઢિયાતું નથી; એ તત્ત્વજ્ઞાન કે નથી તપ; એવા શ્રી ગુરુમહારાજને નમસ્કાર !

मन्नाथः श्रीजगन्नाथो मद्गुरुः श्रीजगद्गुरुः ।
मदात्मा सर्वभतात्मा तस्मै श्रीगुरवे नमः ॥३३॥

गुरुरादिरनादिश्च गुरुः परमदेवता ।
गुरोः परतरं नास्ति तस्मै श्रीगुरवे नमः ॥३४॥

गुरुरेव जगत् सर्वं ब्रह्माविष्णुशिवात्मकम् ।
गुरोः परतरं नास्ति तस्मै श्रीगुरवे नमः ॥३५॥

ज्ञानं विना मुक्तिपदं लभते गुरुभक्तितः ।
गुरोः परतरं नास्ति ध्येयोऽसौ गुरुमार्गिणा ॥३६॥

---

૩૩. સદ્ગુરુ એ જગદ્ગુરુ હોઇ મારા તેમ જ જગત સમસ્તના ધણીરણી છે, એટલું જ નહિ પણ મારો તેમજ પ્રાણીમાત્રનો આત્મા છે: એવા શ્રી સદ્ગુરુને નમસ્કાર !

૩૪. ગુરુ આદિ તેમ જ અનાદિ હોઇ ગુરુ પરમ દેવતા છે: ગુરુથી ચઢિયાતું કોઈ જ નથી. માટે શ્રી ગુરુદેવને નમસ્કાર !

૩૫. ગુરુ એ જ જગત સમસ્ત હોઇ, બ્રહ્મા વિષ્ણુ અને સદાશિવ પણ ગુરુ જ છે: ગુરુથી ચઢિયાતું કોઈ જ નથી: એવા શ્રી ગુરુજીને નમસ્કાર !

૩૬. ગુરુની ભક્તિ કરવાથી જ્ઞાનની સાધના કર્યા વગર મુક્તિપદ પમાય છે. ગુરુથી ચઢિયાતું કોઈ જ નથી: ગુરુજીનું ધ્યાન ગુરુમાર્ગીઓએ નિત્ય કરવું.

ॐ नमः श्रीभगवते प्रणवाय

ॐ प्रणमामि प्रणवानन्दम्।

धृतनर-विग्रह-हत-नर-निग्रह – विलसित-ब्रह्मानन्दम् ॥

ललित-सुशान्तम् सुगंभीरकान्तं सुवेशमनोहर-भान्तम् ।
हास्यसुरञ्जित-लास्य-सुवञ्चित – विश्वप्रेमान्वितकान्तम् ॥

सुजटशिरोरुह – सुपटसमारोह-सुंदरकन्धरयुक्तम् ।
नयनसुलोहित – अयनविमोहित-वदनसमाहितचित्तम् ॥

आननसुधाकर-श्रवणसुधाधार—वचनसुधासार—भारम् ॥
वक्षोविलम्बित – सख्यसुलम्बित—लक्षप्रेमान्वितहारम् ॥

भक्तमनोमद – रक्तकोकनद—श्रीपद—द्विपद – संघम् ।
सुरनरवांच्छित-पीयूषसिञ्चित—अनंगगञ्चित—अंगम् ॥

त्रिशूलशोभित – दण्डविमण्डित—खण्डितभण्डप्रसंगम् ।
भक्तसुवत्सल — रक्तजनोच्छ्वल – व्यक्तप्रेमोज्ज्वलरंगम् ॥

त्वमसि मे शरणं त्वमसि मे जीवनं चरणसेवनसुखसारम् ।
करुणया स्वीकुरु त्वं हि जगद्गुरु तारय भवभयपारम् ॥

ॐ तत्सत् ॐ ॥

૨૦	ગણપતિ પૂજાનું રહસ્ય....	૦-૨-૦
૨૧	હિંદુવટની જાગૃતિ ...	૦-૨-૦
૨૨	હિંદુ જાતિનું સંગઠન....	(હવે પછી)
૨૩	હિંદુત્વનો પુનરુદ્ધાર	”
૨૪	હિંદુત્વનો દિગ્વિજય....	(હવે પછી)
૨૫	હિંદુત્વ	”
૨૬	ધાર્મિક ધાડ (મિશનરીઓનું ડારસ્તાન)....	”
૨૭	આર્ય સન્નારી	”
૨૮	આધ્યાત્મિક સાધનાને પથે	”
૨૯	યુગાચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજીનું જીવન સચિત્ર	”
૩૦	યુગાચાર્યશ્રીનું ઉપદેશામૃત	”
૩૧	હિંદુ ધર્મની વિશિષ્ટતાઓ	”

卐

વ્યક્તિગત ઉપદેશ માટે લખો યા મળો :—

સ્વામીશ્રી અદ્વૈતાનંદજી

: મંત્રી :

ગુજરાત હિંદુ મિલન મંદિર,
ભારત સેવાશ્રમ સંઘ,
એની એસન્ટ રોડ,
ગોપીપુરા, સુરત.

ભારત સેવાશ્રમ સંઘ,
કલ્યાણ નગર સોસાયટી,
નરોડા રોડ, અમદાવાદ.

—"કઠોર તપની સાધનાથી આ શરીરમાં અને આ જીવનમાં જે મહાશક્તિનો આવિર્ભાવ થયો છે તે જ મહાશક્તિ સમગ્ર માનવજાતિને મહાશક્તિ તથા મહામુક્તિ આપવાને સમર્થ છે. જાઓ, ભારતના ઘરેઘરમાં, અને બધાંઓને આ મહાશક્તિના આશ્રયમાં લાવો!"—

—યુગાચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજ

—"જે લોકો સંયમ અને બ્રહ્મચર્યદ્વારા મનુષ્યત્વની પ્રપ્તિ માટે સાધન કરે છે, તે લોકો મને પ્રાણ કરતાં વધારે પ્રિય છે. જ્યારે, જે વખતે, જે અવસ્થામાં તેઓ હશે, ત્યારે તે જ અવસ્થામાં, તેમને મારી સહાયતા મળશે. મારી શક્તિ કવચ સમાન સદા તેમની રક્ષા કરશે.

—યુગાચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજ